કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકો માટે યોજવામાં

આવતી સેવાકાલીન તાલીમ પ્રત્યેના અભિપ્રાયોનો અભ્યાસ

# A Study of the Primary Teachers Opinions of In-Service Training in Kalol Taluka

A

DISSERTATION

SUBMITTED TO THE SARDAR PATEL UNIVERSITY,
VALLABH VIDYANAGAR IN PARTIAL FULFILLMENT OF REQUIREMENT
FOR THE DEGREE OF

# Master of Education


By

PATEL VIMAL

Supervisor

DR. SULABHA NATRAJ

## Waymade College of Education

SARDAR PATEL UNIVERSITY,
VALLABH VIDYANAGAR, ANAND- 388120


MARCH – 2012

# Certificate

Certified that the work incorporated in the Dissertation bearing the title

**A STUDY OF THE PRIMARY TEACHERS OPINIONS OF IN-SERVICE TRAINING IN KALOL TALUKA**

Submitted by

**PATEL VIMAL**

Comprises the result of an independent and original investigation carried out. The materials obtained (and used) from the other sources have been duly acknowledged in the Dissertation.

**Date:** **Research Scholar**

**PLACE** **PATEL VIMAL**

Certified that the work mentioned above is carried out under my guidance

**Date:** **Research Guide:**

**PLACE:** **DR. SULABHA NATRAJ**

# Certificate of Approval

This Dissertation directed and supervised by the candidate's guide has been accepted by

**WAYMADE COLLEGE OF EDUCATION,**

Sardar Patel University, Vallabh Vidyanagar, Anand.

In partial fulfillment of the requirement

of the degree of

# Master of Education

Title

## A STUDY OF THE PRIMARY TEACHERS OPINIONS OF IN-SERVICE TRAINING IN KALOL TALUKA

**By** | **Supervisor**

**PATEL VIMAL** | **DR. SULABHA NATRAJ**

**DATE:**

**PRINCIPAL**

**WAYMADE COLLEGE OF EDUCATION**

# ઋણ સ્વીકાર

**“સાંપડી સિધ્ધિ,આંબી સીમ,આભાર પ્રભુ**

**સાફલ્ય મારું તેમના સહકારના સહારે ઉભું”**

અનેક સાસ્વત મહાનુભવોના પ્રત્યક્ષ અને પરોક્ષ સહકારથી પ્રસ્તુત લઘુનિબંધ તૈયાર થયેલ છે. પરિશ્રમરૂપી પારસમણિના સહારે અજ્ઞાનને જ્ઞાનજ્યોતમાં પ્રજ્વલિત કરવાનું કાર્ય સૌ કોઇની અભિપ્રેરણાના માર્ગદર્શનથી જ શક્ય બને છે.

પ્રસ્તુત સમસ્યાના અભ્યાસ માટે સદા–સર્વદા મારા પથદર્શક બની રહીને આ પ્રયાસની સફળતા માટે પ્રેરણા અને પ્રોત્સાહનના પિયુષ સિંચનાર મારા માર્ગદર્શક ડાઁ.સુલભા નટરાજ મેડમનો હું હ્દય પૂર્વક આભાર માની ઋણસ્વીકાર કરુ છું.

આ સંશોધનમાં પ્રેરણા આપનાર એમ.એડ.વિભાગના તમામ ગુરુજનોએ તથા જરૂરી અનુકૂળતાઓ પૂરી પાડી સર્વાંગી સહયોગ બક્ષનાર ઘરના સભ્યોનો હું અંતઃકરણ પૂર્વક આભાર માનુ છું.

અંતમાં આ સંશોધનમાં સહભાગી બનનાર યશકલગીરૂપ મારા સાથી મિત્રોનો તથા પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે મદદરૂપ થનાર સર્વેનો હ્દયપૂર્વક આભાર માનું છું.

વલ્લભ વિદ્યાનગર સંશોધન કર્તા

તારીખઃ વિમલ.પી.પટેલ

# અનુક્રમણિકા


| પ્રકરણ ક્રમાંક | શીર્ષક | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| | નામાભિધાન પૃષ્ઠ | I |
| | સ્વીકૃતિ પ્રમાણપત્ર | II |
| | ઋણ સ્વીકાર | IV |
| | અનુક્રમણિકા | V-VII |
| | સારણીસૂચિ | VIII-IX |
| 1 | **સંશોધન સમસ્યાનો પરિચય** | 1–10 |
| | 1.1 પ્રસ્તાવના | 2 |
| | 1.2 સમસ્યાકથન | 4 |
| | 1.3 શીર્ષકમાં આવતા શબ્દોની સમજ | 4 |
| | 1.4 અભ્યાસના હેતુઓ | 5 |
| | 1.5 અભ્યાસના પ્રશ્નો | 6 |
| | 1.6 અભ્યાસનું મહત્ત્વ | 7 |
| | 1.7 સંશોધનનું ક્ષેત્ર | 7 |
| | 1.8 સંશોધન પ્રકાર | 8 |
| | 1.9 અભ્યાસનો વ્યાપ | 9 |
| | 1.10 અભ્યાસની મર્યાદાઓ | 9 |
| | 1.11 આગામી પ્રકરણોની રૂપરેખા | 10 |
| 2 | **સંદર્ભ સાહિત્યની સમીક્ષા** | 12–32 |
| | 2.1 પ્રસ્તાવના | 12 |
| | 2.2 સંશોધન માટેના સૈદ્ધાંતિક આધારો | 13 |
| | 2.2.1 સી.આર.સી.ની સંકલ્પના | 13 |
| | 2.2.2 સી.આર.સી.નું બંધારણ | 13 |
| | 2.2.3 સી.આર.સી અને શિક્ષક–પ્રશિક્ષક | 14 |

| | | |
|---|---|---|
| | 2.2.4 સેવાકાલીન તાલીમનું સ્વરૂપ | 14 |
| | 2.2.5 સેવાકાલીન તાલીમના હેતુઓ | 15 |
| | 2.2.6 સેવાકાલીન તાલીમનું મહત્ત્વ | 15 |
| | 2.2.7 સેવાકાલીન તાલીમનું વ્યવસ્થાપન | 16 |
| | 2.3 સંશોધનના વ્યવહારુ આધારો | 16 |
| | 2.4 સમીક્ષા માટે સંશોધનની લાક્ષણિકતાઓનું વિશ્લેષણ | 31 |
| | 2.5 પ્રસ્તુત સંશોધનની વિશેષતા | 32 |
| 3 | **સંશોધન યોજના અને તેના આધારો** | 33–47 |
| | 3.1 પ્રસ્તાવના | 34 |
| | 3.2 વિષયનો ઉદ્‌ભવ | 34 |
| | 3.3 વ્યાપવિશ્વ | 34 |
| | 3.4 નમૂનો | 35 |
| | 3.5 સંશોધન પદ્ધતિ | 38 |
| | 3.6ઉપકરણ સંરચના | 41 |
| | 3.7 માહિતીનું એકત્રીકરણ | 46 |
| | 3.8 માહિતી પૃથક્કરણની પ્રવિધિ | 46 |
| 4 | **માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન** | 48–82 |
| | 4.1 પ્રસ્તાવના | 49 |
| | 4.2 માહિતીનું સ્વરૂપ અને પૃથક્કરણની રીત | 49 |
| | 4.3 સેવાકાલીન તાલીમ પ્રત્યેના શિક્ષકોના અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટન | 50 |
| | 4.5 સેવાકાલીન તાલીમ પ્રત્યેના આચાર્યોના અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટન | 74 |
| | 4.6 સેવાકાલીન તાલીમ પ્રત્યેના આયોજકો (સી.આર.સી)ના અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટન | 78 |

| | | |
|---|---|---|
| 5 | **સારાંશ, તારણો, શૈક્ષણિક ફલિતાર્થો અને ભાવિ સંશોધન અંગેની ભલામણો** | **83–88** |
| | 5.1 પ્રસ્તાવના | **84** |
| | 5.2 સારાંશ | **84** |
| | 5.3 તારણો | **85** |
| | 5.4 શૈક્ષણિક ફલિતાર્થો | **87** |
| | 5.5 ભાવિ સંશોધન અંગેની ભલામણો | **87** |
| | **સંદર્ભસૂચિ** | I |
| | **પરિશિષ્ટ** | VII-VII |

## સારણી સૂચિ


| સારણી ક્રમાંક | સારણીની વિગત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| 3.1 | નમૂનામાં પસંદ થયેલ શિક્ષકો | 36-37 |
| 3.2 | નમૂનામાં પસંદ થયેલ આચાર્યો | 38 |
| 3.3 | નમૂનામાં પસંદ થયેલ આયોજકો | 38 |
| 3.4 | પ્રાથમિક સ્વરૂપની અભિપ્રાયાવલિ | 44 |
| 3.5 | અંતિમ સ્વરૂપની અભિપ્રાયાવલિના વિભાગો અને વિધાનોની સંખ્યા | 45 |
| 4.1 | તાલીમના સમયને અનુલક્ષીને મળેલ અભિપ્રાયોની આવૃતિઓનું પૃથક્કરણ અને અર્થઘટન | 50 |
| 4.2 | તાલીમનું સ્થળ અને વ્યવસ્થાને અનુલક્ષીને મળેલ અભિપ્રાયોની આવૃતિઓનું પૃથક્કરણ અને અર્થઘટન | 53 |
| 4.3 | તજજ્ઞીય પાસાને અનુલક્ષીને મળેલ અભિપ્રાયોની આવૃતિઓનું પૃથક્કરણ અને અર્થઘટન | 56 |
| 4.4 | તાલીમી કાર્યક્રમને અનુલક્ષીને મળેલ અભિપ્રાયોની આવૃતિઓનું પૃથક્કરણ અને અર્થઘટન | 58 |
| 4.5 | તાલીમી ફાયદાને અનુલક્ષીને મળેલ અભિપ્રાયોની આવૃતિઓનું પૃથક્કરણ અને અર્થઘટન | 61 |
| 4.6 | અધ્યાપનીય વિષયોને અનુલક્ષીને મળેલ અભિપ્રાયોની આવૃતિઓનું પૃથક્કરણ અને અર્થઘટન | 64 |
| 4.7 | શૈક્ષણિક પ્રવૃતિઓને અનુલક્ષીને મળેલ અભિપ્રાયોની આવૃતિઓનું પૃથક્કરણ અને અર્થઘટન | 66 |
| 4.8 | શૈક્ષણિક પધ્ધતિઓને અનુલક્ષીને મળેલ અભિપ્રાયોની આવૃતિઓનું પૃથક્કરણ અને અર્થઘટન | 67 |
| 4.9 | શૈક્ષણિક ઉપકરણને અનુલક્ષીને મળેલ અભિપ્રાયોની આવૃતિઓનું પૃથક્કરણ અને અર્થઘટન | 69 |
| 4.10 | શૈક્ષણિક સમસ્યાને અનુલક્ષીને મળેલ અભિપ્રાયોની આવૃતિઓનું પૃથક્કરણ અને અર્થઘટન | 70 |

| | | |
|---|---|---|
| **4.11** | વ્યાવસાયિક સજ્જતાને અનુલક્ષીને મળેલ અભિપ્રાયોની આવૃતિઓનું પૃથક્કરણ અને અર્થઘટન | **73** |
| **4.12** | સેવાકાલીન તાલીમને અનુલક્ષીને મળેલ આચાર્યોના અભિપ્રાયોની આવૃતિઓનું પૃથક્કરણ અને અર્થઘટન | **75** |
| **4.13** | સેવાકાલીન તાલીમને અનુલક્ષીને મળેલ આયોજકોના અભિપ્રાયોની આવૃતિઓનું પૃથક્કરણ અને અર્થઘટન | **79** |

# પ્રકરણ 1

# સંશોધન સમસ્યાનો પરિચય

1.1 પ્રસ્તાવના

1.2 સમસ્યા કથન

1.3 શીર્ષકમાં આવતા શબ્દોની સમજ

1.4 અભ્યાસના હેતુઓ

1.5 અભ્યાસના પ્રશ્નો

1.6 અભ્યાસનું મહત્ત્વ

1.7 સંશોધન ક્ષેત્ર

1.8 સંશોધનનો પ્રકાર

1.9 અભ્યાસનો વ્યાપ

1.10 અભ્યાસની મર્યાદાઓ

1.11 આગામી પ્રકરણોની રૂપરેખા

# પ્રકરણ 1

# સંશોધન સમસ્યાનો પરિચય

## 1.1 પ્રસ્તાવના

એકવીસમી સદીના જ્ઞાનના ક્ષેત્રે હરણફાળ ભરતા આ ઝડપી યુગમાં સમયની સાથે શિક્ષણમાં પણ વિશેષ ફેરફાર થયા છે. આજે શિક્ષણમાં વિજ્ઞાન, ટેકનોલોજી, મનોવિજ્ઞાન અને અન્ય પધ્ધતિઓ દ્વારા શિક્ષણ આપવું અનિવાર્ય બન્યું છે. શિક્ષણમાં સતત થતા પરિવર્તનોથી વાકેફ રહેવા જાગૃત અને ચિંતનશીલ રહેવું જરૂરી છે.

સતત બદલાતા આજના યુગમાં પ્રત્યેક વ્યક્તિએ સતત કાંઇક નવીન શીખતા રહેવું પડશે. આથી શિક્ષકોએ પણ કોઇ એક વિષય કે કોઇ પણ એક કૌશલ્ય શીખવા કરતા નિરંતર બદલાતી જતી નવીન પધ્ધતિઓ, નવીન વિચારોથી પરિચિત રહેવું જોઇએ. આ નવા યુગમાં નવા શિક્ષણ માટે શિક્ષકો અને આચાર્યોએ નવા સ્વરૂપે, નવા વિચારો સાથે, નવી પધ્ધતિઓથી વર્ગખંડમાં કામ કરે તે અનિવાર્ય છે. કારણ આજે શિક્ષણ વિદ્યાર્થી કેન્દ્રી બન્યું છે. આમ, શિક્ષકો અને આચાર્યોને વિવિધ નૂતન પ્રવાહોથી વાકેફ રહેવા અને માહિતગાર કરવા વિવિધ પ્રકારની તાલીમ આપી સુસજ્જ કરવા એ આવશ્યક બન્યું છે, કારણ ભવિષ્યની પેઢીઓને તૈયાર કરવાની જવાબદારી તેઓને શિરે છે. અને વિદ્યા અને વિદ્યાર્થીને જોડતી મહત્ત્વની કડી તે શિક્ષક છે. પલટાતા જતા વિશ્વના પ્રવાહો અને જ્ઞાનના વિસ્ફોટને પહોંચી વળવા શિક્ષકે આજીવન વિદ્યાર્થી સંશોધક રહેવું જ પડે છે. આમ ન કરનાર શિક્ષક નવા વિશ્વ અને નવી પેઢીના વિદ્યાર્થીઓ સાથે કદમ મિલાવી ચાલી શકતો નથી અને પરિણામે પોતાનું શિક્ષકત્ત્વ મૂલ્ય ખોઇ બેસે છે. આથી જ આ માટે સંશોધનો હાથ ધરવામાં આવે છે.

સંશોધકોએ પણ સાબિત કર્યું છે કે તાલીમ લીધેલ વ્યક્તિ જે કામ કરે છે તે કામમાં ઉત્પાદીય પરિણામો ઘણા સારા અને ઊંચી કક્ષાના હોય છે.

શિક્ષણના વ્યવસાયમાં પણ વધુ સારી શૈક્ષણિક નીપજ માટે, વધુ સારી ગુણવતાયુક્ત શિક્ષણ માટે અને વ્યાવસ્થાપન માટે તાલીમ અનિવાર્ય છે.

શિક્ષકના વ્યવસાય સાથે બે પ્રકારની તાલીમ જોડાયેલી છે

પૂર્વસેવાકાલીન તાલીમ અને સેવાકાલીન તાલીમ.

વ્યક્તિને પ્રશિક્ષણ સંસ્થામાં પ્રશિક્ષણ તાલીમ આપીને શિક્ષકના વ્યવસાય માટે તૈયાર કરવામાં આવે છે તે પૂર્વસેવાકાલીન તાલીમ છે.

શિક્ષકોને તેના ઔપચારિક શિક્ષણ દરમિયાન અભ્યાસક્રમો ગમે એટલા ઉત્તમ હશે પણ શિક્ષણની વિસ્તરતી જતી ક્ષિતિજો તરફ નજર કરતા તે જીવન પર્યંત ચાલી ન શકે.શિક્ષકોને જ્ઞાનના વિસ્ફોટ સાથે તાલ મિલાવવા તાલીમ આપવામાં આવે છે.ઉપરાંત સમયના વહેણ સાથે સમાજમાં આવેલ ધરખમ ફેરફારોને કારણે ઊભા થયેલા પડકારોનો સામનો કરવા વિદ્યાર્થીઓને કટિબધ્ધ કરવા માટે શિક્ષકોએ નવા કૌશલ્યો વિકસાવવાં પડશે અને અભિગમોમાં નાવીન્ય તથા હકારાત્મક વલણ લાવવું પડશે.

પ્રવર્તમાન સમયમાં શિક્ષણમાં થતા સંશોધનો તેમજ શિક્ષણના નૂતન પ્રવાહોથી વાકેફ રહી સમય સાથે તાલ મિલાવવા સેવાકાલીન તાલીમ કાર્યક્રમો ખૂબ જ ઉપયોગી છે.

શિક્ષકને તેના સેવાકાળ દરમિયાન શિક્ષણ અંગેના નવાં તથ્યો,પધ્ધતિઓ.સિદ્ધાંતો વગેરેથી પરિચિત કરાવીને તેની વ્યવસાયિક દક્ષતા અને કૌશલ્યોમાં વધારો કે સુધારો કરવામાં આવે છે તે સેવાકાલીન તાલીમ છે.

વર્તમાન સમયમાં પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા અને તેના સર્વવ્યાપીકરણ માટે ૬ થી ૧૪ વર્ષની વયના તમામ બાળકોની નિઃશુલ્ક ફરજિયાત અને સાર્વત્રિક શિક્ષણ પ્રાપ્ત કરે તે માટે સર્વશિક્ષા અભિયાન અભિગમ અમલમાં આવ્યો છે.આ અભિગમ કેન્દ્ર સરકારની સહભાગીદારીવાળો કાર્યક્રમો છે.

ગુજરાત રાજ્યમાં સર્વશિક્ષા અભિયાન અંતર્ગત ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તાલુકા સંશોધન કેન્દ્ર જુથ સંશોધન કેન્દ્ર કાર્યરત છે.આ સંસ્થાઓ અને કેન્દ્રના માર્ગદર્શન હેઠળ રાજ્યના પ્રાથમિક શિક્ષકો તેમના આ અભિગમમાં સાથે જોડાયને શિક્ષણ પ્રક્રિયાને નવો વેગ આપવા પ્રયાસ કરે છે. આ સંસ્થાઓ દ્વારા આયોજિત કાર્યક્રમો પ્રાથમિક શિક્ષણને ગુણવત્તાયુક્ત બનાવવાની જે ખાતરી આપે છે તે ખાતરી પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે કેટલા અંશે અસરકારક રહી છે તે જાણવાનો પ્રયાસ કરીને સંશોધકે પોતાના અભ્યાસની સમસ્યા પસંદ કરી છે.

પ્રાથમિક શિક્ષણમાં શિક્ષણ,સક્રિય અને સક્ષમ બને તેવા હેતુથી સી.આર.સીની રચના કરવામાં આવેલ છે.પ્રાથમિક શાળાના શિક્ષકો નૂતન અભિગમો,નવા પ્રવાહો અને નવીન પ્રવૃતિઓથી શાળામાં જીવંત વાતાવરણ સર્જી શકે તે માટે સી.આર.સી ખૂબ જ અગત્યનું પ્રેરકબળ છે.પ્રસ્તુત અભ્યાસમાં કાલોલ તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકો માટે સી.આર.સી દ્વારા આયોજિત સેવાકાલીન તાલીમ કાર્યક્રમોની શી અસર થઈ છે તે તપાસવાનો પ્રયાસ કર્યો છે.

## 1.2 સમસ્યા કથન

જે પ્રશ્ન વિશે સંશોધન કરવાનું હોય તે પ્રશ્નનું ચોક્કસ ઘડતર એ પ્રક્રિયાનું પ્રથમ સોપાન છે. સમસ્યાકથન અતિ મહત્ત્વની બાબત છે.કારણ કે તે દ્વારા સંશોધન ક્ષેત્રનું સ્પષ્ટીકરણ થાય છે. પ્રસ્તુત સંશોધનનું શીર્ષક આ પ્રમાણેનું છે.

**“કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકો માટે યોજવામાં આવતી સેવાકાલીન તાલીમ પ્રત્યેના અભિપ્રાયોનો અભ્યાસ”**

**“A Study of the Primary Teachers Opinions of In-Service Training in Kalol Taluka”**

સી.આર.સી દ્વારા જે ગુણાત્મક તથા નાવિન્યપૂર્ણ તાલીમ કાર્યક્રમોનું આયોજન થાય છે.તે તેની લાક્ષણિકતાઓ,ઉપયોગિતાઓ તેમજ હેતુ સિદ્ધિ પ્રમાણે અસરકારક છે કે નહિ તે જાણવાનો સંશોધકે પ્રયાસ છે.સી.આર.સી.બેઠકો આયોજિત તાલીમ કાર્યક્રમો શિક્ષકોને સહાયક નિવડેલ છે કે નહિ તે માટે સંશોધકે પ્રસ્તુત શીર્ષક હેઠળ સંશોધનકાર્ય હાથ ધરેલ છે. આ માટે કાલોલ તાલુકાના સી.આર.સી.સાથે સંકળાયેલ પ્રાથમિક શાળાના શિક્ષકો,આયોજકો અને આચાર્યના અભિપ્રાયોનો અભ્યાસ કરવા પ્રયત્ન કરેલ છે.

## 1.3 શીર્ષકમાં આવતા શબ્દોની સમજ

સંશોધનની સમસ્યાના શબ્દોની ઔપચારિક કે સૈદ્ધાંતિક અર્થમાં સ્વીકારવા કરતા સંશોધનના વ્યવહારુ સંદર્ભમાં તેને સ્વીકારવા જોઇએ તે મુજબ પ્રસ્તુત સંશોધનના સમસ્યા કથનમાં રહેલા શબ્દોના વ્યવહારુ અર્થ આ પ્રમાણે કરવામાં આવેલ છે.

**(1) પ્રાથમિક શાળાઓ**

જિલ્લા પંચાયત દ્વારા માન્ય ધોરણ ૧ થી ૮ સુધીના કે પૈકીના અભ્યાસક્રમોનું અધ્યાપન કાર્ય કરાવતી શાળાઓને પ્રાથમિક શાળા તરીકે સ્વીકારેલ છે.જેમાં સરકારી અને બિનસરકારી શાળાઓનો સમાવેશ થાય છે.

**(2) પ્રાથમિક શાળાના શિક્ષકો**

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા માન્યતા પ્રાપ્ત પ્રાથમિક શાળાના કાયમી તેમજ વિદ્યાસહાયક તરીકે નિમણૂક પામેલા શિક્ષકો.

**(3) સેવાકાલીન તાલીમ**

શિક્ષક પોતાના વ્યવસાયમાં જોડાયા પછી પોતાના સેવાકાળ દરમિયાન દર વર્ષે વિવિધ તાલીમ લે છે.શિક્ષકોને નૂતન પ્રવાહોથી વાકેફ કરવા તાલીમ ભવન દ્વારા યોજાતી પ્રાથમિક શિક્ષકો માટેની તાલીમ,

**(4) અભિપ્રાય**

સેવાકાલીન તાલીમ કાર્યક્રમોના વિવિધ ઘટકોને ધ્યાનમાં રાખી અભિપ્રાયાવલિ રચેલ હતી.તેના પરના શિક્ષકો,આચાર્યો અને આયોજકોના પ્રતિચારોની માત્રા એટલે અભિપ્રાય,

## 1. 4 અભ્યાસના હેતુઓ

સામાન્ય રીતે કોઇપણ કાર્ય કરવા પાછળ કોઇને કોઇ પ્રયોજન હોય છે.કોઇપણ સંશોધન સહેતુક અથવા હેતુપૂર્ણ હોય છે.હેતુ વિનાનું કાર્ય દિશાશૂન્ય બની જાય છે.કોઇપણ વ્યક્તિ કાર્ય કરે તો તેની પાછળ ચોક્કસ હેતુ રહેલો હોય છે. હેતુપૂર્વકનું આયોજન કાર્યને આગળ ધપાવે છે.

અભ્યાસનાં હેતુઓ એ સમગ્ર સંશોધનકાર્યનો કેન્દ્રવર્તી ભાગ છે. હેતુઓ સ્પષ્ટ કર્યા વગર કોઇપણ સંશોધન અભ્યાસ હોય શકે જ નહી.

પ્રસ્તુત સંશોધન માટે નીચે મુજબના હેતુઓ નક્કી કરવામાં આવ્યા છે

(1) પ્રાથમિક શાળાના શિક્ષકોના સેવાકાલીન તાલીમ પ્રત્યેના અભિપ્રાયો જાણવા.

(2) પ્રાથમિક શાળાના શિક્ષકોના સેવાકાલીન તાલીમના સ્થળ અને વ્યવસ્થા અંગેના અભિપ્રાયો જાણવા.

(3) પ્રાથમિક શાળાના શિક્ષકોના સેવાકાલીન તાલીમ પરત્વેના તાલીમના તજજ્ઞો અંગેના અભિપ્રાયો જાણવા.

(4) પ્રાથમિક શાળાના શિક્ષકોના સેવાકાલીન તાલીમ કાર્યક્રમો અંગેના અભિપ્રાય જાણવા.

(5) પ્રાથમિક શાળાના શિક્ષકોના સેવાકાલીન તાલીમની ઉપયોગીતા અંગેના અભિપ્રાયો જાણવા.

(6) પ્રાથમિક શાળાના શિક્ષકોના સેવાકાલીન તાલીમમાં વિષયવસ્તુની અસરકારકતા અંગેના અભિપ્રાયો જાણવા.

(7) પ્રાથમિક શાળાના આચાર્યોના સેવાકાલીન તાલીમ અંગેના અભિપ્રાય જાણવા.

(8) તાલીમના આયોજકોના પ્રાથમિક શાળાના શિક્ષકોની સેવાકાલીન તાલીમ અંગેના અભિપ્રયો જાણવા.

## 1.5 અભ્યાસના પ્રશ્નો

કોઇ પણ અભ્યાસ ખાસ પ્રશ્નોને ધ્યાનમાં રાખીને કરવામાં આવે તો વધુ વિશ્વાસાત્મક તથા ચોક્કસ માહિતી મેળવી શકાય છે.આથી જ અભ્યાસની શરૂઆતમાં કેટલાક મુખ્ય મુદ્દાને ધ્યાનમાં રાખી પ્રશ્નોને તૈયાર કરવામાં આવે છે.

પ્રસ્તુત સંશોધનના અભ્યાસ  પ્રશ્નો નીચે પ્રમાણે છે.

(1) સેવાકાલીન તાલીમની ઉપયોગિતા અંગે શિક્ષકોના અભિપ્રાયો કેવા હશે?

(2) સેવાકાલીન તાલીમના તજજ્ઞો અંગે શિક્ષકોના અભિપ્રાયો કેવા હશે?

(3) સેવાકાલીન તાલીમમાં અન્ય તાલીમાર્થી શિક્ષકો અંગે શિક્ષકોના અભિપ્રાયો શું હશે?

(4) સેવાકાલીન તાલીમના આયોજન અંગે શિક્ષકોના અભિપ્રાયો કેવા હશે?

(5) સેવાકાલીન તાલીમની પ્રવૃતિ અંગે શિક્ષકોના અભિપ્રાયો કેવા હશે?

(6) સેવાકાલીન તાલીમમાં વિષયવસ્તુની અસરકારકતા અંગે શિક્ષકોના અભિપ્રાયો શું?

(7) સેવાકાલીન તાલીમ કાર્યક્રમ અંગે આચાર્યોના અભિપ્રાય શું હશે?

(8) સેવાકાલીન તાલીમથી શિક્ષકોના શિક્ષણકાર્યમાં પરિવર્તન લાવી શકાય છે?

(9) સેવાકાલીન તાલીમથી પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારી શકાય છે?

(11)વર્તમાન પરિસ્થિતિમાં શિક્ષણની સુધારણા માટે સેવાકાલીમન તાલીમ જરૂરી છે?

(12)સેવાકાલીન તાલીમ અંતર્ગત તાલીમના સ્થળ અને વ્યવસ્થા અંગે શિક્ષકોના અભિપ્રાયો શું હશે?

## 1. 6 અભ્યાસનું મહત્ત્વ

કોઇ પણ બાબત પરત્વે મહત્વ જ કાર્ય દિશા નક્કી કરી શકે છે.સંશોધનના કારણે જે તે ક્ષેત્રમાં બદલાવ લાવી શકાય છે.આમ,સંશોધનના કારણે સાચી પરિસ્થિતિનો ખ્યાલ મળે છે.

પ્રસ્તુત સંશોધનનું મહત્ત્વ નીચે મુજબ છે.

(1) આ અભ્યાસમાં સેવાકાલીન તાલીમ અંગે અભિપ્રાયો જાણવા અભિપ્રાયાવલિની રચના કરી.જે શિક્ષકોના સેવાકાલીન તાલીમ કાર્યક્રમો પ્રત્યેના અભિપ્રાયો જાણવામાં ઉપયોગી બનશે.

(2) પ્રસ્તુત અભ્યાસ દ્વારા સેવાકાલીન તાલીમ કાર્યક્રમોના સ્થળ, વિષયવસ્તુ, તજજ્ઞો, ઉપયોગીતા, તાલીમનું અયોજનું,વિષયવસ્તુની અસરકારકતા, તેમજ વિવિધ પ્રવૃતિઓ અંગે શિક્ષકોના અભિપ્રાયો જાણવા મળશે.

(3) પ્રસ્તુત અભ્યાસના તારણો ગુજરાત સરકારશ્રીને ભવિષ્યના તાલીમ કાર્યક્રમ વધુ અસરકારક બનાવામાં મદદરૂપ થશે.

(4) આ અભ્યાસ માટે તૈયાર કરેલ ઉપકરણ કોઈપણ શિક્ષણ-પ્રશિક્ષણ તાલીમ કાર્યક્રમો અંગેના શિક્ષકોના અભિપ્રાયો જાણવામાં ઉપયોગ બનશે.

(5) આ અભ્યાસ દ્વારા પ્રાથમિક શાળાના શિક્ષકોના સેવાકાલીન તાલીમ પ્રત્યેના અભિપ્રાયો જાણવા મળશે.

(6) આ અભ્યાસ માટે તૈયાર કરેલ ઉપકરણ આચાર્યો અને આયોજકોના પણ તાલીમ કાર્યક્રમો અંગેના અભિપ્રાયો જાણવા ઉપયોગી બનશે.

(7) આ અભ્યાસથી સેવાકાલીન તાલીમમાં રહી ગયેલી ખામીઓ અંગે જાણકારી મળશે.

(8) આ અભ્યાસ ભાવિ સંશોધકોને સંદર્ભ સાહિત્ય તરીકે ઉપયોગી થશે.

## 1. 7 સંશોધન ક્ષેત્ર

સંશોધન ક્ષેત્ર એટલે સંશોધનકાર જે બાબતમાં કે દિશામાં સંશોધન કરવામાં રસ હોય તે ક્ષેત્ર.

**મૌલિયાર (2005) જણાવે છે કે,**

સંશોધન સમસ્યાના ચાવીરૂપ શબ્દોના આધારે સંશોધક દ્વારા લેવાતો આખરી નિર્ણય સંશોધનનું ક્ષેત્ર છે.સંશોધનનું ક્ષેત્ર સંશોધન કાર્યનો સૈદ્ધાંતિક વિસ્તાર છે.

મૌલિયાર (2005) સંશોધનના પ્રમુખ ક્ષેત્રો આ પ્રમાણે જણાવે છે.

મનોવિજ્ઞાન સંબંધિત સંશોધન ક્ષેત્રો

તત્ત્વજ્ઞાન સંબંધિત સંશોધન ક્ષેત્રો

શૈક્ષણિક સંસ્થા સંબંધિત સંશોધન ક્ષેત્રો

માપન અને માર્ગદર્શન સંબંધિત સંશોધન ક્ષેત્રો

વિષય સંબંધિત સંશોધન ક્ષેત્રો

અધ્યાપન પધ્ધતિ સંબંધિત સંશોધન ક્ષેત્રો

શૈક્ષણિક પ્રબંધ સંબંધિત સંશોધન ક્ષેત્રો

શિક્ષક-પ્રશિક્ષક સંબંધિત સંશોધન ક્ષેત્રો

વિશિષ્ટ જૂથ સંબંધિત સંશોધન ક્ષેત્રો

અનૌપચારિક શિક્ષણ સંબંધિત સંશોધન ક્ષેત્રો

પ્રસ્તુત સંશોધન પ્રાથમિક શાળાના શિક્ષકો માટે યોજવામાં આવતી સેવાકાલીન તાલીમ પ્રત્યેના શિક્ષકો,આચાર્યો અને આયોજકોના અભિપ્રાયો જાણવા માટે હાથ ધરવામાં આવ્યો હતો.તેથી પ્રસ્તુત સંશોધન શિક્ષણ-પ્રશિક્ષણ સાથે સંબંધિત છે.

## 1.8 સંશોધન પ્રકાર

સંશોધન પ્રકાર બે રીતે દર્શાવી શકાય.પ્રથમ રીતે નીચેના ત્રણ પ્રકાર પડે છે.

મૂલગત સંશોધન

વ્યાવહારિક સંશોધન

ક્રિયાત્મક સંશોધન

મૂલગત સંશોધનને બુનિયાદી સંશોધન કે શુદ્ધ સંશોધન પણ કહે છે.આવા સંશોધનો મુખ્યત્વે વ્યાપક અને તાત્ત્વિક સિદ્ધાંતો,નિષ્કર્ષો વિકસાવવા હાથ ધરવામાં આવે છે.મોટાભાગે મોટી સંસ્થાઓ જ આવું સંશોધન હાથ ધરી શકે છે.આ સંશોધન ભૌતિક વિજ્ઞાનની સંશોધન પ્રણાલીને અનુસરે છે.

વ્યાવહારિક સંશોધન એટલે કોઇ વર્તમાન સમસ્યા ઉકેલવા માટે હાથ ધરવામાં આવતું સંશોધન.વ્યવહારિક સંશોધન મૂલગત સંશોધનના પરિણામો ઉપયોગી નિવડે તે માટેની ભૂમિકા પૂરી

પાડે છે.આવાં સંશોધનો તાત્વિક સિદ્ધાંતોને વ્યવહારમાં મૂકે છે.

ક્રિયાત્મક સંશોધન એટલે સ્થાનિક પ્રશ્નોના તાત્કાલિક ઉકેલ માટેનું એક યા વધુ શિક્ષકો કે સંચાલકોએ ઉપાડેલું. સંશોધનોનો મુખ્ય હેતુ શાળાકીય વ્યવહારોને સુધારવાનો છે.આવા સંશોધનના પરિણામો મોટા વ્યાપવિશ્વને લાગુ ન પાડી શકાય.

પ્રસ્તુત સંશોધન વ્યવહારિક સંશોધન પ્રકારનું છે.જેમાં પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના સેવાકાલીન તાલીમ લીધેલ શિક્ષકો પાસેથી તાલીમ અંગેના અભિપ્રાયો જાણી તેનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**બીજી રીતે નીચે મુજબના બે પ્રકારો પડે છે.**

ગુણાત્મક સંશોધન

સંખ્યાત્મક સંશોધન

પ્રસ્તુત સંશોધન સંખ્યાત્મક પ્રકારનું સંશોધન હતું કારણ કે તેમાં શિક્ષકોના અભિપ્રાયો જાણીને તેનું સંખ્યાત્મક પૃથક્કરણ કરવામાં આવેલ છે.

## 1.9 અભ્યાસનો વ્યાપ

પ્રસ્તુત અભ્યાસનો વ્યાપ સંશોધકે નીચે પ્રમાણે પસંદ કર્યો છે.

પ્રસ્તુત સંશોધનમાં પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોને વ્યાપવિશ્વ તરીકે સ્વીકારવામાં આવ્યા હતા.જેમાં ગ્રામ્ય તથા શહેરી વિસ્તારના અને સ્ત્રી-પુરુષ શિક્ષકોનો સમાવેશ થયો હતો. નમૂનામાં કાલોલ તાલુકાના 30 શિક્ષકો, 5 આચાર્યો અને 5 આયોજકોને સહેતુક નમૂના પસંદગીની પસંદ કરવામાં આવ્યા હતા.

## 1.10 અભ્યાસની મર્યાદાઓ

કોઇપણ સંશોધન સીમા રેખામાં બાંધવામાં ન આવે તો સંભવ છે કે સંશોધનમાં અપ્રસ્તુત બાબતો વ્યક્ત થાય અથવા સંશોધન પક્ષે વિષયાંતર થવાનો સંભવ રહે.પ્રસ્તુત અભ્યાસ એમ.એડ. અભ્યાસક્રમનાં એક ભાગરૂપે હતો. તે એક વર્ષમાં પૂર્ણ કરવાનું હોવાથી સંશોધકે પોતાની મર્યાદાઓનો સ્વીકાર કર્યો છે,જે નીચે પ્રમાણે છે.

(1) પ્રસ્તુત અભ્યાસમાં સેવાકાલીન કાર્યક્રમો અંગેના ફક્ત પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના શિક્ષકોના અભિપ્રાયો જાણવાના છે પરિણામે આ સંશોધનના પરિણામો પંચમહાલ જિલ્લા

સિવાય અન્ય જિલ્લાઓને લાગુ ન પણ પડે.

(2) શિક્ષકો પાસેથી માહિતી મેળવવા પ્રયોજક દ્વારા ઉપકરણની રચના જાતે કરવામાં આવી હતી. જેથી ઉપકરણની સહરચનામાં કોઇ ખામી રહેવા પામી હોય તો તે ઉપકરણની મર્યાદાએ અભ્યાસની મર્યાદા બની શકે છે.

(૩)આ અભ્યાસ માટે તાલીમ લેનાર શિક્ષકો, આચાર્યો તથા તાલીમના આયોજકો પાસેથી વિગતો પ્રાપ્ત કરી અભિપ્રાયાવલિના શક્ય ઘટકો તથા વિધાનો નક્કી કર્યા હતા. છતાં ઉપકરણની તદ્દન પૂર્ણતામાં કોઇ વિગત રહી જવા પામી હોય.

## 1.11 આગામી પ્રકરણોની રૂપરેખા

પ્રયોજકે પ્રસ્તુત સંશોધન અહેવાલને પાંચ પ્રકરણોમાં વિભાજિત કર્યા છે.

પ્રકરણ–૨ સૈધ્ધાંતિક સમજ અને સંબંધિત સાહિત્યની સમીક્ષા

આ પ્રકરણમાં સેવાકાલીન તાલીમની સૈધ્ધાંતિક સમજ આપવામાં આવેલ છે. તેમજ પૂર્વે થયેલ સંશોધનની સમીક્ષા કરવામાં આવેલ છે.

પ્રકરણ–૩ સંશોધનની આધારશિલા અને સંશોધન યોજના

આ પ્રકરણમાં વિષયનો ઉદ્‌ગમ,વ્યાપવિશ્વ,નિદર્શ સંશોધન પધ્ધતિ,ઉપકરણ, માહિતીનું એકત્રીકરણ જેવી બાબતનો સમાવેશ કરવામાં આવેલ છે.

પ્રકરણ–૪ માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન

આ પ્રકરણમાં મળેલ માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન વિશેની માહિતી વિગતે દર્શાવવામાં આવી છે.

પ્રકરણ–૫ સારાંશ,તારણો અને ભલામણો

આ પ્રકરણમાં અભ્યાસનો સારાંશ,તારણો અને ભાવિ સંશોધનો અંગે ભલામણો રજૂ કરવામાં આવેલ છે.

# પ્રકરણ 2

# સૈદ્ધાંતિક માહિતી અને સંદર્ભ સાહિત્યની સમીક્ષા

2.1 પ્રસ્તાવના

2.2 સંશોધન માટેના સૈદ્ધાંતિક આધારો

2.2.1 સી.આર.સી ની સંકલ્પના

2.2.2 સી.આર.સી નું બંધારણ

2.2.3 સી.આર.સી અને શિક્ષક પ્રશિક્ષક

2.2.4 સેવાકાલીન તાલીમનું સ્વરૂપ

2.2.5 સેવાકાલીન તાલીમના હેતુઓ

2.2.6 સેવાકાલીન તાલીમનું મહત્ત્વ

2.2.7 સેવાકાલીન તાલીમનું વ્યવસ્થાપન

2.3 સંશોધનના વ્યવહારુ આધારો

2.4 સંબંધિત સંશોધનોની સંયોજનાત્મક સમીક્ષા

2.5 સમીક્ષા માટે સંશોધનની લાક્ષણિકતાઓની વિશ્લેષણ

2.6 પ્રસ્તુત સંશોધનની વિશેષતા

# પ્રકરણ 2

# સૈદ્ધાંતિક માહિતી અને સંબંધિત સાહિત્યની સમીક્ષા

## 2.1 પ્રસ્તાવના

સંબંધિત સાહિત્યની સમીક્ષાથી સંશોધક પોતાના અભ્યાસ અંગે પૂરેપૂરો પરિચિત થાય છે. અત્યાર સુધી શું કામ થયું છે, કેટલું કામ બાકી છે તે અંગેની જાણકારી પ્રાપ્ત થાય છે. ભૂતકાળમાં સંશોધનોની સમીક્ષાથી કોઇકામ બેવડાતું તો નથીને, તેનો ખ્યાલ આવ છે. તેમજ પોતાની સમસ્યાના સ્વરૂપ વિશે વધુ સમજ પ્રાપ્ત થાય છે.

સંબધિત સાહિત્યની સમીક્ષા એટલે.........

સંશોધન સમસ્યાના સંદર્ભમાં મુખ્ય અને ગૌણ માહિતીની પ્રાપ્તિ માટે સમસ્યાના બધા પાસાનું ઝીણવટભર્યું વાંચન કરવું જરૂરી બને છે.

સંદર્ભ સાહિત્યની સમીક્ષામાં સંશોધન સમસ્યા સાથે સંબંધિત માહિતી ધરાવતા દસ્તાવેજોની સુઆયોજીત રીતે ઓળખ, સ્ત્રોત, નિશ્ચયન અને વિશ્લેષણનો સમાવેશ થાય છે.

**–ગે અને એરાજિતન(2000)**

આમ, સંદર્ભ સાહિત્યની સમીક્ષા એ ચોક્કસ વૈજ્ઞાનિક યોજનાનો ઉપયોગ કરીને નક્કી કરેલી સમસ્યાના સંદર્ભમાં તમામ સાહિત્ય પ્રાપ્ત કરી તેનું સઘન રીતે મૂલ્યાંકન અને સંયોગીકરણની પ્રક્રિયા છે.

## સમીક્ષાના પ્રશ્નો

સમીક્ષા કરવા માટે સંબંધિત સાહિત્યનો સંદર્ભ લેવો જરૂરી બને છે. આવા સંદર્ભ સાહિત્યના સમીક્ષા પહેલા નીચેના પ્રશ્નો રચવામાં આવ્યા છે.

–સંશોધન સમસ્યાના સંદર્ભમાં અન્ય કોઇ સંશોધકે સંશોધન કરેલ છે કે નહિ ?

–અન્ય સંશોધનના હેતુઓ કયા હતા ?

–અન્ય સંશોધનમાં નમૂના પધ્ધતિ કઇ પસંદ કરવામાં આવી હતી?

–અન્ય સંશોધનમાં ઉપકરણ કયું વાપરવામાં આવ્યું હતુ?.

–અન્ય સંશોધનમાં કઇ સંશોધન પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો?

–અન્ય સંશોધનમાં માહિતીનું વિશ્લેષણ કઇ પધ્ધતિથી કરવામાં આવ્યું હતું?

–અન્ય સંશોધનના તારણો કયા આવ્યા હતા?

સમીક્ષાના પ્રશ્નોના જવાબ મેળવવા સંબંધિત સંદર્ભો અને તેમાંથી મળેલ વિષયવસ્તું આ મુજબ હતું

પ્રસ્તુત અભ્યાસ તાલીમ ભવન અને સી.આર.સી દ્વારા આયોજિત સેવાકાલીન તાલીમ લીધેલા શિક્ષકો,આચાર્યો અને તાલીમ આયોજકોના અભિપ્રાયો જાણવા માટે હાથ ધરવામાં આવ્યો છે. કોઇપણ અભ્યાસ હાથ ધરતી વખતે તેને અનુરૂપ પૂર્વે થઇ ગયેલા સંશોધન કાર્યોની સમીક્ષા કરતી વખતે સૈદ્ધાંતિક તેમજ વ્યવહારુ આધારો આપવામાં આવે છે.પ્રસ્તુત પ્રકરણમાં પ્રયોજકે અભ્યાસન વિષયવસ્તુને અનુરૂપ સૈદ્ધાંતિક તેમજ વ્યવહારૂ આધારોની રજૂઆત કરી છે.

## 2.2 સંશોધન માટેના સૈદ્ધાંતિક આધારો

પ્રસ્તુત સંશોધન માટેના સૈદ્ધાંતિક આધારો આ પ્રમાણે છે.

### 2.2.1 સી.આર.સી ની સંકલ્પના

સી.આર.સી એટલે નિકટવર્તી પ્રાથમિક શાળાઓનાં ઝુમખાઓને પોતાના કાર્યક્ષેત્રમાં આવારી, કેન્દ્રમાં રહી પ્રાથમિક શિક્ષણનો મહત્તમ વ્યાપ તથા તેની ગુણવત્તા વધારવાના હેતુથી કામ કરતી એક પ્રારંભિક કક્ષાની સંસ્થા.દરેક સી.આર.સી માં એક કો–ઓર્ડિનેટરની નિયુક્તિ કરવામાં આવે છે.

### 2.2.2 સી.આર.સી નું બંધારણ

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ક્રમાંક PRE-1297-290 તા .6-3-1998 ઠરાવ પ્રમાણે સી.આર.સી તરીકે સામાન્ય રીતે 1 થી 7 ધોરણની સુધિના સંપન્ન હોય તેવી પે સેન્ટર શાળાને ગણવામાં આવે છે.

સી.આર.સી માં 8 કિ.મી.ના વિસ્તારમાં આવતી ઓછામાં ઓછી પાંચથી આઠ પ્રાથમિક શાળાઓ અને તેના 40 થી 45 શિક્ષકોનો સમાવેશ કરવામાં આવે છે.

સી.આર.સી નું નિયમન જિલ્લા અને તાલીમભવન,ડી.પી.ઇ.ઓ.,જી.સી.ઇ.આર.ટી બી.આર.સી.,ટી.ડી.ઓ અને કેળવણી નિરીક્ષક દ્વારા થાય છે.સી.આર.સી.નું મુખ્ય મથક મોટે ભાગે પગાર કેન્દ્રની શાળામાં રાખવામાં આવે છે.

### 2.2.3 સી.આર.સી અને શિક્ષક પ્રશિક્ષણ

સી.આર.સી.શિક્ષક–પ્રશિક્ષણના પ્રયોગો અને સંશોધનોનો વર્ગખંડ શિક્ષણમાં વિનિયોગ કરી પ્રાથમિક શિક્ષણ વિદ્યાર્થી માટે યોગ્ય બનાવવા કટિબદ્ધ છે.અને તેનું એ દિશામાં અમલીકરણ પણ કરે છે.સી.આર.સી.કો–ઓર્ડીનેટર તથા સી.આર.સી સાથે સંકળાયેલી શાળાઓના શિક્ષકોને તજજ્ઞ તરીકે 'જિલ્લા શિક્ષણ અને તાલીમભવન' દ્વારા તાલીમ અપાય છે.

શૈક્ષણિક કાર્ય ઉપયોગી શૈક્ષણિક સાધનોનું નિમાર્ણ કેમ કરવું તેમનો વર્ગખંડમાં ઉપોયગ કેમ કરવાનો તેની તાલીમ શિક્ષકોને સી.આર.સી દ્વારા અપાય છે. સમગ્ર શિક્ષણ–પ્રશિક્ષણની ફલશ્રુતિ અંગે યોગ્ય મૂલ્યાંકન અને નિરીક્ષણ પણ થવું જોઇએ.દાર્શણિક પાઠોના પ્રત્યક્ષ નિદર્શનથી વિદ્યાર્થીઓના પક્ષે ભણતર ભાર વિનાનું અર્થાત્ તરંગ–ઉલ્લાસમય કેવી રીતે બનાવી શકાય તે માટે શિક્ષક–પ્રશિક્ષણના કાર્યક્રમોનું આયોજન અને અમલીકરણ સી.આર.સી.બેઠકો દ્વારા હાથ ધરાય છે.

### 2.2.4 સેવાકાલીન તાલીમનું સ્વરૂપ

વર્તમાન સમયમાં જીવનના પ્રત્યેક ક્ષેત્રે જ્ઞાનનું સર્જન અકલ્પનિય ઝડપે થઇ રહ્યું છે.ઉદ્યોગ, ખેતી,વાહનવ્યવહાર,તબીબી કે અન્ય ક્ષેત્રે ઝડપી પરિવર્તનો સાથે માનવજીવનનો વિકાસ થઇ રહ્યો છે.આ પરિવર્તનો સાથે કદમ મિલાવવાના હેતુથી શિક્ષણના ક્ષેત્રે પણ સમયાંતરે પરિવર્તનો થતા રહે છે.શિક્ષણક્ષેત્રે કાર્યરત લોકોએ સતત ચિંતનશીલ રહેવું પડે, સતત પ્રયત્નશીલ રહેવું પડે અને વિકસતા જ્ઞાનના વિવિધ ક્ષેત્રોથી માહિતગાર રહે તે અત્યંત આવશ્યક બાબત છે.

સમાજમાં થતા અમૂલ પરિવર્તનોને પરિણામે સમાજની જરૂરીયાત અનુસાર શિક્ષણના હેતુઓ પણ બદલાય છે.જ્ઞાનની નવીન ક્ષિતિજો ખૂલતી જાય છે. શિક્ષણના ક્ષેત્રે પણ તેને સંબંધિત અભ્યાસક્રમ અધ્યાપન પદ્ધતિ,શૈક્ષણિક સાધનો વગેરેમાં પણ નવિનતા સ્વીકારવી પડે.તે સંદર્ભમાં શિક્ષકની ભૂમિકા બદલાય તે સાહજિક છે. આ પરિવર્તન સાથે સમગ્ર શિક્ષણ વ્યવસ્થાને સતત મૂલવવી પડે છે.નવીન બાબતોને આત્મજ્ઞાત કરવા તેમજ નવા પડકારોને પહોંચી વળવા,આગોતરા આયોજન વિચારવા પડે. આ આયોજન સ્વરૂપે ગુજરાત સરકાર સર્વ શિક્ષા અભિયાન તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા શિક્ષક સજ્જતાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.જે અંતર્ગત શિક્ષકોને દર વર્ષે વિષયવસ્તુની સજ્જતા માટે સેવાકાલીન તાલીમ આપવાની પ્રણાલકિ દાખલ કરી છે.

### 2.2.5 સેવાકાલીન તાલીનના હેતુઓ

સેવાકાલીન તાલીનના મુખ્ય હેતુઓ આ પ્રમાણે છે.

(1) શિક્ષકો નવા અભ્યાસક્રમથી પરિચિત થાય.

(2) શિક્ષણના નવા પ્રોજેક્ટ/પ્રયુક્તિઓ તારવે.

(3) વિષયને અનુરૂપ વિશિષ્ટ વર્ગવ્યવસ્થાનો અનુભવ મેળવે.

(4) વિદ્યાર્થીઓ માટે સ્વ-અધ્યયનલક્ષી પ્રવૃત્તિઓ નક્કી કરે.

(5) વિદ્યાર્થીઓની શક્તિઓની ખીલવણી માટે પર્યાવરણ-ભાવાવરણ ઊભું કરવાનો અનુભવ મેળવે.

(6) શિક્ષક વધુ પ્રવૃતિશીલ બને.

(7) શિક્ષણના નવીન પ્રવાહોથી માહિતગાર થાય.

### 2.2.6 સેવાકાલીન તાલીમનું મહત્ત્વ

સેવાકાલીન તાલીમનું મહત્ત્વ આ પ્રમાણે છે.

(1) શિક્ષણના ક્ષેત્રે થયેલા નવા આવિષ્કારોથી શિક્ષક પરિચિત થઇ તેનો વર્ગકાર્ય દરમિયાન ઉપયોગ કરવા સમર્થ બને છે.

(2) અભ્યાસક્રમમાં થયેલ સુધારા સંદર્ભે નવા અભ્યાસક્રમમાં આવેલા કઠિન મુદ્દાઓને વિદ્યાર્થી સમક્ષ પીરસતો થયો છે.

(3) શિક્ષણમાં ઉપયોગમાં લેવાતી પરંપરાગત અધ્યાપન પદ્ધતિને બદલે આધુનિક અધ્યાપન પદ્ધતિ દ્વારા શિક્ષણ આપી વિદ્યાર્થીઓને શિક્ષણ પ્રત્યે રસ લેતા કરવામાં સફળતા પ્રાપ્ત કરી છે.

(4) વિવિધ શૈક્ષણિક પ્રવૃતિનો ઉપયોગ દ્વારા “ભાર વગરનું ભણતર” એ પંક્તિ સાર્થક કરી બતાવી છે.

(5) વિવિધ પ્રોજેક્ટ દ્વારા વિદ્યાર્થી પોતે કામ કરતો થાય.પોતાનામાં નિષ્ઠા વધે,કઠિન બિંદુઓને અલગ તારવી કઠીનમાં સરળ બનાવવાનો પ્રયન્ત કરે તેવી વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસાવૃત્તિ પ્રેરવા શિક્ષક સમર્થ બન્યો છે.

## 2.2.7 સેવાકાલીન તાલીમનું વ્યવસ્થાપન

સુથાર ચંદ્રકાંત જ્યંતિલાલ

જોષી ગૌરાંગકુમાર. કે

પટેલ રમેશભાઇ. એલ

ડાભી મનહરભાઇ પી

## 2.3 સંશોધનના વ્યવહારુ આધારો

### પ્રસ્તાવના

સંબંધિત સાહિત્યની સમીક્ષાથી સંશોધક પોતાના અભ્યાસ અંગે પૂરેપૂરો પરિચિત થાય છે. અત્યાર સુધી શું કામ થયું છે, કેટલું કામ બાકી છે તે અંગેની જાણકારી પ્રાપ્ત થાય છે. ભૂતકાળમાં સંશોધનોની સમીક્ષાથી કોઇકામ બેવડાતું તો નથીને, તેનો ખ્યાલ આવશે, તેમજ પોતાની સમસ્યાના સ્વરૂપ વિશે વધુ સમજ પ્રાપ્ત થાય છે.

### જરૂરિયાત

સંશોધન સાહિત્યની ઉચીત સમીક્ષા વડે નીચેની બાબતો સ્પષ્ટ થાય છે.

(1) સમસ્યામાં કઇ કઇ બાબતોનો સમાવેશ કરવો.

(2) સમસ્યાને સંશોધન દ્વારા હલ કરવાની જરૂરિયાત સંતોષાશે.

(3) સમસ્યાને અનુરૂપ યોગ્ય ઉત્કલ્પના તૈયાર થઇ શકશે.

(4) માહિતી ક્યાંથી પ્રાપ્ત થશે તેની સ્પષ્ટતા મળી શકશે.

(5) માહિતી એકત્રીકરણનાં સાધનો અંગે દિશાસૂચન મળશે.

(6) અભ્યાસની યોગ્ય ડિઝાઇન રચી શકાશે.

આમ, સંશોધકને ઉપર મુજબની ધણી બધી સ્પષ્ટતા કેળવાતી હોવાથી સમીક્ષા કરવી જરૂરી બને છે.

સંશોધકે પ્રસ્તુત અભ્યાસને સંબંધિત પૂર્વે થઇ ગયેલા સંશોધનોનો અભ્યાસ કયો હતો. જેમાં એમ.એડ. કક્ષાના લઘુશોધ નિબંધ તેમજ મહાશોધ નિબંધનો સમાવેશ થયો હતો. પ્રસ્તુત અભ્યાસ સેવાકાલીન તાલીમ કાર્યક્રમો સંબંધિત હતો તેથી તે સંબંધિત સંશોધનનો અભ્યાસ કર્યો હતો. જે સંશોધનોનો કરવામાં આવ્યા હતા તેના સારાંશ આ મુજબ છે.

### 2.3.1 દેસાઇ ડી. વી. (1974),

“1974 થી ગુજરાત રાજ્યના માધ્યમિક શિક્ષક–પ્રશિક્ષકના વિકાસનો અભ્યાસ.” મહાશોધ નિબંધ ( ગુજરાત યુનિ. 1974)

**શીર્ષક**

“1447 થી ગુજરાત રાજ્યના માધ્યમિક શિક્ષક–પ્રશિક્ષકના વિકાસનો અભ્યાસ.”

**હેતુઓ**

(1) ગુજરાતમાં શિક્ષક–પ્રશિક્ષકની વર્તમાન પરિસ્થિતિનું પૃથક્કરણ કરવું.

(2) ગુજરાત રાજ્યના માધ્યમિક શિક્ષકની તાલીમના મુખ્ય પ્રવર્તમાન મુદ્દાઓની વિવેચનાત્મક તપાસ કરવી.

(3) રાજ્યમાં શિક્ષક–પ્રશિક્ષકના વિકાસ માટેની યોજનાની રૂપરેખા સૂચવવી.

**નમૂનો**

ગુજરાતની પાંચ યુનિવર્સિટીઓની શિક્ષક–પ્રશિક્ષણ સંસ્થાઓ

**ઉપકરણ:**

સંસ્થાના રેચોરદ, પીરિયોડિકલ રિપોર્ટ, વાર્ષિક રિપોર્ટ, પ્રશ્નાવલી, વ્યક્તિગત મુલાકાત અને વ્યક્તિ અભ્યાસ.

**તારણો**

(1) તાલીમ પમેલા શિક્ષકોની ટકાવારી ભારતના બીજા રાજ્યો કરતા ગુજરાતમાં ઊંચી હતી.

(2) માધ્યમિક શિક્ષકો માટે સેવાકાલીન પ્રશિક્ષણની સુવિધા સ્વતંત્રતા પછી પાડવામાં આવી હતી. અભ્યાસના સમયગાળા સુધીમાં ચાર વિસ્તરણ કેન્દ્રો અને છ વિસ્તરણ એકમો શિક્ષણની કૉલેજો સાથે સંકળાયેલા હતા.

### 2. 3. 2 વાળા એ. જે. (1979)

“તળાજા તાલુકાની પ્રાથમિક શિક્ષકોનો વ્યવસાય પ્રત્યેના સંતોષનો અભ્યાસ.” એમ. એડ. લઘુશોધ નિબંધ, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર.

**શીર્ષક**

“તળાજા તાલુકાની પ્રાથમિક શિક્ષકોનો વ્યવસાય પ્રત્યેના સંતોષનો અભ્યાસ.”

**હેતુઓ**

(1) પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના વ્યવસાય પ્રત્યેના સંતોષ વચ્ચેના તફાવત તપાસવો.

(2) ગ્રામ્ય વિસ્તાર અને શિક્ષકોમાં વ્યવસાય પ્રત્યેના સંતોષ વચ્ચેના તફાવત તપાસવો.

(3) જુનિયર પી.ટી.સી.અને સીનીયર પી.ટી.સી.શિક્ષકોમાં વ્યવસાય પ્રત્યેના સંતોષ વચ્ચેના તફાવત તપાસવો.

(4) શારીરિક વય પ્રમાણે શિક્ષકોમાં વ્યવસાય પ્રત્યેના સંતોષ વચ્ચેના તફાવત તપાસવો.

**નમૂનો**

તળાજા તાલુકાની શાળાના 300 શિક્ષકો પર અભ્યાસ હાથ ધર્યો હતો.

**ઉપકરણ**

વ્યવસાય પ્રત્યેના સંતોષને માપતો 116 વિધાનોવાળો વલણ માપદંડ રચ્યો હતો.

**તારણો**

(1) પુરુષ શિક્ષકો કરતા સ્ત્રી શિક્ષિકાઓ વ્યવસાય પ્રત્યે વધુ સંતોષ ધરાવે છે.

(2) શહેરી વિસ્તારના શિક્ષકો ગ્રામ્ય વિસ્તારના શિક્ષકો કરતાં સંતોષની બાબતમાં જુદા પડે છે.

(3) તળાજા તાલુકાના સાત ઝોનમાં રાજપરા ઝોનમાં શિક્ષકો વ્યવસાય પ્રત્યે વધુ સંતોષ ધરાવે છે.

(4) શૈક્ષણિક લાયકાતની સંતોષ પર અસર જોવા મળતી નથી.

(5) વૈવાહિક પરિસ્થિતિમાં પરિણીત શિક્ષકોમાં વ્યવસાય પ્રત્યે અસંતોષ જોવા મળે છે.

### 2.3.3 મામા એ.કે(1980)

"મહરાષ્ટ્ર રાજ્યના શિક્ષકો પર સેવાકાલીન પ્રશિક્ષણની અસરનો અભ્યાસ."મહાશોધ નિબંધ, (બોમ્બે યુનિ.1980)

**શીર્ષક**

"મહરાષ્ટ્ર રાજ્યના શિક્ષકો પર સેવાકાલીન પ્રશિક્ષણની અસરનો અભ્યાસ."

**હેતુઓ**

(1)મહારાષ્ટ્ર સેવાકાલીન કાર્યક્રમોની સંખ્યા,માધ્યમ અને પ્રકાર જાણવા.

(2)સેવાકાલીન પ્રશિક્ષણની સંકલ્પના તપાસવી.

(3)સેવાકાલીન કાર્યક્રમો અંગેના શિક્ષકોના અભિપ્રાયો જાણવા.

## ઉપકરણ

પ્રશ્નાવલિ

## તારણો

(1) સેવાકાલીન પ્રશિક્ષણને ઓછુ મહત્ત્વ આપવામાં આવતું હતુ.

(2) શિક્ષણની કોલેજો દ્વારા વિષયવસ્તુ, કસોટીઓનુ આયોજન,મુલ્યાંકન અને દૃશ્ય-શ્રાવ્ય સાધનો પરના વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવતું હતું.

(3) સેવાકાલીન કાર્યક્રમોના આયોજન, મુલ્યાંકન અને અનુકાર્યમાં શિક્ષકોને સામેલ કરવાના કોઇ પ્રયત્નો થતા ન હતા.

(4) સેવાકાલીન પ્રશિક્ષણનો ખ્યાલ શિક્ષકોમાં સ્પસ્ટ ન હતો.

## 2.3.4 યોદસુવાન વી. (1980)

થાઇલેન્ડમાં સેવાકાલીન શિક્ષક-પ્રશિક્ષણને અસર કરતાં પરિબળોનો અભ્યાસ મહાશોધ નિબંધ (સરદાર પટેલ યુનિ. 1980)

## શીર્ષક

"થાઇલેન્ડમાં સેવાકાલીન શિક્ષક-પ્રશિક્ષણને અસર કરતા પરિબળોનો અભ્યાસ."

## હેતુઓ

(1) થાઇલેન્ડમાં સેવાકાલીન શિક્ષક-પ્રશિક્ષણ કાર્યક્રમની વર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ કરવો.

(2) તે દેશના સેવાકાલીન પ્રશિક્ષણના આયોજનની તરેહ અને મૂલ્યાંકનની પદ્ધતિનો અભ્યાસ કરવો.

(3) શિક્ષકના વ્યવસાય અને સેવાકાલીન કાર્યક્રમો પ્રત્યેના થાઇ. શિક્ષકોના વલણોનો અભ્યાસ કરવો. સેવાકાલીન પ્રશિક્ષણની જુદી-જુદી પદ્ધતિઓની અસરકારકતા ચકસવી.

## નમૂનો

376 શિક્ષકો-પ્રશિક્ષકો, ૨૦ શિક્ષક-પ્રશિક્ષક સંસ્થાના સંચાલકો, ૨૨ શિક્ષક પરિષદના સંચાલકો, 1519 શિક્ષકો.

## ઉપકરણ

પ્રશ્નાવલિ, અભિપ્રાયાવલિ, મુલાકાત, વલણ માપદંડ, મૂલ્ય-પરખ સંશોધનની.

## તારણો

(1) મળેલ માહિતી અનુસાર સેવાકાલીન તાલીમ ઉપયોગી હતી.

(2) સૈદ્ધાતિક માળખું નબળુ હતું.

(3) તાલીમ પામેલી વ્યક્તિઓ,અનુકાર્ય અને સંશેધનનો અભાવ એ અવરોધક પરિબળો હતા.

(4) શિક્ષકોના શિક્ષણ તરીકેના વ્યવસાયનું વલણ હકારાત્મક હતું,પરંતુ સેવાકાલીન તાલીમ પ્રત્યેના વલણ કરતા નીચું જોવા મળ્યુ હતું.

## 2.3.5 નાગરાજ સી.એન (1982)

"કેરાલાના રેડિયો કોરસ્પોન્ડસ કમ કોન્ટેક્ટ સેવાકાલીન શિક્ષક-પ્રશિક્ષણ કાર્યક્રમનું મૂલ્યાકન" રિસર્ચ પ્રોજેક્ટ,ઇન્સ્ટીટયુટ ફોર સોશ્યલ એન્ડ ઇકોનોમિકલ ચેન્જ(બેંગલોર,1982)

## શીર્ષક

"કેરાલાના રેડિયો કોરસ્પોન્ડસ કમ કોન્ટેક્ટ સેવાકાલીન શિક્ષક-પ્રશિક્ષણ કાર્યક્રમનું મૂલ્યાંકન"

## હેતુઓ

(1) તાલીમ કાર્યક્રમોનું આયોજન તપાસવું.

(2) જુદા-જુદા વિષોયના શિક્ષકોના કાર્યક્રમની ઉપયોગીતાના સંદર્ભમાં કાર્યક્રમના પ્રવાહો ઓળખવા.

(3) કાર્યક્રમના વિવિધ ઘટકો,જરૂરિયાતો,મુશ્કેલીઓના સંદર્ભમાં તાલીમ લેતા અને તાલીમ પામેલા શિક્ષકોના પ્રતિભાવો મેળવવા.

## નમૂનો

1976 થી 1982ના સમયગાળા સુધીના ગણિત,વિજ્ઞાન અને મલયાયમ વિષયોના સાંઇઠ ટકા શિક્ષકો.

## ઉપકરણ

પ્રશ્નાવલી,મુલાકાત

## તારણો

(1) કેરાલામાં સેવાકાલીન કાર્યક્રમની જરૂર હતી.

(2) મોટાભાગના તાલીમ પામેલા શિક્ષકો તેઓએ લીધેલ તાલીમથી સંતુષ્ટ ન હતા.

(3) તાલીમી શિક્ષકોના પ્રતિભાવોનો ઉપયોગ કરી કાર્યક્રમોને સુધારવાની કોઇ શક્યતા ન હતી.

(4) મોટાભાગના શિક્ષકોએ તાલીમને ઉપયોગી ગણાવી હતી.

(5) તેઓ ઇચ્છતા હતા કે શીખવાતા કાર્યમાં ડાયાગ્રામ. આકૃતિઓ, ચાર્ટ, ઉદાહરણો અને વધારાના એકમોનો સમાવેશ થવો જોઇએ.

## 2.3.6 પટેલ એ.પી. (2000)

"લઘુત્તમ અધ્યયન કક્ષા (એમ.એલ.એલ.)અભિગમના સંદર્ભમાં શાળાના શિક્ષકોને નડતી મુશ્કેલીઓનો અભ્યાસ"જિલ્લા શિક્ષણ તાલીમ ભવન, સુરત, 2000.

### શીર્ષક

"લઘુત્તમ અધ્યયન કક્ષા (એમ.એલ.એલ.)અભિગમના સંદર્ભમાં શાળાના શિક્ષકોને નડતી મુશ્કેલીઓનો અભ્યાસ"

### હેતુઓ

(1) પ્રાથમિક શાળાના શિક્ષકોને નડતી વિવિધ મુશ્કેલીઓની જાણકારી પ્રાપ્ત કરવી.

(2) પ્રાથમિક શાળાના શિક્ષકોને એમ.એલ.એલ.સંદર્ભે નડતી મુશ્કેલીઓનો અભ્યાસ કરવો.

(3) એમ.એલ.એલ. અભિગમ સંદર્ભે પ્રાથમિક શાળાના શિક્ષકોને નડતી વિવિધ મુશ્કેલીઓના સંદર્ભમાં વિધેયાત્મક સૂચનો કરવા.

### નમૂનો

વ્યાપવિશ્વમાંથી સ્તરીકૃત યાદચ્છિક નમૂના પસંદગી પદ્ધતિ અનુસાર સુરત જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાના કાર્યરત 130 શિક્ષકોને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યાં હતા.

### ઉપકરણ

પ્રશ્નાવલી

### તારણો

(1) એમ.એલ.એલ. અભિગમ સંદર્ભે તાલીમ મેળવ્યા બાદ શિક્ષકોને શૈક્ષણિક કાર્યબોજ વધશે એવો ખોટો માનસિક ભય સતાવે છે.

(2) એમ.એલ.એલ. તાલીમવર્ગો સરકારી નાણાંનો બગાડ છે.એવું મંતવ્ય અર્ધા કરતાં થોડા ઓછા શિક્ષકો ધરાવે છે.

(૩) સરકારશ્રી તરફથી સોંપવામાં આવતી શિક્ષણોત્તર પ્રવૃતિઓ જેવી કે વસ્તી ગણતરી સાક્ષરતા અભિયાન, કુટુંબ નિયોજન વગેરેથી શિક્ષણકાર્ય પર વિપરીત અસર થાય છે.

**(4)** પ્રવૃતિલક્ષી શિક્ષણકાર્ય અસરકારક બનાવવા વધુ આર્થિક સહાય જરૂરી છે.

(5) દુર્ગમ વિસ્તારમાં નિવાસી શાળા સંકુલની જરૂરીયાત છે.

## 2.3.7 વિસરોલિયા એલ એમ

“જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા આયોજિત તાલીમ કાર્યક્રમો પ્રત્યેના શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ.” એમ.એડ.અપ્રકાશિત લઘુશોધ નિબંધ,સૌરાષ્ટ યુનિવર્સિટી,રાજકોટ.

### શીર્ષક

“જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા આયોજિત તાલીમ કાર્યક્રમો પ્રત્યેના શિક્ષકોના અભિપ્રયોનો અભ્યાસ”.

### હેતુઓ

(1)જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા આયોજિત કાર્યક્રમો પ્રત્યેના શિક્ષકોના અભિપ્રાયો જાણવા માટે અભિપ્રાયાવલિની રચના કરવી.

(2) તાલીમ કાર્યક્રમોના સ્થળ,તજજ્ઞો,ઉપયોગિતા,તાલીમાર્થીઓ વર્ગ સંચાલક અને આયોજન અંગે શિક્ષકોના અભિપ્રાયો જાણવા.

(૩) તાલીમ કાર્યક્રમોમાં શિક્ષકોની અન્ય અકાંક્ષાઓ જાણવી.

### નમૂનો

તાલીમ પામેલા શિક્ષકોમાંથી ૪૪૯ પ્રાથમિક શિક્ષકો નમૂના તરીકે પસંદ કરાયા હતા.

### ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે ઉપકરણ તરીકે અભિપ્રાયાવલિની રચના કરી હતી.

### તારણો

(1) તાલીમના સ્થળ અંગે શિક્ષકોના અભિપ્રાયો આ મુજબના હતા.તાલીમનું સ્થળ શાંત વાતાવરણ,વીજળી,પાણી જેવી ભૌતિક સુવિધાઓને ધ્યાનમાં રાખીને પસંદ કરવામાં આવે છે.

(2) તાલીમના વિષયવસ્તુ અંગેના અભિપ્રાયો મુજબ તાલીમમાં પ્રાથમિક શિક્ષણના સમસ્યારૂપ

મુદાઓને વિષયવસ્તુ તરીકે સામેલ કરવા જોઇએ.

(3) તાલીમના તજજ્ઞો અંગેના શિક્ષકોના અભિપ્રાયો અનુસાર તાલીમમાં તજજ્ઞો પૂરતા પ્રમાણમાં તેમજ વિષય નિષ્ણાત હોય છે.

(4) તાલીમની ઉપયોગીતા અંગેના શિક્ષકોના અભિપ્રાયો અનુસાર તાલીમથી શિક્ષકોને પોતાના કાર્યમાં દિશાસૂચન મળે છે.

## 2.3.8 વાઢેર શાંતિ,ડી (2002)

"પ્રાથમિક શાળાના શિક્ષકોનો શિક્ષક વ્યવસાય કાર્ય સંતોષનો અભ્યાસ" એમ.એડ.અપ્રકાશિત લઘુશોધ નિબંધ,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ, 2002.

### શીર્ષક

"પ્રાથમિક શાળાના શિક્ષકોનો શિક્ષક વ્યવસાય કાર્ય સંતોષનો અભ્યાસ."

### હેતુઓ

(1) શિક્ષકોનો શિક્ષક વ્યવસાય કાર્યસંતોષ જાણવા માટે શિક્ષક વ્યવસાય કાર્યસંતોષ સંશોધનીકાની સંરચના કરવી.

(2) પ્રાથમિક શાળાના સ્ત્રી શિક્ષિકાઓ અને પુરૂષ શિક્ષકોના શિક્ષક વ્યવસાય કાર્ય સંતોષમાં કોઇ તફાવત છે કે કેમ તે તપાસવું.

(3) વિવિધ શૈક્ષણિક અનુભવ ધરાવતા પ્રાથમિક શાળાના શિક્ષકોના શિક્ષક વ્યવસાય કાર્ય સંતોષમાં કોઇ ભેદ છે કે કેમ તે તપાસવું.

(4) પી.ટી.સી.થયેલા પી.ટી.સી.ન થયેલા હોય તેવા પ્રાથમિક શાળાના શિક્ષકોના શિક્ષક વ્યવસાય કાર્ય સંતોષ વચ્ચે કોઇ તફાવત છે કે કેમ તે તપાસવું.

(5) પ્રાથમિક શાળાના શિક્ષકોને શિક્ષક વ્યવસાય કાર્ય સંતોષ અને તેમની ઉમર વચ્ચે કેવા પ્રકારનો સંબંધ ધરાવે છે તે તપસવું.

### નમૂનો

કોડીનાર તાલુકાની પ્રાથમિક શાળાના કુલ 242 શિક્ષકોને નમૂના તરીકે પસંદ કરાવમાં આવ્યા હતા.

### ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં પ્રયોજકે શિક્ષકોમાં શિક્ષણકાર્ય સંતોષ જાણવા માટે સંશોધનિકા તૈયાર કરી.

### તારણો

(1) શિક્ષક વ્યવસાય કાર્ય સંતોષ પર શિક્ષકોના જાતીયતાની અસર જોવા મળતી નથી. સ્ત્રી અને પુરૂષ શિક્ષકો શિક્ષક વ્યવસાય કાર્યસંતોષની બાબતમાં તફાવત ધરાવતા નથી.

(2) પ્રાથમિક શાળાના કક્ષાએ સામાન્ય રીતે શિક્ષક તરીકેનો જેમ અનુભવ વધતો જાય છે તેમ તેમનો શિક્ષક વ્યવસાય કાર્યસંતોષ પણ વધતો જાય છે. પ્રથમ પાંચ વર્ષનો અનુભવ શિક્ષકોનો શિક્ષક વ્યવસાય કાર્યસંતોષ ઓછો છે.

(3) પી.ટી.સી.ન થયેલા શિક્ષક વ્યવસાય કાર્ય અને તેમની ઉપર સાર્થક ધન સહસંબંધ છે. એટલે કે શિક્ષક વ્યવસાયિક કાર્ય સંતોષ ઉપર વધતો જોવા મળે છે.

## 2.3.૭ વાઘેલા વી વી(૨005)

"શૈક્ષણિક કાર્ય ઉપરાંતની સોંપવામાં આવતી વિશેષ કામગીરીના સંદર્ભમાં પ્રાથમિક શિક્ષકોનાં અભિપ્રાયોનો અભ્યાસ." સૌરષ્ટ યુનિવર્સિટી, રાજકોટ, ૨005

### શીર્ષક

"શૈક્ષણિક કાર્ય ઉપરાંત સોંપવામાં આવતી વિશેષ કામગીરીના સંદર્ભમાં પ્રાથમિક શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ.

### હેતુઓ

પ્રાથમિક શાળાના શિક્ષકોને શિક્ષણ ઉપરાંત વિશેષ કામગીરી કઇ છે તે જાણવી.

પ્રાથમિક શાળાના શિક્ષકોને શિક્ષણ ઉપરાંતની સોપવામાં આવતી વિશેષ કામગીરીના સંદર્ભમાં નીચેની બાબતો પરત્વે અભિપ્રાયો તપાસવા.

(1) શા શા લાભ થાય છે તે જાણવુ?

(2) શા ગેરલાભ થાય છે તે જાણવુ?

(3) પોતાની શાળા પર કોઇ અસર થાય છે કે કેમ તે જાણવુ?

(4) વિશેષ કાર્યો હાથ ધરવા માટે પૂરતી સગવડો મળે છે કે કેમ તે જાણવુ?

### તારણો

(1)શિક્ષકને શૈક્ષણિક કાર્ય ઉપરાંત સોપવામાં આવતી કામગીરીનો અનુભવ પ્રાપ્ત થાય છે.

(2)શિક્ષકો શૈક્ષણિક કાર્ય સમયસર કરાવી શકતા નથી.

(૩)શિક્ષકોને વિશેષ કામગીરીના સંદર્ભમાં યોગ્ય સુવિધાઓ પ્રાપ્ત નથી.

(4)શાળાના શિક્ષણકાર્ય પર વિશેષ કામગીરીની અસર પડે છે.

## 2.3.10 નિમાવત સી.એ. (2006)

"લઘુત્તમ અધ્યયન કક્ષા કાર્યક્રમ(એમ.એલ.એલ.યોજના) અંગે લોધિકા તાલુકાની પ્રાથમિક શાળાના શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ" સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

### શીર્ષક

"લઘુત્તમ અધ્યયન કક્ષા કાર્યક્રમ(એમ.એલ.એલ.યોજના) અંગે લોધિકા તાલુકાની પ્રાથમિક શાળાના શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ"

**હેતુઓ**

(1) એમ.એલ.એલ.યોજના અંગ શાળાના શિક્ષકોના અભિપ્રાયો જાણવા માટે અભિપ્રાયાવલિની રચના કરવી.

(2) એમ.એલ.એલ.એક અભિગમ સંદર્ભમાં પ્રાથમિક શાળાના શિક્ષકોના અભિપ્રાયો જાણવા.

(3) એમ.એલ.એલ.યોજના અંતર્ગત ક્ષમતાલક્ષી અભ્યાસક્રમ અંગે પ્રાથમિક શાળાના શિક્ષકોના અભિપ્રાયો જાણવા.

(4) એમ.એલ.એલ.યોજના સંદર્ભે શિક્ષક-પ્રશિક્ષણ અંગે પ્રાથમિક શાળાના શિક્ષકોના અભિપ્રાયો જાણવા.

(5) એમ.એલ.એલ.યોજનાના સંદર્ભમાં મૂલ્યાંકન અને પરિણામ પૃથક્કરણ અંગેના પ્રાથમિક શાળાના શિક્ષકોના અભિપ્રાયો જાણવા.

**નમૂનો**

પ્રસ્તુત અભ્યાસમાં નમુના તરીકે લોધિકા તાલુકાના 39 ગામોની 42 પ્રાથમિક શાળાઓના 186 શિક્ષકો હતા.

### ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં ઉપકરણ તરીકે અભિપ્રાયાવલિ રચવામાં આવી હતી.

### તારણો

(1)એમ.એલ.એલ. અભિગમ મુજબ શિક્ષણકાર્ય કરવું સરળ છે.

(2)એમ.એલ.એલ. અભિગમ દ્વારા શિક્ષણની ગુણવત્તા સુધરે છે.

(3)એમ.એલ.એલ. અભિગમની સફળતા માટે સી.આર.સી.અતિ અનિવાર્ય છે.

(4) શિક્ષકોને સજ્જ કરવા તાલીમની જરૂર છે.

### 2.3.11 ડામોર.એસ.જે. (2006)

"પ્રાથમિક શિક્ષણક્ષેત્રે યોજાતી સી.આર.સી.બેઠકોની પ્રવૃત્તિઓ અને શાળા કક્ષાએ થતું તેમનું અમલીકરણ" સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ, 2006

### શીર્ષક

"પ્રાથમિક શિક્ષણક્ષેત્રે યોજાતી સી.આર.સી.બેઠકોની પ્રવૃત્તિઓ અને શાળા કક્ષાએ થતું તેમનું અમલીકરણ"

### હેતુઓ

(1) પ્રાથમિક શિક્ષણક્ષેત્રે યોજાતી સી.આર.સી.બેઠકોની પ્રવૃત્તિઓ શાળા કક્ષાએ થતાં અમલીકરણ અંગે માહિતી મેળવવા માટે પ્રશ્નાવલિ સ્વરૂનાં ઉપકરણની સંરચના કરવી.

(2) સી.આર.સી.બેઠકોમાં કેવી પ્રવૃત્તિઓ થાય છે તે જાણવું.

(3) સી.આર.સી.બેઠકોમાં ભાગ લેનાર શિક્ષકો પોતાની શાળાનાં વિવિધ પ્રવૃત્તિઓનું અમલીકરણ શી રીતે કરે છે તે જાણવું.

### નમૂનો

સંશોધકે દાહોદ જિલ્લાના પાંચ સી.આર.સી.કેન્દ્રના 250 પ્રાથમિક શિક્ષકોનો નમૂનામાં સમાવેશ કરેલ છે.

### ઉપકરણ

સંશોધકે માહિતીની પ્રાપ્તિ માટે પ્રશ્નાવલિ સ્વરૂપના ઉપકરણની રચના કરી હતી.

### તારણો

(1) શિક્ષકો સ્વ-નિર્મિત શૈક્ષણિક સાધનો તૈયાર કરે છે.

(2)શાળાઓમાં બાળગીત,અભિનય,વાર્તા,જ્ઞાન સાથે ગમ્મત મળે તેવી પ્રવૃત્તિઓ હાથ ધરાય છે.

(3) શિક્ષકો પ્રયોગોનું નિદર્શન કાર્ય કરે છે.

(4) શિક્ષકો શાળાઓમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરે છે.

(5) શિક્ષકો વિદ્યાર્થીઓ સાથે પ્રવાસ-પર્યટન કાર્યક્રમો યોજે છે.

### 2.3.12 પરમાર બી.પી. (2007)

"શિક્ષણમાં ગુણાત્મક સુધારણા અંતર્ગત કર્મયોગી યોજના તાલીમ પરત્વે શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ" એમ.એડ્.અપ્રકાશિત લઘુશોધ નિબંધ.સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ, 2007

### શીર્ષક

"શિક્ષણમાં ગુણાત્મક સુધારણા અંતર્ગત કર્મયોગી યોજના તાલીમ પરત્વે શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ"

### હેતુઓ

(1) શિક્ષણમાં ગુણવત્તા સુધારણા અંતર્ગત 'કર્મયોગી યોજના' પરત્વે શિક્ષકોના અભિપ્રાયો જાણવા માટે અભિપ્રાવલિની રચના કરવી.

(2) શિક્ષણમાં ગુણવત્તા સુધારણા અંતર્ગત 'કર્મયોગી યોજના' પરત્વે તાલીમના સ્થળ અંગેના શિક્ષકોના અભિપ્રાયો જાણવા.

(3) શિક્ષણમાં ગુણવત્તા સુધારણા અંતર્ગત 'કર્મયોગી યોજના' પરત્વે તાલીમના વિષયવસ્તુ, ઉપયોગીતા,તજજ્ઞો,આયોજન વગેરે અંગે શિક્ષકોના અભિપ્રાયો જાણવા.

### નમૂનો

સુરેન્દ્રનગર જિલ્લાના તાલીમ પામેલા માધ્યમિક શાળાના 478 શિક્ષકોને નમૂના તરીકે પસંદ કરાયા હતા.

### ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં માહિતી મેળવવા માટે અભિપ્રાયાવલિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### તારણો

(1) તાલીમના સ્થળ અંગેના અભિપ્રાયો આ પ્રમાણે હતા.તાલીમનું સ્થળ શાંત જગ્યાએ હોય છે.સ્થળ બસ કે ઓટો રીક્ષાની સુવિધાવાળું હોય છે.સ્થળ શૈક્ષણિક સુવિધાયુક્ત હોય છે.

(2) તાલીમના વિષયવસ્તુ અંગેના અભિપ્રાય આ પ્રમાણે હતા.વિષયવસ્તુ રસપ્રદ હોય છે.જ્ઞાન

સાથે ગમ્મતવાળું હોય છે.શિક્ષણકાર્યમાં ઉપયોગી હોય છે.

(3) તાલીમની ઉપયોગીતા અંગેના અભિપ્રાયો આ પ્રમાણે હતા.શિક્ષણના નૂતન પ્રવાહો વિશે જાણકારી મળે છે.વ્યક્તિત્ત્વ વિકાસમાં મદદરૂપ થાય છે.નવા પાઠ્યપુસ્તક અંગે માહિતી મળે છે.

### 2.3.13 ડાંગર બી.બી. (2007)

"સી.આર.સી.બેઠકો દ્વારા આયોજિત તાલીમી કાર્યક્રમોની અસરકારકતા અંગેના પ્રાથમિક શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ" એમ.એડ્.અપ્રકાશિત લઘુશોધ નિબંધ,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, 2007.

### શીર્ષક

"સી.આર.સી.બેઠકો દ્વારા આયોજિત તાલીમી કાર્યક્રમોની અસરકારકતા અંગેના પ્રાથમિક શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ"

**હેતુઓ**

(1) સી.આર.સી.બેઠકો દ્વારા આયોજિત તાલીમી કાર્યક્રમોની અસરકારકતા અંગેના પ્રાથમિક શિક્ષકોના અભિપ્રાયો મેળવવા અભિપ્રાયાવલિ સ્વરૂપના ઉપકરણની સંરચના કરવી.

(2) સી.આર.સી.બેઠકો દ્વારા આયોજિત તાલીમી કાર્યક્રમોની અસરકારકતા અંગેના પ્રાથમિક શિક્ષકોના અભિપ્રાય જાણવા.

અધ્યાપનીય વિષયોને અનુલક્ષીને અભિપ્રાયો જાણવા.

શૈક્ષણિક પ્રવૃત્તિને અનુલક્ષીને અભિપ્રાયો જાણવા.

શૈક્ષણિક પધ્ધતિઓને અનુલક્ષીને અભિપ્રાયો જાણવા.

શૈક્ષણિક ઉપકરણને અનુલક્ષીને અભિપ્રાયો જાણવા.

### નમૂનો

જસદણ તાલુકાનાં કુલ 16 સી.આર.સી.કેન્દ્રોમાંથી 5 સી.આર.સી.કેન્દ્રો સાથે સંકળાયેલા 180 પ્રાથમિક શિક્ષકોને નમૂના તરીકે પસંદ કર્યા હતા.

### ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં માહિતી મેળવવા માટે અભિપ્રાયાવલિનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### તારણો

(1) અધ્યાપનીય વિષયોને અનુલક્ષીને અભિપ્રાયો આ પ્રમાણે હતા. આ કાર્યક્રમો દ્વારા શિક્ષકોમાં વિષયવસ્તુની ઉંડાણપૂર્વકની રજૂઆત અને અભિવ્યક્તિ કરવાની ક્ષમતાનો વિકાસ થયો છે. વિષયોની અનુરૂપ પ્રોજેક્ટ કાર્ય હાથ ધરવાની આવડત વિકસેલ છે.

(2) શૈક્ષણિક પ્રવૃત્તિઓને અનુલક્ષીને અભિપ્રાયો આ પ્રમાણે હતા. આ કાર્યક્રમો દ્વારા શિક્ષકો શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિશેની સમજ કેળવે છે. તેમની ક્રિયાશીલતા અને સર્જનાત્મકતામાં સુધારણા થાય છે.

(3) શૈક્ષણિક પધ્ધતિઓને અનુલક્ષીને અભિપ્રાયો આ પ્રમાણે હતા. આ કાર્યક્રમો દ્વારા શિક્ષકો નૂતન શૈક્ષણિક પધ્ધતિઓ વિશેની માહિતી મેળવે છે. વિષયને અનુરૂપ શૈક્ષણિક પધ્ધતિ પસંદ કરીને વર્ગ શિક્ષણકાર્યને રસપ્રદ અને અસરકારક બનાવી શકે છે.

(4) શૈક્ષણિક ઉપકરણને અનુલક્ષીને અભિપ્રાયો આ પ્રમાણે હતા. આ કાર્યક્રમો દ્વારા શિક્ષકો વિવિધ પ્રકારના ઉપકરણો રચવાનું કૌશલ્ય હસ્તગત કરી શક્યા છે.

(5) શૈક્ષણિક સમસ્યાઓને અનુલક્ષીને અભિપ્રાયો આ પ્રમાણે હતા. આ કાર્યક્રમો દ્વારા શિક્ષકો વર્ગશિક્ષણની સમસ્યાઓનો વ્યવહારુ ઉકેલ પ્રાપ્ત કરી શકે છે. શાળાઓમાં વિદ્યાર્થીઓની સ્થગિતતા અને અપવ્યય અટકાવવા માટે યોગ્ય માર્ગદર્શન મેળવી શકે છે.

## 2.3.14 વસીયાણી એન.જે. (2008)

“માધ્યમિક શાળાના શિક્ષકો માટે યોજવામાં આવતી સેવાકાલીન કર્મયોગી તાલીમ પ્રત્યેના શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ.” એમ.એડ. અપ્રકાશિત લઘુશોધ નિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, 2008.

### શીર્ષક

“માધ્યમિક શાળાના શિક્ષકો માટે યોજવામાં આવતી સેવાકાલીન કર્મયોગી તાલીમ પ્રત્યેના શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ.”

### હેતુઓ

(1) માધ્યમિક શાળાના શિક્ષકોના સેવાકાલીન તાલીમ પ્રત્યેના અભિપ્રાયો જાણવા માટે અભિપ્રાયાવલિની રચના કરવી.

(2) માધ્યમિક શાળાના શિક્ષકોના સેવાકાલીન તાલીમ પ્રત્યેના અભિપ્રાયો જાણવા.

(3) માધ્યમિક શાળાના શિક્ષકોના સેવાકાલીન તાલીમના સ્થળ અને વ્યવસ્થા અંગેના અભિપ્રાયો જાણવા.

(4) માધ્યમિક શાળાના શિક્ષકોના સેવાકાલીન તાલીમ પરત્વેના તાલીમના તજજ્ઞો અંગે શિક્ષકોના અભિપ્રાયો જાણવા.

(5) માધ્યમિક શાળાના શિક્ષકોના સેવાકાલીન તાલીમ કાર્યક્રમો અંગે અભિપ્રાયો જાણવા.

## નમૂનો

સુરેન્દ્રનગર જિલ્લના 10 તાલુકાની માધ્યમિક શાળાના 100 શિક્ષકો. 20 આચાર્યો તથા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના 5 શિક્ષણ નિરીક્ષકોને નમૂના તરીકે પસંદ કર્યા હતા.

## ઉપકરણ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આયોજિત સેવાકાલીન કર્મયોગી તાલીમ પ્રત્યેના અભિપ્રાયો જાણવા માટે સંશોધકે ઉપકરણ સ્વરૂપે અભિપ્રાયાવલિની રચના કરી હતી.

## તારણો

(1) તાલીમની સમયાવધિ અંગેના અભિપ્રાયો આ મુજબ હતા. તાલીમની સમયાવધિ યોગ્ય ન હતી. તાલીમ લેવાના છ દિવસો વધુ હોવાથી શિક્ષકો માટે તાલીમ લેવી એ કંટાળાજનક કાર્ય બને છે.
(2)તાલીમનું સ્થળ અને વ્યવસ્થા અંગેના અભિપ્રાયો આ પ્રમાણે હતા. તાલીમનું સ્થળ બધા શિક્ષકોને અનુકૂળ હોય તે રીતે પસંદ કરાય છે. નિવાસી તાલીમને લીધે શિક્ષકો વચ્ચે નિકટતા કેળવાય છે.

(3) તજજ્ઞીય પાસા અંગેના અભિપ્રાયો આ પ્રમાણે હતા. નિષ્ણાંત અને સુસજ્જ તજજ્ઞો ઉત્સાહપૂવરક તાલીમ આપે છે. તજજ્ઞોના વ્યાખ્યાનો સમજવા અઘરા અને તેઓ પોતાના વિચારો લાદવા પ્રયત્ન કરે છે.

(4) તાલીમી કાર્યક્રમ અંગેના અભિપ્રાયો આ પ્રમાણે હતા. તાલીમી કાર્યક્રમમાં ઉદ્‌ઘાટનવિધિનો કાર્યક્રમ ખૂબ લાંબો અને બિન જરૂરી ભાષણોનું પ્રમાણ વધુ હોવાથી કંટાળાજનક બને છે. તાલીમી કાર્યક્રમોમાં થતી પ્રાર્થનામાં શિક્ષકો ઉત્સાહપૂર્વક ભાગ લે છે. તાલીમ કાર્યક્રમના અતિરેકથી

શિક્ષકો નિરુત્સાહી બને છે.

(5) તાલીમના ફાયદા અંગેના અભિપ્રાયો આ પ્રમાણે હતા. તાલીમમાં શિક્ષકો પોતાના મૌલિક અને સર્જનાત્મક વિચારો રજૂ કરવાનો મોકો મળે છે.તાલીમથી શિક્ષકની કાર્યક્ષમતા વધે છે.નિષ્ણાતોના પ્રવચનોને કારણે શિક્ષણની નવી જાણકારી પ્રાપ્ત થાય છે.

## 2.4 સમીક્ષા માટે સંશોધનોની લાક્ષણિકતાઓનું વિશ્લેષણ

સંશોધકે પ્રસ્તુત અભ્યાસના સંદર્ભમાં પૂર્વે થયેલા સંશોધનમાંથી ચૌદ સંશોધનોનો અભ્યાસ કર્યો હતો.જેમાંથી પી.એચ.ડી.કક્ષાએ થયેલા ત્રણ સંશોધનો,એમ.એડ્.કક્ષાએ થયેલા દસ સંશોધનોનો અભ્યાસ કર્યો હતો.સંશોધકે અભ્યાસ કરેલ સંશોધનો પૈકી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના , ભાવનગર યુનિવર્સિટી,બોમ્બે યુનિવર્સિટીના,એસ.પી. યુનિવર્સિટીના,સુરત અને ગુજરાત યુનિવર્સિટીના સંશોધનોનો અભ્યાસ કર્યો હતો.

સમીક્ષા માટે પસંદ થયેલ બધા જ સંશોધનોને નમૂનાના પાત્રોમાં વૈવિધ્ય જોવા મળ્યું હતું.જેમાં પ્રાથમિક શાળાના શિક્ષકો,શિક્ષિકાઓ,આચાર્યો અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના નિરીક્ષકોનો નમૂનામાં સમાવેશ થતો હતો.પી.એચ.ડી.કક્ષાના જે સંશોધનો લેવામાં આવ્યા હતા તે મોટા ભાગના સંશોધનો વ્યાપવિશ્વના 50% એટલે કે મોટો નમૂનો ધરાવતા હતા.એમ.એડ્.કક્ષાના સંશોધનોમાં નમૂનામાં 110 થી 449 જેટલા પાત્રો લેવામાં આવ્યા હતા.

સંબંધિત જે સંશોધનો લેવામાં આવ્યા હતા તેમા ઉપકરણ તરીકે પી.એચ.ડી.કક્ષાના સંશોધનોમાં એક કરતા વધારે ઉપકરણોનો ઉપયોગ થયો હતો.જેમાં પ્રશ્નાવલિ,અભિપ્રાયાવલિ મૂલ્યપરખ સંશોધની વ્યક્તિગત મુલાકાત વગેરેનો સમાવેશ થતો હતો. જ્યારે એમ.એડ્. કક્ષાના શોધનિબંધમાં પ્રશ્નાવલિ અને અભિપ્રાયાવલિનો ઉપકરણ તરીકે ઉપયોગ થતો હતો.

સમીક્ષા માટે જે સંશોધનોનો અભ્યાસ કરવામાં આવ્યો તેમાં સર્વેક્ષણ પધ્ધતિનો ઉપયોગ લગભગ દરેક સંશોધનોમાં થયો હતો.સંબંધિત સંશોધનોમાં માહિતીનું પૃથક્કરણ કાઇવર્ગ દ્વારા કરવામાં આવ્યું હતું.

આમ,સમીક્ષા માટે જે સંશોધનો પસંદ કરવામાં આવ્યા હતા તેમાં નમૂનો. ઉપકરણ, પૃથક્કરણ વગેરેની લાક્ષણિકતા શોધવામાં આવી હતી અને અલગ તારવવામાં આવી હતી.

## 2.5 પ્રસ્તુત સંશોધનની વિશેષતા

પૂર્વ થયેલા સંશોધનની સમીક્ષા પરથી સંશોધકે પ્રસ્તુત અભ્યાસની વિશેષતા આ પ્રમાણે વર્ણવી હતી.

(1) અગાઉ થયેલા સંશોધનમાં કોઇ એક જ વિષયવસ્તુ પ્રત્યેના અભિપ્રાયો જાણવાના પ્રયાસો થયા હતા. પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક શાળાના શિક્ષકો માટે યોજવામાં આવતી સેવાકલીન તાલીમ પ્રત્યેના શિક્ષકો,આચાર્યો તથા આયોજકોના (સી.આર.સી) અભિપ્રાયો જાણવામાં આવ્યા હતા.

(2) પ્રાથમિક શિક્ષણક્ષેત્રે કાર્ય કરતાં શિક્ષકોના શિક્ષક વ્યવસાય પ્રત્યેના ઘણાં જ સંશોધનો થયાં હતા. ઉપરાંત વિવિધ યોજનાઓ જેવી કે એમ.એલ.એલ. અંર્તગતના અભ્યાસો થયા હતા અને શિક્ષકોને શિક્ષણકાર્ય ઉપરાંતની સોંપવામાં આવતી કામગીરીના સંદર્ભમાં સંશોધનો થયેલા હતા. પરંતુ સેવાકાલીન તાલીમના સંદર્ભમાં એક સંશોધન થયેલું હતું જે તાલીમી કાર્યક્રમોની પ્રવૃત્તિઓ અને આયોજન અમલીકરણને લગતું હતું.જ્યારે પ્રસ્તુત સંશોધન પ્રાથમિક શાળના શિક્ષકોને અપાતી સેવાકાલીન તાલીમની અસરકારકતા,વ્યવસ્થાપન,વિષયવસ્તુની યોગ્યતા તથા લાભાલાભ તપાસવા માટે હાથ ધરેલ છે.

(3) પ્રસ્તુત અભ્યાસમાં પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકામાંથી સેવાકાલીન તાલીમ લીધેલા શિક્ષકો,આચાર્યો તથા આયોજકોને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

(4) આ અભ્યાસ દ્વારા પ્રાથમિક શિક્ષણના વિકાસ માટે યોજાતી સેવાકાલીન તાલીમ કેટલા અંશે અસરકારક છે.શિક્ષણકાર્યમાં તાલીમના આયોજનમાં શું મુશ્કેલી પડે છે તે શિક્ષકો,આચાર્યો તથા આયોજકોના અભિપ્રાયો દ્વારા જાણી શકાશે.આમ,પૂર્વે થયેલા સંશોધનો કરતા પ્રસ્તુત સંશોધન વિષયવસ્તુ અને પદ્ધતિની દષ્ટિએ આગવી વિશેષ ધરાવે છે**.**

## ઉપસંહાર

પોતાના વિષય પરત્વે થયેલ સંશોધનો તથા અન્ય સંબંધિત સાહિત્યના અભ્યાસથી સંશોધકને દિશા મળે છે.સંશોધકે કરેલ સંબંધિત સાહિત્યના અભ્યાસની વિગત પ્રકરણમાં દર્શાવેલ છે. હવે પછીના પ્રકરણ ત્રણમાં સંશોધન યોજના અને તેના આધારોમાં વ્યાપવિશ્વ,નમૂના પસંદગી,સંશોધન પદ્ધતિ, માહિતીનું ગુણાંકન અને માહિતી વિશ્લેષણ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલી છે.

# પ્રકરણ 3

# સંશોધન યોજના અને તેના આધારો

3.1 પ્રસ્તાવના

3.2 વિષયનો ઉદ્ભવ

3.3 વ્યાપવિશ્વ

3.4 નમૂનો

3.5 સંશોધન પદ્ધતિ

3.6 ઉપકરણ સંરચના

3.7 માહિતીનું એકઠીકરણ

3.8 માહિતી પૃથક્કરણની પ્રવિધિ

# પ્રકરણ 3

# સંશોધન યોજના અને તેના આધારો

## 3.1 પ્રસ્તાવના

જીવનના બીજા કાર્યની જેમ સંશોધન કાર્યનું આયોજન કરવું જરૂરી છે.કારણ કે,પૂર્વ વિચારણા અને તૈયારી વિના થતાં સંશોધનો ધ્યેયબિંદુએ પહોંચવા કરતાં આડાં અવળાં વિશેષ જાય છે તથા શક્તિ,સમયનો બગાડ થાય છે.

આયોજન જીવનની હર કોઇ પ્રવૃત્તિમાં સફળતા મેળવવાની ગુરૂચાવી છે.જીવનના દરેક ક્ષેત્રમાં આયોજનને મહત્ત્વ અપાયું છે. જો વિકાસ સાધવો હોય તો યોજના કરવી પડે.ચોક્કસ આયોજન વગર સંશોધન ક્રિયા પણ સુકાન વગરના વહાણ કે લંગર વગરની નાવ જેવી બની જાય.સંશોધનના હેતુઓથી કાર્યક્રમની શરૂઆત થાય છે.આ માટે માનસિક વિચાર કરવો જરૂરી છે.આ ચિંતન વિચારણા એ જ આયોજન.આમ,ચિંતનની એક તલસ્પર્શી સુવ્યવસ્થિત નોંધને આયોજન કહી શકાય.

## 3.2 વિષયનો ઉદ્દભવ

પ્રસ્તુત સંશોધન કેન્દ્ર સ્થાને સર્વશિક્ષા અભિયાન અને સી.આર.સી.દ્વારા આયોજિત સેવાકાલીન તાલીમ કાર્યક્રમો છે. પરિવારના સભ્યો પ્રાથમિક શિક્ષણ સાથે સંકળાયેલ હોય અને સંશોધકની અનુકૂળતા હોવાને લીધે આ ક્ષેત્રમાં સંશોધન કાર્ય કરવા માટે સંશોધકે આ વિષય પસંદ કરેલ છે.

## 3.3 વ્યાપવિશ્વ

વ્યાપવિશ્વ એ વ્યક્તિઓનું કોઇપણ એવું જૂથ છે કે જેની એક કે તેથી વધુ લાક્ષણિકતાઓ સામાન્ય હોય છે.વ્યાપવિશ્વમાં સુવ્યાખ્યાયિત કરાયેલા વર્ગના લોકો,બનાવો કે વસ્તુઓના બધા જ સભ્યોનો સમાવેશ થાય છે.ટૂંકમાં સંશોધનના તારણો જે સમૂહને લાગુ પાડવાની ધારણા હોય,તે સમૂહને વ્યાપવિશ્વ કહેવાય છે.

વ્યાપવિશ્વ એટલે "પસંદિત સંશોધન અભ્યાસ જે વિસ્તાર ક્ષેત્ર અથવા જે સમૂહને લાગું પડે તેને કહે છે."

**ધ ઇન્ટરનેશનલ ઇન સાઇક્લોપીડિયા ઓફ એજ્યુકેશન**(1985:371)માં ક્રિશ સૂચવે છે કે "વ્યાપવિશ્વને તેના વસ્તુ,એકમ,સીમા અને સામ્યના સંદર્ભમાં વર્ણવવું જોઇએ."

**હરિભાઇ અને કૃષ્ણકાંત દેસાઇ(1989:172)** અનુસાર "જેમાંથી પ્રયોગ માટેનો નમૂનો પસંદ કરવામાં આવ્યો હોય તે પાત્રો.વસ્તુઓ કે પ્રસંગોનો મૂળભૂત સમુદાય એટલે વ્યાપવિશ્વ."

ટૂંકમાં કહેવું હોય તો વ્યાપવિશ્વ એટલે વાસ્તવિક કે ઉત્કલ્પનાત્મક લોકો,પ્રસંગો કે વસ્તુઓના ગણના બધાં જ સભ્યો કે જેમના પર આપણે આપણા સંશોધનના પરિણામમાં સામાન્યીકરણો લાગું પાડવા માંગીએ છીએ.

પ્રસ્તુત અભ્યાસમાં પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાની પ્રાથમિક શાળાના શિક્ષકો, આચાર્યો અને આયોજકો(સી આર.સી) નો વ્યાપવિશ્વમાં સમાવેશ કરેલ છે.

## 3. 4 નમૂનો

"નિદર્શ એ અભ્યાસ કે સંશોધનના હેતુસર વ્યાપવિશ્વમાંથી પસંદ કરાયેલો તેનો જ એક ભાગ છે.શૈક્ષણિક સંશોધનો કે વર્તનવાદી વિજ્ઞાનોની અન્ય શાખાઓમાં સમગ્ર વિશ્વને આવરી લેવાનું વ્યવહારમાં શક્ય નથી અને વૈજ્ઞાનિક રીતે ઇચ્છનીય પણ નથી.આથી વ્યાપવિશ્વમાંથી યોગ્ય **નમૂના** પસંદગીની પ્રયુક્તિથી **નમૂનો** પસંદ કરી તેના પર સંશોધન હાથ ધરવામાં આવે છે. આમાં **નમૂનો** એ વ્યાપવિશ્વના એકમોનો ઉપગણ છે."

"**નમૂનો** એટલે વ્યાપવિશ્વનો એવો ભાગ કે જે વ્યાપવિશ્વનું પ્રતિનિધિત્વ કરતો હોય."

**–કર્લિંગર**

**નમૂનો** એ એક સ્પષ્ટ સમૂહનું લઘુ સ્વરૂપ છે."

**–પી.વી.યંગ**

વ્યાપવિશ્વનું પ્રતિનિધિત્વ ધરાવતો ભાગ એટલે **નમૂનો**.આવો **નમૂનો** પસંદ કરવાની કેટલીક પદ્ધતિઓ છે જે નીચે પ્રમાણે છે.

(1) યાદચ્છિક **નમૂના** પસંદગી

(2) સ્તરીકૃત યાદચ્છિક **નમૂના** પસંદગી

(3) યોજનાબદ્ધ **નમૂનો**

(4) ઝૂમખાંનમૂનો

(5) આનુષાંગિક **નમૂનો**

(6) સહેતુક નમૂનો

(7) સોપાની નમૂનો

(8) ક્રમબદ્ધ નમૂનો

નમૂનો પ્રાપ્તિ એ પસંદગીની પ્રક્રિયા છે.વ્યાપવિશ્વના બધાં પાત્રો પર સંશોધન કાર્ય હાથ ધરવું એ સમય,શક્તિ અને નાણાંની મર્યાદાને કારણે શક્ય નથી. કોઇપણ શૈક્ષણિક ઘટનામાં અનેક શૈક્ષણિક પાત્રો સમાયેલા હોય છે.સંશોધનકાર એ બધાંનું અવલોકન કરી શકે નહીં.બધાની મુલાકાત લેવાનું કે પ્રશ્નાવલી આપવાનું શક્ય બનતું નથી.આથી નમૂના પસંદગી કરવામાં આવે છે. આમ,નમૂનાની પસંદગી એ અગત્યની છે.કારણ કે,સંશોધનમાં મેળવેલ માહિતીનું સામાન્યીકરણ કરી નિષ્કર્ષો તારવવાના હોય છે.તેથી બને તેટલો આદર્શ નમૂનો લેવામાં આવે છે.

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સહેતુક નમૂના પસંદગી દ્વારા પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાની પ્રાથમિક શાળાના 30 શિક્ષકો, 5 આચાર્યો અને 5 આયોજકોને નમૂના તરીકે પસંદ કર્યા હતા.સંશોધકે સમય અને આર્થિક ખર્ચને ધ્યાનમાં રાખી સહેતુક નમૂનાની પસંદગી કરી હતી. જેની વિગત આ મુજબ છે.

## સારણી-૩.૧

## નમૂનામાં પસંદ થયેલા શિક્ષકો

| ક્રમ | શિક્ષકનું નામ | શળાનું નામ | વિસ્તાર |
|---|---|---|---|
| 1 | પ્રજાપતિ વિનુભાઇ સોમાભાઇ | અલવા પ્રાથમિક શાળા | ગ્રામ્ય |
| 2 | પટેલ અંકિતભાઇ કાંતિલાલ | મલાવ કુમાર શાળા | ગ્રામ્ય |
| 3 | મયુરભાઇ અમરતલાલ જોષી | મેંદાપુર પ્રાથમિક શાળા | ગ્રામ્ય |
| 4 | પરેશકુમાર વાડીલાલ પટેલ | મેંદાપુર પ્રાથમિક શાળા | ગ્રામ્ય |
| 5 | પટેલ મુકેશકુમાર કાળીદાસ | જેતપુર પ્રાથમિક શાળા | ગ્રામ્ય |
| 6 | વરીઆ કિંજલબેન મહેન્દ્રકુમાર | જેતપુર પ્રાથમિક શાળા | ગ્રામ્ય |
| 7 | નિમેષકુમાર ઇન્દવદન કનોજીયા | ઉતરેડીઆ પ્રાથમિક શાળા | ગ્રામ્ય |
| 8 | પ્રજાપતિ મિતેષકુમાર વાલાભાઇ | ઉતરેડીઆ પ્રાથમિક શાળા | ગ્રામ્ય |

| | | | |
|---|---|---|---|
| 9 | પટેલ આશ્રુતિબેન કનુભાઇ | રાબોડ પ્રાથમિક શાળા | ગ્રામ્ય |
| 10 | પટેલ કામિનીબેન અરવિંદભાઇ | રાબોડ પ્રાથમિક શાળા | ગ્રામ્ય |
| 11 | વાઘેલા પ્રેમિલાબેન ડાહ્યાભાઇ | કંડાચ પ્રાથમિક શાળા | ગ્રામ્ય |
| 12 | વરીયા હંસાબેન ભીમાભાઇ | દોલતપુરા પ્રાથમિક શાળા | ગ્રામ્ય |
| 13 | સોની સીમાબેન મોહનભાઇ | દોલતપુરા પ્રાથમિક શાળા | ગ્રામ્ય |
| 14 | પટેલ વસુબેન મણીલાલ | દેલોલ પ્રા. કુમાર શાળા | ગ્રામ્ય |
| 15 | પંડયા પ્રજ્ઞાબેન કાંતિભાઇ | દેલોલ પ્રા. કુમાર શાળા | ગ્રામ્ય |
| 16 | પટેલ સુમનબેન નાથાભાઇ | દેલોલ કન્યા શાળા | ગ્રામ્ય |
| 17 | ભટ્ટ હેમલત્તાબેન લાલશંકર | દેલોલ કન્યા શાળા | ગ્રામ્ય |
| 18 | પટેલ મહેશકુમાર રમેશભાઇ | ભગિની પ્રાથમિક શાળા | શહેરી |
| 19 | વાગેલા જયદિપસિંહ આર | ઉર્દુશાળા | શહેરી |
| 20 | પ્રવિણકુમાર નાનાભાઇ વાળંદ | કાલોલ કુમાર શાળા | શહેરી |
| 21 | પટેલ સચિનકુમાર રામદાસ | કાલોલ કુમાર શાળા | શહેરી |
| 22 | પરમાર ગીતાબેન દામુભાઇ | કાલોલ કુમાર શાળા | શહેરી |
| 23 | પંડયા અંકિતકુમાર મહરશભાઇ | કાલોલ કન્યા શાળા | શહેરી |
| 24 | ગઢવી લાભુભાઇ વાલાભાઇ | કાલોલ કન્યા શાળા | શહેરી |
| 25 | પટેલ નિતિનભાઇ રસિકભાઇ | કાલોલ કન્યા શાળા | શહેરી |
| 26 | પારેખ પરેશભાઇ ગણપતલાલ | કાલોલ કન્યા શાળા | શહેરી |
| 27 | શ્રીમતિ એ.આર.પટેલ | એમ.જી.એસ શાળા | શહેરી |
| 28 | જ્યોત્સનાબેન આર પટેલ | એમ.જી.એસ શાળા | શહેરી |
| 29 | એ.આર.ગોહીલ | સરસ્વતી પ્રા.શાળા | શહેરી |
| 30 | અવાબેન આદમભાઇ | સરસ્વતી પ્રા.શાળા | શહેરી |

## સારણી-૩.2

## નમૂનામાં પસંદ થયેલા આચાર્યો

| ક્રમ | નામ | વિસ્તાર |
|---|---|---|
| 1 | કાળુભાઇ એચ પરમાર | ગ્રામ્ય |
| 2 | હંસાબેન બી વરીઆ | ગ્રામ્ય |
| 3 | કાંતિભાઇ વાલજીભાઇ મકવાણા | ગ્રામ્ય |
| 4 | મુકેશભાઇ કાળીદાસ પટેલ | ગ્રામ્ય |
| 5 | જ્યોત્સનાબેન આર પટેલ | ગ્રામ્ય |

## સારણી-૩.૩

## નમૂનામાં પસંદ થયેલા આયોજકોની

| ક્રમ | નામ | વિસ્તાર |
|---|---|---|
| 1 | સુથાર ચંદ્રકાંત જ્યંતિલાલ | શેહરી |
| 2 | જોષી ગૌરાંગકુમાર કે | શેહરી |
| 3 | પટેલ રમેશભાઇ એસ | શેહરી |
| 4 | મનહરભાઇ પી ડાભી | શેહરી |
| 5 | મનોજભાઇ જાદવ | શેહરી |

### ૩.5 સંશોધન પદ્ધતિ

સંશોધન સમસ્યાનું સ્પષ્ટીકરણ અને પરિણામોની પ્રાપ્તિ વચ્ચે સંશોધક દ્વારા હાથ ધરાતાં સંશોધન વ્યવહારોને સંશોધન પદ્ધતિ કહી શકાય.કોઇપણ સંશોધન માટે માહિતી પ્રાપ્તિની સંતોષકારક પદ્ધતિ અંગે પૂરતું ધ્યાન આપવું જોઇએ.કોઇપણ સમસ્યાના ઊંડાણપૂર્વકના વિશદ અભ્યાસ માટે વ્યવસ્થિત અને પદ્ધતિસર કામ થાય તે જરૂરી છે.આ માહિતીના આધારે અર્થઘટન કરાય છે.અને પરિણામો મેળવી શકાય છે.

કોઇપણ સમસ્યાનો અભ્યાસ કરવો હોય તો તેના માટે જુદી-જુદી સંશોધન પદ્ધતિઓનો ઉપયોગ થાય છે.પદ્ધતિઓ નીચે પ્રમાણે છે.

(1) ઐતિહાસિક સંશોધન પદ્ધતિ

(2) પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

(3) કારણ-તુલનાત્મક સંશોધન પદ્ધતિ

(4) સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ

ઉપરની વિવિધ પદ્ધતિઓમાંથી સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ આ સંશોધન માટે ઉપયોગી છે. સર્વેક્ષણ પદ્ધતિનો મુખ્ય હેતુ પરિસ્થિતિનો તાગ મેળવવાનો છે. કોઇ પણ પાસાં કે બાબત પરત્વેના વર્તમાન વલણો કે હકીકતોનું સર્વેક્ષણ કરીને પોતાની ભલામણ રજૂ કરે છે.

સર્વેક્ષણનો શાબ્દિક અર્થ નિહાળવું કે એકદંર પરિસ્થિતિનું અવલોકન કરવું એવો થાય છે. સામાન્યતઃ મંતવ્યો કે માન્યતાઓનો અભ્યાસ સ્વાભાવિક પરિસ્થિતિમાં કરવામાં આવે છે.

“સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ એ કઇ માહિતી મેળવવાની છે અને કેવી રીતે તથા કોની પાસેથી મેળવવાની છે તે નિશ્ચિત કરતી ક્રમિક પદ્ધતિઓનો સમૂહ છે.”

સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ દ્વારા સામાજિક અને મનોવૈજ્ઞાનિક ચલોના ઘટનાક્રમ,વિતરણ અને આંતરસંબંધો શોધી કાઢવા વ્યાપવિશ્વમાંથી નમૂનો પસંદ કરી નમૂનાનો અભ્યાસ કરી વ્યાપવિશ્વનો અભ્યાસ કરવમાં આવે છે.

ઉપર્યુક્ત વ્યાખ્યાઓ પરથી કહી શકાય કે સર્વેક્ષણ સંશોધન પદ્ધતિએ ક્રમાનુસાર આકાર લેતી પ્રવિધિઓનો એવો સમૂહ છે કે જેના દ્વારા વ્યાપવિશ્વની ચોક્કસ લાક્ષણિકતાઓ અંગે સામાન્યીકરણો તારવામાં આવે છે.

**લક્ષણોઃ**

(1) તે એક વ્યવસ્થિત તંત્ર છે.કારણ કે,ચોક્કસ નિયમો અને તાર્કિક રીતે ગોઠવાયેલા ક્રમિક સોપાનોને અનુસરે છે.

(2) તે માહિતી મેળવવાની એક ઔપચારિક પ્રવિધિ છે. જે સંશોધકના વ્યક્તિત્ત્વ,મૂલ્યો. માન્યતાઓ અને વલણોથી મુક્ત છે.

(3) તે નાના નમૂનાનો અભ્યાસ કરીને વ્યાપક સમૂહ અંગે સામાન્યીકરણ કરે છે.

(4) તે પ્રવર્તમાન પરિસ્થિતિનો યથાવત સ્થિતિમાં અભ્યાસ કરે છે. કોઇપણ પ્રકારની કૃત્રિમ પરિસ્થિતિઓનું સર્જન કરવામાં આવતું નથી. કોઇ અંકુશ લાવવામાં આવતો નથી.

(5) તે પુનરાવર્તન કરી શકાય તેવી રીત છે.

(6)સંશોધકને પોતાના સીધા અનુભવથી ઉપર જઇને પરિસ્થિતિ જોવાની તક આપે છે.

## સર્વેક્ષણ પ્રકારના અભ્યાસની વિશેષતાઓ

(1) તેમાં નિદર્શ પ્રમાણમાં મોટો હોય છે.

(2)પ્રવર્તમાન જરૂરિયાત સંદર્ભે વિષયવસ્તુ લેવાય છે.

(3) સમષ્ટિ સામાન્ય હકિકતને આવરી લેવાય છે.

(4) સર્જિત જ્ઞાન ફેલાવવા ઉપયોગી છે.

(5) તેનું સ્વરૂપ સંખ્યાત્મક તેમજ ગુણાત્મક પણ છે.

## સર્વેક્ષણ પદ્ધતિની ઉપયોગિતા:

(1) સર્વેક્ષણ પદ્ધતિ વડે પ્રવર્તમાન સ્થિતિ સારી રીતે જાણી શકાય છે.

(2) વિવિધ ચલોના સંદર્ભમાં પરિસ્થિતિ તપાસી શકાય છે.

(3) નાના અભ્યાસો પરથી રચાતી ઉત્કલ્પનાની ચકાસણી કરી શકાય છે.

(4) ભવિષ્યની પરિસ્થિતિ અંગે આગાહી કરી શકાય છે.

(5) સૈદ્ધાંતિક તેમજ વ્યાવહારિક સમસ્યાઓનાં ઉકેલમાં તેનો ઉપયોગ થઇ શકે છે.

(6) સાદી સમસ્યાથી માંડીને જટિલ સામાજિક સમસ્યાઓનાં ઉકેલમાં તે મદદરૂપ થઇ શકે છે.

(7) રાજકીય સમસ્યાઓનાં ઉકેલમાં આ પદ્ધતિ સૌથી વધુ ઉપયોગી છે.

(8) તેના દ્વારા પ્રાથમિક કે મૂળભૂત માહિતી ઉદ્દભવે છે.

આમ,પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો. આ અભ્યાસમાં પ્રાથમિક શાળાના શિક્ષકો, આચાર્યો અને આયોજકોના અભિપ્રાયો મેળવવા માટે સર્વે કરવામાં આવ્યો હતો. સંશોધક રચિત અભિપ્રાયાવલિ દ્વારા સેવાકાલીન તાલીમ પ્રત્યેના અભિપ્રાયો મેળવવા પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાની પ્રાથમિક શાળાના શિક્ષકો, આચાર્યો તથા આયોજકો પાસેથી સર્વેક્ષણ દ્વારા માહિતી મેળવવામાં આવી હતી.

## ૩. ૬ ઉપકરણ સંરચના

સંશોધક અભ્યાસ યોજનાના ઘડતર સમયે માહિતી પ્રાપ્ત કરવા માટે કયા કયા ઉપકરણોનો ઉપયોગ કરવો તેનો વિચાર કરે છે. આ હેતુને ધ્યાનમાં રાખીને ઉપકરણનો ઉપયોગ કરવામાં આવે છે. અથવા સંશોધક એવો ઉપકરણની રચના કરે છે.

પ્રસ્તુત સંશોધનમમાં હેતુઓને અનુરૂપ માહિતી મેળવવા માટે તૈયાર ઉપકરણ પ્રાપ્ત ન હતું. આથી સર્વ શિક્ષા અભિયાન તથા સી. આર. સી. દ્વારા આયોજિત સેવાકાલીન તાલીમ પ્રત્યેના અભિપ્રાયો જાણવા માટે પ્રયોજકે ઉપકરણ સ્વરૂપે અભિપ્રાયાવલીની રચના કરી હતી.

સંશોધકે અભિપ્રાયાવલી સ્વરૂપના ઉપકરણની રચના કરવા માટે નિશ્ચિત સોપાનોને અનુસર્યા હતા. જે નીચે પ્રમાણે હતા.

**સોપાન–૧ વિષયવસ્તુ વિશ્લેષણ**

**સોપાન–2 વિધાનોનું સંપાદન**

**સોપાન–3 અભિપ્રાયાવલિનું પ્રાથમિક સ્વરૂપ**

**સોપાન–4 તજજ્ઞોના અભિપ્રાયો**

**સોપાન–5 દ્વિતીય સ્વરૂપની અભિપ્રાયાવલિ**

**સોપાન–6 પૂર્વેક્ષણ**

**સોપાન–7 અંતિમ સ્વરૂપની અભિપ્રાયાવલિ**

ઉપરોક્ત પ્રત્યેક સોપાનની વિગતે રજૂયાત હવે પછી ક્રમશઃ રજૂ કરેલ છે.

### સોપાન–૧ વિષયવસ્તુ વિશ્લેષણ

પ્રસ્તુત અભ્યાસના હેતુઓને અનુરૂપ આવશ્યક માહિતી મેળવવા માટે પ્રયોજકે અભિપ્રાયાવલિ સ્વરૂપના ઉપકરણની સંરચના માટે પ્રથમ સોપાન વિષયવસ્તુ વિશ્લેષણ અંતર્ગત પૂર્વતૈયારી, સંદર્ભ સાહિત્યનો અભ્યાસ, ભૂતકાલીન સંશોધનોનો અભ્યાસ તથા મુક્ત મુલાકાત જેવા તબક્કાઓ હાથ ધર્યા હતા.

### (1) પૂર્વતૈયારી

સંશોધકે ઉપકરણ સંરચનાની પૂર્વ તૈયારી કરવા માટે સંશોધન પધ્ધતિશાસ્તના પુસ્તકોમાં

સમાવિષ્ટ ઉપકરણ સંરચના અંગેની વિગતોનો અભ્યાસ કર્યો હતો.જે અભ્યાસ પરથી પ્રસ્તુત અભ્યાસના હેતુઓને અનુરૂપ માહિતી પ્રાપ્ત કરવા માટે અભિપ્રાયાવલિ સ્વરૂપના ઉપકરણની રચના કરેલ હતી. આ ઉપરાંત સંશોધકે સંશોધન સમસ્યા સાથે સંબંધિત સાહિત્યનો પૂરતો અભ્યાસ કરી અને સંબંધિત ભૂતકાલીન સંશોધનોનાં ઉપકરણોનો અભ્યાસ કરી અભિપ્રાયાવલિની રચના વિશેની વિગતો મેળવી હતી.

### (2) સંદર્ભ સાહિત્યનો અભ્યાસ

તાલીમ માર્ગદર્શિકા

સર્વ શિક્ષા અભિયાન મિશન

શિક્ષક તાલીમ મૌડ્યુલ–સર્વ શિક્ષા અભિયાન મિશન

વર્ગખંડમાં ટી.એમ.એલ નો અસરકારક ઉપયોગ–સર્વ શિક્ષા અભિયાન મિશન

જેન્ડર એજ્યુકેશન–સર્વ શિક્ષા અભિયાન મિશન

સર્વ શિક્ષા અભિયાન–તાલીમ માર્ગદર્શિકા–જી.સી.ઇ.આર.ટી

માહિતી પર સંશોધન વ્યવહારો–ડૉ.ડી.એ.ઉચાટ

શૈક્ષણિક સંશોધન–ડૉ.દિપિકા ભદ્રેશ શાહ

સંશોધકે ઉપર મુજબના સંદર્ભ સાહિત્યનો અભ્યાસ કર્યો હતો.

### (3) પૂર્વકાલીન સંશોધનોનો અભ્યાસ

સંશોધકે નીચે મુજબના પૂર્વે થયેલા સંશોધનોનો અભ્યાસ કર્યો હતો.

**દેસાઇ ડી. વી. (1974),** "1974 થી ગુજરાત રાજ્યના માધ્યમિક શિક્ષક-પ્રશિક્ષકના વિકાસનો અભ્યાસ" મહાશોધ નિબંધ ( ગુજરાત યુનિ.1974)

**વાળા એ.જે. (1979)**"તળાજા તાલુકાની પ્રાથમિક શિક્ષકોનો વ્યવસાય પ્રત્યેના સંતોષનો અભ્યાસ" એમ.એડ.લઘુશોધ નિબંધ,ભાવનગર યુનિવર્સિટી,ભાવનગર.

**મામા એ.કે(1980)**"મહરાષ્ટ્ર રાજ્યના શિક્ષકો પર સેવાકાલીન પ્રશિક્ષણની અસરનો અભ્યાસ" મહાશોધ નિબંધ, (બોમ્બે યુનિ.1980)

**યોદસુવાન વી. (1980)** થાઇલેન્ડમાં સેવાકાલીન શિક્ષક-પ્રશિક્ષણને અસર કરતાં પરિબળોનો અભ્યાસ મહાશોધ નિબંધ (સરદાર પટેલ યુનિ.1980)

**નિમાવત સી.એ. (2006)**"લઘુત્તમ અધ્યયન કક્ષા કાર્યક્રમ(એમ.એલ.એલ.યોજના) અંગે લોધિકા તાલુકાની પ્રાથમિક શાળાના શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ" સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ.

**ડામોર.એસ.જે. (2006)**"પ્રાથમિક શિક્ષણક્ષેત્રે યોજાતી સી.આર.સી.બેઠકોની પ્રવૃતિઓ અને શાળા કક્ષાએ થતું તેમનું અમલીકરણ" સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ, 2006

**પરમાર બી.પી. (2007)**"શિક્ષણમાં ગુણાત્મક સુધારણા અંતર્ગત કર્મયોગી યોજના તાલીમ પરત્વે શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ" એમ.એડ્.અપ્રકાશિત લઘુશોધ નિબંધ.સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, 2007

**ડાંગર બી.બી. (2007)**"સી.આર.સી.બેઠકો દ્વારા આયોજિત તાલીમી કાર્યક્રમોની અસરકારકતા અંગેના પ્રાથમિક શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ" એમ.એડ્.અપ્રકાશિત લઘુશોધ નિબંધ,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, 2007.

**વસીયાણી એન.જે. (2008)**"માધ્યમિક શાળાના શિક્ષકો માટે યોજવામાં આવતી સેવાકાલીન કર્મયોગી તાલીમ પ્રત્યેના શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ." એમ.એડ્.અપ્રકાશિત લઘુશોધ નિબંધ,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ, 2008.

**(4) મુક્ત મુલાકાત :**

સંશોધકે સંદર્ભ સાહિત્ય અને પૂર્વકાલીન સંશોધનોનો અભ્યાસ કર્યા બાદ અભિપ્રાયાવલિની રચના માટે તેમા કયા કયા વિભાગો અને તેને અનુરૂપ કેવા વિધાનો તૈયાર કરવા જોઇએ તેની વિગતો મેળવવા સેવાકાલીન તાલીમ સાથે સંકળાયેલા તજજ્ઞો, સી.આર.સી. પ્રાથમિક શાળાના આચાર્યો તથા શિક્ષકોની મુલાકાત લઇ માહિતી મેળવી હતી.

## સોપાન.2 વિધાનોનું સંપાદન

સંશોધકે અભિપ્રાયાવલિના વિષયવસ્તુ વિશ્લેષણ કાર્ય બાદ તેના વિભાગોને અનુરૂપ જરૂરી વિધાનોનું સંપાદન કરવા નમૂનાનાં પાત્રો એવા પ્રાથમિક શાળાના શિક્ષકો અને આચાર્યો તથા સી.આર.સી.ઓની રૂબરૂ મુલાકાત લઇ સેવાકાલીન તાલીમ કાર્યક્રમ વિશે પ્રતિભાવો મેળવ્યા હતા અને માર્ગદર્શન સાથે વિચાર-વિમર્શ કરી અભિપ્રાયાવલિનાં વિધાનોનું સંપાદન કર્યું હતું.

## સોપાન.3 અભિપ્રાયાવલિનું પ્રાથમિક સ્વરૂપ

સંશોધકે સંદર્ભ સાહિત્યનો અભ્યાસ કર્યા બાદ અને પ્રાથમિક શાળાના શિક્ષકો,આચાર્યો તથા સી.આર.સી.ની સાથે મુલાકાત યોજી પ્રશ્નોનું એકત્રીકરણ કરી માર્ગદર્શક સાથે ચર્ચા કરી અભિપ્રાયાવલિનું પ્રાથમિક સ્વરૂપ તૈયાર કર્યુ હતું.જેમાં શરૂઆતમાં શિક્ષકોની અભિપ્રાયાવલિમાં કુલ 88 વિધાનો,આચાર્યોની અભિપ્રાયાવલિમાં 15 વિધાનો અને આયોજકોની અભિપ્રાયાવલિમાં 15 વિધાનોને પ્રાથમિક સ્વરૂપમાં સ્થાન આપવામાં આવ્યું હતું.જ્યારે વ્યાકરણ,પશ્ન બંધારણ, અસ્પષ્ટ અપૂર્ણ,સુસંગત ન હોય તેવા પ્રશ્નો દુર કર્યા હતા.આ વિધાનોને સેવાકાલીન તાલીમના મહત્વના છ વિભાગો પર અભિપ્રાય મેળવવાના હોઇ જે તે વિભાગમાં આવ્યા હતા. પ્રત્યેક વિભાગનાં નામ તથા તેને અનુલક્ષીને વિધાનની સંખ્યા દર્શાવતી સારણી–૩.4 સ્વરૂપે રજૂ કરેલ છે.

**સારણી–૩.4**

**શિક્ષકોની અભિપ્રાયાવલિના પ્રાથમિક સ્વરૂપનાં વિભાગો અને વિધાનોની સંખ્યા**

| ક્રમ | વિભાગનું નામ | વિધાનોની સંખ્યા |
|---|---|---|
| 1 | તાલીમનો સમય | 5 |
| 2 | તાલીમનું સ્થળ અને વ્યવસ્થા | 11 |
| 3 | તજજ્ઞીય પાસા | 5 |
| 4 | તાલીમી કાર્યક્રમ | 20 |
| 5 | તાલીમના ફાયદાઓ | 16 |
| 6 | વિષયવસ્તુની અસરકારકતા | 31 |

આ ઉપરાંત પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે આચાર્યો અને તાલીમના આયોજકો (સી.આર.સી.) પાસેથી અભિપ્રાયો મેળવવા માટેની પણ અભિપ્રાયાવલિની રચના કરેલ હતી. જેમાં આચાર્યોની પ્રાથમિક સ્વરૂપની અભિપ્રાયાવલિમાં 15 વિધાનો અને આયોજકો(સી.આર.સી.) ની પ્રાથમિક સ્વરૂપની અભિપ્રાયાવલિમાં 15 વિધાનો હતા.

## સોપાન.4 તજજ્ઞોના અભિપ્રાયો

સંશોધકે તૈયાર કરેલ પ્રાથમિક સ્વરૂપની અભિપ્રાયાવલિઓ વિષયવસ્તુ,વિભાગ અનુસાર

સુસંગત, વાક્ય રચના તથા વાક્ય બંધારણ જેવી બાબતોની ચકાસણી માટે સેવાકાલીન તાલીમ સાથે સંકળાયેલા 2 તજજ્ઞો અને સંશોધન કર્યા સાથે સંકળાયેલા 3 તજજ્ઞો એક કુલ મળી 5 તજજ્ઞોને આપેલ હતી.

## સોપાન. 5 દ્વિતીય સ્વરૂપની અભિપ્રાયાવલિ

પ્રાથમિક સ્વરૂપની અભિપ્રાયાવલિ પર કુલ 5 તજજ્ઞો એ આપેલા પ્રતિભાવો અને સૂચનો ધ્યાનમાં લઇ સંશોધકે માર્ગદર્શક સાથે વિચાર-વિમર્શ કરી અભિપ્રાયાવલિનું દ્વિતીય સ્વરૂપ તૈયાર કર્યુ.

## સોપાન. 6 પૂર્વેક્ષણ

દ્વિતીય સ્વરૂપની અભિપ્રાયાવલિઓનું પૂર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. આ માટે પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાની પ્રાથમિક શાળાના 10 શિક્ષકો, 5 આચાર્યો, 3 સી. આર. સી. ને અભિપ્રાયાવલિઓ આપવામાં આવી હતી.

## સોપાન. 7 અંતિમ સ્વરૂપની અભિપ્રાયાવલિ

તજજ્ઞોના અભિપ્રાય તેમજ પૂર્વેક્ષણ બાદ મળેલ વિગતોને આધારે જરૂરી સુધારા વધારા કર્યા બાદ સંશોધકે માર્ગદર્શક સાથે વિચાર-વિમર્શ કરી તેના સૂચનોને આધારે અભિપ્રાયાવલિઓનું અંતિમ સ્વરૂપ તૈયાર કર્યુ હતું. અંતિમ સ્વરૂપની શિક્ષકોની અભિપ્રાયાવલિના છ વિભાગમાં સમાયેલાં વિધાનોની સંખ્યા સારણીમાં રજૂ કરેલ છે

**સારણી 3. 5**

**અંતિમ સ્વરૂપની શિક્ષકોની અભિપ્રાયાવલિના વિભાગો અને**

**વિધાનોની સંખ્યા**

| ક્રમ | વિભાગનું નામ | વિધાનોની સંખ્યા |
|---|---|---|
| 1 | તાલીમનો સમય | 5 |
| 2 | તાલીમનું સ્થળ અને વ્યવસ્થા | 5 |
| 3 | તજજ્ઞીય પાસા | 5 |
| 4 | તાલીમી કાર્યક્રમ | 14 |
| 5 | તાલીમના ફાયદાઓ | 10 |
| 6 | વિષયવસ્તુની અસરકારકતા | 23 |

સારણીમાં દર્શાવ્યા પ્રમાણે અંતિમ સ્વરૂપની શિક્ષકની અભિપ્રાયાવલિમાં છ વિભાગને અનુલક્ષીને કુલ 52 વિધાનોને સમાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત અંતિમ સ્વરૂપની આચાર્યોની અને આયોજકોની અભિપ્રાયાવલિમાં 11 વિધાનોને સમાવવામાં આવ્યા હતા. અભિપ્રાયાવલિના પ્રત્યેક વિભાગમાં વિધાનની સામે આપેલા ખાનામાં શિક્ષકો, આચાર્યો અને આયોજકોએ પ્રતિભાવો આપવાના હતા. પ્રત્યેક વિધાગમાં વિધાનની સામે સંપૂર્ણ સંમત, સંમત. તટસ્થ, અસંમત અને સંપૂર્ણ અસંમત એમ પાંચ ખાના આપવામાં આવ્યા હતા. તેની નીચે આપેલા ખાનામાં (ખરા)ની નિશાની કરવાની હતી. અભિપ્રાયાવલિના પ્રથમ પાના ઉપર પ્રાસ્તાવિક પત્ર તથા શિક્ષકો વિશેની સામાન્ય માહિતી અંગેની સ્પષ્ટતા મેળવવા માટેની વિગતો રજુ કરેલ હતી.

આમ, પ્રાથમિક શાળાના શિક્ષકોને આપવામાં આવતી સેવાકાલીન તાલીમના અભિપ્રાયો જાણવા માટે શિક્ષકો. આચાર્યો તથા આયોજકો માટેની અંતિમ સ્વરૂપની અભિપ્રાયાવલિ રચવામાં આવી હતી.

## 3.7 માહિતીનું એકત્રીકરણ

સમસ્યાના સંદર્ભમાં માહિતીનું એકત્રીકરણ કરવું એ સંશોધનનું હાર્દરૂપ કાર્ય છે.

સંશોધકે પ્રસ્તુત અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખી સમગ્ર નમૂનાના પાત્રોની રૂબરૂ મુલાકાત લઇ માહિતી એકત્ર કરવાનો પ્રયાસ કર્યો હતો. તે માટે સંશોધકે પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના 30 શિક્ષકો, 5 આચાર્યો અને 5 આયોજકોને અભિપ્રાયવલિ આપવામાં આવી હતી. શિક્ષકો, આચાર્યો અને આયોજકો દ્વારા અભિપ્રાયાવલિના પ્રત્યેક વિધાનોનો સ્પષ્ટ પ્રતિચાર મળે તે માટે સંશોધકે તેમની સાથે સાયુજ્ય સ્થાપવાનો પૂરતો પ્રયાસ કર્યો હતો.

## 3.8 માહિતી પૃથક્કરણની પ્રવિધિ

સંશોધન માટેના ઉપકરણો દ્વારા એકત્ર કરેલ માહિતીનું પૃથક્કરણ ખૂબ જ કાળજી માંગી લે તેવું આવશ્યક પાસું છે. જો માહિતીના પૃથક્કરણની રીત અગાઉથી નિશ્ચિત ન કરવામાં આવે તો સંશોધક માહિતીની જાળમાં ફસાઇ જાય છે. આના ઉકેલ માટે માહિતી પૃથક્કરણની રીત અગાઉથી નક્કી કરી લેવી એ લાભદાયી સાબિત થાય છે. આ અભ્યાસમાં સંશોધક દ્વારા એકત્ર કરેલ માહિતી અભિપ્રાય સ્વરૂપે મળી હતી. શિક્ષકો, આાચર્યો અને આયોજકોએ આપેલા પ્રતિચારો સંપૂર્ણ સંમત, સંમત, તટસ્થ, અસંમત અને સંપૂર્ણ અસંમત એમ પાંચ સ્વરૂપે મળેલા હતા. આ પ્રતિચારોરૂપે

મળેલ માહિતીનું પૃથક્કરણ શતમાન અધારે કરવામાં આવ્યું હતું.જેની વિસ્તૃત રજૂઆત પ્રકરણ–4 માં કરેલ છે.

## ઉપસંહાર:

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધનની યોજનાની સંપૂર્ણ માહિતી આપવામાં આવેલ છે. હવે પછીના પ્રકરણમાં પ્રાપ્ય માહિતીનું પૃથક્કરણ તથા અર્થઘટનની રજૂઆત કરવામાં આવી છે.

# પ્રકરણ 4

# માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન

4.1 પ્રસ્તાવના

4.2 માહિતીનું સ્વરૂપ અને પૃથક્કરણની રીત

4.3 સેવાકાલીન તાલીમ પ્રત્યેના શિક્ષકના અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટન

4.4 સેવાકાલીન પ્રત્યેના આચાર્યોના અભિપ્રાયોનું પૃથક્કણ અને અર્થઘટન

4.5 સેવાકાલીન પ્રત્યેના આયોજકો(સી.આર.સી)ના અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટન

# પ્રકરણ 4

# માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન

## 4.1 પ્રસ્તાવના

સંશોધનકાળ દરમિયાન એકત્ર કરેલ માહિતીનું પૃથક્કરણ કરવાનું છે. આ પ્રયાસ ખૂબ જ સુઆયોજિત હોવો જોઇએ. એકવાર જ્યારે માહિતીનું વિભાગીકરણ કરી કોઠામાં ગોઠવી દેવામાં આવે છે. ત્યારબાદ તેનું પૃથક્કરણ કરવાનું આવશ્યક બને છે. પૃથક્કરણ એવી પ્રક્રિયા છે, જેમાં સંશોધનનું પરિણામ આપવામાં આવે છે અને એકત્ર કરેલ માહિતીના આધારે તારણો તારવામાં આવે છે.

પૃથક્કરણ અને અર્થઘટનની પ્રક્રિયા ખૂબ જ પરિશ્રમ માંગી લે તેવી છે. એ માટે સંશોધનની ધીરજ, સૂઝ અને મૌલીકતા હોવી જરૂરી છે. જો એ ન હોય તો વાસ્તવિક હેતુ સિદ્ધ ન થાય. પ્રસ્તુત પ્રકરણમાં સંશોધકે સ્વયં એકત્ર કરેલ માહિતીને ચોક્કસ રીતે રજૂ કરી તેનું પૃથક્કરણ અને અર્થઘટન કરવાનો પ્રયત્ન કર્યો છે.

પ્રસ્તુત સંશોધન પ્રાથમિક શિક્ષણક્ષેત્રે યોજાતી સર્વ શિક્ષા અભિયાન અને સી. આર. સી. દ્વારા આોયજિત સેવાકાલીન પ્રાથમિક તાલીમ પ્રત્યેના અભિપ્રાયો મેળવવાનો હતો. આ માટે પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાની પ્રાથમિક શાળાના 30 શિક્ષકો, ૫ આચાર્યો અને ૫ આયોજકો (સી. આર. સી)ના પ્રતિચારો મેળવવામાં આવ્યા હતા. તે માટે સંશોધકે તમામ શિક્ષકો, આચાર્યો અને આયજિકો(સી. આર. સી. )ની રૂબરૂ મુલાકાત લઇ અભિપ્રાયાવલિ આપી હતી અને તેના દ્વારા માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી. આ અભિપ્રાયાવલિ દ્વારા અભિપ્રાયરૂપે પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન આ પ્રકરણમાં રજૂ કરેલ છે.

## 4. 2 માહિતીનું સ્વરૂપ અને પૃથક્કરણની રીત

આ અભ્યાસ દરમિયાન અભિપ્રાયાવલિના વિધાનોના પ્રતિચારોની આવૃતિ સ્વરૂપે મેળવવામાં આવી હતી. શિક્ષકની અભિપ્રાયાવલિમાં જુદા-જુદા છ વિભાગો તાલીમનો સમય, તાલીમનું સ્થળ અને વ્યવસ્થા, તજજ્ઞીય પાસા, તાલીમી કાર્યક્રમ, તાલીમના ફાયદાઓ અને વિષયવસ્તુની અસરકારકતાને અનુલક્ષી કુલ 52 વિધાનો રચ્યાં હતા. ઉપરાંત આચાર્યોની

અભિપ્રાયાવલિમાં કુલ 12 વિધાનો અને આયોજકોની અભિપ્રાયાવલિમાં કુલ 11 વિધાન રચ્યાં હતા. આ વિધાનોની માહિતી શિક્ષકો, આચાર્યો અને આયોજકો(સી. આર. સી)એ ભરવાની હતી. દરેક વિભાગમાં રજૂ કરેલા વિધાન સામે સંપૂર્ણ સંમત, સંમત, તટસ્થ, અસંમત કે સંપૂર્ણ અસંમત રીતે પ્રતિચાર આપવાના હતા. આ રીતે મળેલા પ્રતિચારોની માહિતી પરથી વિષયવસ્તુના પૃથક્કરણ માટે શતમાનનો ઉપોયગ કર્યો હતો.

## 4.3 સેવાકાલીન તાલીમ પ્રત્યેના શિક્ષકોના અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટન

સંશોધકે સેવાકાલીન તાલીમના અભિપ્રાયો સ્વરચિત અભિપ્રાયાવલિ દ્વારા મેળવ્યા હતા. મળેલ માહિતી જુદા-જુદા છ વિભાગ અંતર્ગત દર વિધાનોના અભિપ્રાયો સ્વરૂપે હતી. જેનું વિભાગ અનુસાર પૃથક્કરણ અને અર્થઘટન હવે પછી રજૂ કરેલ છે.

### 4.3.1 વિભાગ-1 'તાલીમનો સમય'ને અનુલક્ષીને મળેલા અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટન

અભિપ્રાયાવલિના આ પ્રથમ વિભાગમાં પાંચ વિધાનો હતા. આ વિધાનો પર શિક્ષકોએ આપેલા સંપૂર્ણ સંમત, સંમત. તટસ્થ, અસંમત અને સંપૂર્ણ અસંમત પ્રતિચાર પૈકીની આવૃત્તિઓ શોધવામાં આવી હતી. ત્યારબાદ મળેલી આવૃતિઓની ગણતરી શતમાન દ્વારા કરવામાં આવી હતી.

આમ, પ્રત્યેક વિધાનના સંદર્ભમાં મળેલા અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટનની રજૂઆત સારણી 4.1 માં દર્શાવેલ છે.

**સારણી-4 .1**
**તાલીમના સમયને અનુલક્ષીને મળેલ અભિપ્રાયોનું પૃથકકરણ અને અર્થઘટન**

| વિધાન | સંપૂર્ણ અસંમત | અસંમત | તટસ્થ | સંમત | સંપૂર્ણ સંમત |
|---|---|---|---|---|---|
| 1. તાલીમનો સમય યોગ્ય હતો. | | | | 80% | 20% |
| 2. તાલીમનો ગાળો વધુ પડતો લાંબો હોય છે. | | 50% | 20% | 26.66% | 3.33% |
| 3. તાલીમ દર વર્ષે મળવી જોઇએ. | | 3.33% | 6.66% | 43.33% | 46.% |
| 4. તાલીમ જ્યારે અભ્યાસક્રમ બદલાય તે અનુસંધાનમાં જ મળવી જોઇએ. | | 10% | 6.66% | 36.66% | 46.66% |
| 5. તાલીમનો ગાળો લાંબો હોવાથી કંટાળા જનક બને છે. | 3.33% | 46.66% | 23.33% | 26.66% | |

**સારણી-4.1 નું અવલોકન કરતાં જણાય છે કે,**

(1) ***તાલીમની સમય યોગ્ય હતો.*** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 80% સંમત તથા 20% સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે. આથી કહી શકાય કે તાલીમનો સમય યોગ્ય હોય છે.


(2) ***તાલીમની ગાળો વધુ પડતી લાંબો હોય છે.*** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 50% અસંમત, 20% તટસ્થ 26.66% સંમત તથા 3.33% સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે. આથી કહી શકાય કે 50% શિક્ષકોને તાલીમનો ગાળો વધુ પડતો લાંબો લાગતો નથી. જ્યારે 20% શિક્ષકો એ પોતાનો મત તટસ્થમાં દર્શાવેલ છે. 30% શિક્ષકોને તાલીમનો ગાળો વધુ પડતો લાંબો લાગે છે.

(3) ***તાલીમ દર વર્ષે મળવી જોઇએ.*** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 3.33% અસંમત, 6.66% તટસ્થ, 43.33% સંમત તથા 46.% સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે. આથી કહી શકાય કે 90% શિક્ષકો એમ માને છે કે તાલીમ દર વર્ષે મળવી જોઇએ.

(4) **તાલીમ જ્યારે અભ્યાસક્રમ બદલાય તે અનુસંધાનમાં જ મળવી જોઇએ.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 10% અસંમત, 6.66% તટસ્થ, 36.66% સંમત 46.66% સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે. આથી કહી શકાય કે 84% શિક્ષકો માને છે કે તાલીમ અભ્યાસક્રમબદલાય તે અનુસંધાનમાં મળવી જોઇએ. જ્યારે 10% શિક્ષકો માને છે કે તાલીમ અભ્યાસક્રમ બદલાય તે અનુસંધાનમાં ન મળવી જોઇએ.

(5) **તાલીમનો ગાળો લાંબો હોવાથી કંટાળા જનક બને છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 3.33% સપૂર્ણ અસંમત, 46.66% અસંમત, 23.33% તટસ્થ તથા 26.66% સંમતમાં દર્શાવેલ છે. આથી કહી શકાય કે 50% શિક્ષકો માને છે કે તાલીમનો ગાળો લાંબો હોવાથી કંટાળા જનક બનતો નથી જ્યારે 23.33% શિક્ષકો તટસ્થ છે તથા 26.66% શિક્ષકો માને છે કે તાલીમનો ગાળો લાંબો હોવાથી કંટાળાજનક બને છે.

**તાલીમના સમયને અનુલક્ષીને મળેલ અભિપ્રાયોનો ચાર્ટ**




## 4.3.2 વિભાગ-2 'તાલીમનું સ્થળ અને વ્યવસ્થાને'અનુલક્ષીને મળેલા અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટન

અભિપ્રાયાવલિના આ વિભાગ-2 માં પાંચ વિધાનો હતા.આ વિધાનો પર શિક્ષકોએ આપેલા સંપૂર્ણ સંમત, સંમત. તટસ્થ, અસંમત અને સંપૂર્ણ અસંમત પ્રતિચાર પૈકીની આવૃત્તિઓ શોધવામાં આવી હતી.ત્યારબાદ મળેલ આવૃત્તિઓ અને અપેક્ષિત આવૃત્તિઓ પરની ગણતરી શતમાન દ્વારા કરવામાં આવી હતી.

આમ,પ્રત્યેક વિધાનના સંદર્ભમાં મળેલા અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટનની તથા રજૂઆત સારણી 4.2 માં દર્શાવેલ છે.

## સારણી-4 .2

### તાલીમનુ સ્થળ અને વ્યવસ્થાને અનુલક્ષીને મળેલ અભિપ્રાયોની પૃથક્કરણ અને અર્થઘટન

| વિધાન | સંપૂર્ણ અસંમત | અસંમત | તટસ્થ | સંમત | સંપૂર્ણ સંમત |
|---|---|---|---|---|---|
| 1. તાલીમનુ સ્થળ બધા શિક્ષકોને આવવા જવા માટે અનુકૂળ હોય તે રીતે પસંદ કરવામાં આવે છે. | | 3.33% | 3.33 % | 63. 33% | 30% |
| 2. તાલીમ જુદા-જુદા સ્થળે ગોઠવાવી જોઇએ કે જેથી નવી-નવી સંસ્થાઓથી પરિચિત થવાનો મોકો મળે. | | | 6.66% | 60% | 33.33% |
| ૩. 15 એક વર્ષથી વધુ અનુભવી શિક્ષકોને તાલીમમાંથી મુક્ત રાખવા જોઇએ. | | 63.33% | 16.66% | 16.66% | 3.33% |
| 4. તાલીમ દરમિયાન આપવામાં આવતુ ભોજન યોગ્ય હોય છે. | | 20% | 13.33% | 56.66% | 16% |
| 5. તાલીમ માટે પસંદ કરેલ સ્થળ પર પુરતી સુવિધા હોય છે. | | 3.33% | 10% | 60% | 26.66% |

### સારણી-4. 2 નું અવલોકન કરતાં જણાય છે કે,

(1) **તાલીમનું સ્થળ બધા શિક્ષકોને આવવા જવા માટે અનુકૂળ હોય તે રીતે પસંદ કરવામાં આવે છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 3.33% અસંમત, 3.33% તટસ્થ, 63. 33% સંમત તથા 30% સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે. આથી કહી શકાય કે 93 % શિક્ષકો માને છે કે તાલીમનુ સ્થળ બધા શિક્ષકોને આવવા જવા માટે અનુકૂળ હોય તે રીતે પસંદ કરવામાં આવે છે.


(2) **તાલીમ જુદા-જુદા સ્થળે ગોઠવાવી જોઇએ કે જેથી નવી-નવી સંસ્થાઓથી પરિચિત થવાનો મોકો મળે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત તટસ્થ, 60% સંમત તથા 33.33% સંપૂર્ણ સંમતમાં પોતાનો મત દર્શાવેલ છે. આથી કહી શકાય કે 93% શિક્ષકો માને છે કે તાલીમ જુદા-જુદા સ્થળે ગોઠવાવી જોઇએ કે જેધી નવી-નવી સંસ્થાઓથી પરિચિત થવાનો મોકો મળે છે.

(3) **15 એક વર્ષથી વધુ અનુભવી શિક્ષકોને તાલીમમાંથી મુક્ત રાખવા જોઇએ.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 63.33% અસંમત, 16.66% તટસ્થ, 16.66% સંમત તથા 3.33% સંપૂર્ણ સંમત દર્શાવેલ છે. આથી કહી શકાય કે 63.33% શિક્ષકો માને છે કે 15 એક વર્ષથી વધુ અનુભવી શિક્ષકોને તાલીમમાંથી મુક્ત રાખવા જોઇએ **નહી**. જયારે 20% શિક્ષકો માને છે કે 15 એક વર્ષથી વધુ અનુભવી શિક્ષકોને તાલીમમાંથી મુક્ત રાખવા જોઇએ.

**(4) તાલીમ દરમિયાન આપવામાં આવતુ ભોજન યોગ્ય હોય છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 20% અસંમત, 13.33% તટસ્થ, 56.66% સંમત તથા 16% સંપૂણ સંમતમાં દર્શાવેલ છે. આ પરથી કહી શકાય કે 20% શિક્ષકો માને છે કે તાલીમ દરમિયાન આપવામાં આવતું ભોજન યોગ્ય હોય હોતુ **નથી** જ્યારે 73% શિક્ષકો માને છે કે તાલીમ દરમિયાન આપવામાં આવતું ભોજન યોગ્ય હોય છે.

**(5) તાલીમ માટે પસંદ કરેલ સ્થળ પર પુરતી સુવિધા હોય છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 3.33% અસંમત, 10% તટસ્થ, 60% સંમત તથા 26.66% સંપૂર્ણ સંમતમાં પોતાનો મત દર્શાવેલ છે. આથી કહી શકાય કે 60% શિક્ષકો સંમત 26.66% સંપૂર્ણ સંમતમાં પોતાનો મત દર્શાવેલ છે. એટલે કે તાલીમ માટે પસંદ કરેલ સ્થળ પર પુરતી સુવિધા હોયછે.

## તાલીમનું સ્થળ અને વ્યવસ્થાને અનુલક્ષીને મળેલ અભિપ્રાયોનો ચાર્ટ




### 4.3.3 વિભાગ–3

અભિપ્રાયાવલિના આ વિભાગ–3 માં પાંચ વિધાનો હતા.આ વિધાનો પર શિક્ષકોએ આપેલા સંપૂર્ણ સંમત, સંમત. તટસ્થ, અસંમત અને સંપૂર્ણ અસંમત પ્રતિચાર પૈકીની આવૃત્તિઓ શોધવામાં આવી હતી.ત્યારબાદ મળેલ આવૃત્તિઓ અને અપેક્ષિત આવૃત્તિઓ પરની ગણતરી શતમાન દ્વારા કરવામાં આવી હતી.

આમ,પ્રત્યેક વિધાનના સંદર્ભમાં મળેલા અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટનની તથા રજૂઆત સારણી 4.3 માં દર્શાવેલ છે.

## સારણી 4 .3

### તજજ્ઞો પાસાને અનુલક્ષીને મળેલ અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટન

| વિધાન | સંપૂર્ણ અસંમત | અસંમત | તટસ્થ | સંમત | સંપૂર્ણ સંમત |
|---|---|---|---|---|---|
| 1. તાલીમ યોગ્ય નિષ્ણાતો દ્વારા અપાય છે. | | 3.33% | 6.66% | 60% | 30% |
| 2. તજજ્ઞો ઉત્સાહ પૂર્વક તાલીમ આપે છે. | | 6.66% | 10% | 50% | 33.33% |
| 3. તાલીમ આપનાર તજજ્ઞો તાલીમ આપવા માટે સુસજ્જ (યોગ્ય)હોય છે. | | 6.66% | 10% | 50% | 33.33% |
| 4. તજજ્ઞો દ્વારા અપાતા વ્યખ્યાનો સમજવા અઘરા લાગે છે. | | 73.33% | 13.33% | 13.33% | |

**સારણી–4.3 નું અવલોકન કરતાં જણાય છે કે,**


**1. તાલીમ યોગ્ય નિષ્ણાતો દ્વારા અપાય છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 3.33% અસંમત, 6.66% તટસ્થ, 60% સંમત તથા 30% સંપૂર્ણ સંમતમાં દર્શાવે છે. આ પરથી કહી શકાય કે 90% શિક્ષકો માને છે કે તાલીમ યોગ્ય નિષ્ણાતો દ્વારા અપાય છે.

**2. તજજ્ઞો ઉત્સાહ પૂર્વક તાલીમ આપે છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 6.66% અસંમત, 10% તટસ્થ, 50% સંમત તથા 33.33% સંપૂર્ણ સંમતમાં પોતાના મત દર્શાવેલ છે. આથી કહી શકાય કે તજજ્ઞો ઉત્સાહ પૂર્વક તાલીમ આપે છે.

**3. તાલીમ આપનાર તજજ્ઞો તાલીમ આપવા માટે સુસજ્જ (યોગ્ય)હોય છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 6.66% અસંમત, 10% તટસ્થ, 50% સંમત તથા 33.33% સંપૂર્ણ સંમતમાં પોતાના મત દર્શાવેલ છે. આ પરથી કહી શકાય કે આ વિધાનમાં 83% શિક્ષકો માને છે કે તાલીમ આપનાર તજજ્ઞો તાલીમ આપવા માટે સુસજ્જ (યોગ્ય)હોય છે.

**4.તજજ્ઞો દ્વારા અપાતા વ્યખ્યાનો સમજવા અઘરા લાગે છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 73.33% અસંમત, 13.33% તટસ્થ તથા 13.33% સંમતમાં દર્શાવેલ છે. આ વિધાનમાં 73.33% શિક્ષકો અસંમત પ્રતિચાર દર્શાવેલ છે. આથી કહી શકાય કે તજજ્ઞો દ્વારા અપાતા વ્યખ્યાનો સમજવા અઘરા લાગતા નથી.

**તજજ્ઞીય પાસાને અનુલક્ષીને મળેલ અભિપ્રાયોનો ચાર્ટ**




## 4.3.4 વિભાગ-4

અભિપ્રાયાવલિના આ વિભાગ-4 માં પાંચ વિધાનો હતા. આ વિધાનો પર શિક્ષકોએ આપેલા સંપૂર્ણ સંમત, સંમત. તટસ્થ, અસંમત અને સંપૂર્ણ અસંમત પ્રતિચાર પૈકીની આવૃત્તિઓ શોધવામાં આવી હતી. ત્યારબાદ મળેલ આવૃત્તિઓ અને અપેક્ષિત આવૃત્તિઓ પરની ગણતરી શતમાન દ્વારા કરવામાં આવી હતી.

આમ, પ્રત્યેક વિધાનના સંદર્ભમાં મળેલા અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટનની તથા રજૂઆત સારણી 4.4 માં દર્શાવેલ છે.

## સારણી 4 .4

## તાલીમના કાર્યક્રમને અનુલક્ષીને મળેલ અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટન

| વિધાન | સંપૂર્ણ અસંમત | અસંમત | તટસ્થ | સંમત | સંપૂર્ણ સંમત |
|---|---|---|---|---|---|
| 1. તાલીમમાં વિવિધ શિક્ષણ પધ્ધતિઓનો સમાવેશ કરવામાં આવે છે. | | 3.33% | 3.33% | 80% | 13.33% |
| 2. તાલીમ કાર્યક્રમોમાં શિક્ષકો ઉત્સાહપૂર્વક ભાગ લે છે. | 3.33% | 6.66% | 16.66% | 40% | 33.33% |
| 3. તાલીમ દરમિયાન બિનજરૂરી કામ આપવામાં આવે છે. | 10% | 63.33% | 10% | 10% | 6.66% |
| 4. તાલીમની શરૂઆતમાં અને અંતે ટેસ્ટ લેવી જરૂરી છે. | | 10% | | 53.33% | 36.66% |
| 5. તાલીમ દરમિયાન શૈક્ષણિક પર્યટનનુ આયોજન થવુ જોઇએ. | | 13.33% | 6.66% | 53.33% | 26.66% |
| 6. તાલીમ કાર્યક્રમોના આયોજન પ્રમાણે તેનો અમલ થાય છે. | 3.33% | 6.66% | 10% | 63.33% | 16.66% |

**સારણી–4.4 નું અવલોકન કરતાં જણાય છે કે,**

**1. તાલીમમાં વિવિધ શિક્ષણ પધ્ધતિઓનો સમાવેશ કરવામાં આવે છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 3.33% અસંમત, 3.33% તટસ્થ, 80% સંમત તથા 13.33% સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે. આ પરથી કહી શકાય કે તાલીમમાં વિવિધ શિક્ષણ પધ્ધતિયોનો સમાવેશ કરવામાં આવે છે.

**2. તાલીમ કાર્યક્રમોમાં શિક્ષકો ઉત્સાહપૂર્વક ભાગ લે છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 3.33% સંપૂર્ણ અસંમત, 6.66% અસંમત, 16.66% તટસ્થ, 40% સંમત, તથા 33.33% સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે. આ વિધાનમાં 73% શિક્ષકો માને છે કે તાલીમ કાર્યક્રમોમાં શિક્ષકો ઉત્સાહપૂર્વક ભાગ લે છે. જ્યારે 10% શિક્ષકો માને છે કે તાલીમ કાર્યક્રમોમાં શિક્ષકો ઉત્સાહપૂર્વક ભાગ લેતા નથી.


**3. તાલીમ દરમિયાન બિનજરૂરી કામ આપવામાં આવે છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાના મત 10% સંપૂર્ણ અસંમત, 63.33% અસંમત, 10% તટસ્થ, 10% સંમત, તથા 6.66% સંપૂર્ણ સંમતમા પોતાના મત દર્શાવેલ છે. આ વિધાનમાં શિક્ષકોના સૌથી વધુ મત અસંમતમાં જોવા મળે છે. આથી કહી શકાય કે તાલીમ દરમિયાન બિનજરૂરી કામ આપવામાં આવતું નથી.

**4. તાલીમની શરૂઆતમાં અને અંતે ટેસ્ટ લેવી જરૂરી છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાના મત 10% અસંમત, 53.33% સંમત, તથા 36.66% સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે. આ પરથી કહી શકાય કે તાલીમની શરૂઆતમાં અને અંતે ટેસ્ટ લેવી જરૂરી છે.

**5. તાલીમ દરમિયાન શૈક્ષણિક પર્યટનનુ આયોજન થવુ જોઇએ.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 13.33% અસંમત, 6.66% તટસ્થ, 53.33% સંમત, તથા 26.66% સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે. આ વિધાનમાં શિક્ષકોના સૌથી વધુ મત સંમતમાં જોવા મળે છે. આથી તાલીમ દરમિયાન શૈક્ષણિક પર્યટનનુ આયોજન થવુ જોઇએ.

**6. તાલીમ કાર્યક્રમોના આયોજન પ્રમાણે તેનો અમલ થાય છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 3.33% સંપૂર્ણ અસંમત, 6.66% અસંમત, 10% તટસ્થ, 63.33% સંમત, તથા 16.66% સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે. આ પરથી કહી શકાય કે 10% શિક્ષકો માને છે કે તાલીમ કાર્યક્રમોના આયોજન પ્રમાણે તેનો અમલ થાતો નથીજ્યારે 80% શિક્ષકો માને છે કે તાલીમ કાર્યક્રમોના આયોજન પ્રમાણે તેનો અમલ થાય છે

### તાલીમી કાર્યક્રમને અનુલક્ષીને મળેલ અભિપ્રાયોનો ચાર્ટ




## 4.3.5 વિભાગ-5 'તાલીમના ફાયદાઓને' અનુલક્ષીને મળેલા અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટન

અભિપ્રાયાવલિના આ વિભાગ-5 માં પાંચ વિધાનો હતા.આ વિધાનો પર શિક્ષકોએ આપેલા સંપૂર્ણ સંમત, સંમત. તટસ્થ, અસંમત અને સંપૂર્ણ અસંમત પ્રતિચાર પૈકીની આવૃત્તિઓ શોધવામાં આવી હતી.ત્યારબાદ મળેલ આવૃત્તિઓ અને અપેક્ષિત આવૃત્તિઓ પરથી શતમાન દ્વારા ગણતરી કરવામાં આવી હતી.

આમ,પ્રત્યેક વિધાનના સંદર્ભમાં મળેલા અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટનની રજૂઆત સારણી 4.5 માં દર્શાવેલ છે.

## સારણી-4.5

**તાલીમના ફાયદા અનુલક્ષીને મળેલ અભિપ્રાયોની આવૃતિઓ કાઇવર્ગ મૂલ્યો અને સાર્થકતાકક્ષા**

| વિધાન | સંપૂર્ણ અસંમત | અસંમત | તટસ્થ | સંમત | સંપૂર્ણ સંમત |
|---|---|---|---|---|---|
| 1. તાલીમમાં શિક્ષકોને પોતાના મૌલીક અને સર્જનાત્મક વિચારો રજૂ કરવાનો મોકો મળે છે. | | | 6.66% | 53.33% | 40% |
| 2. તાલીમ કાર્યક્રમોથી શિક્ષક શિક્ષણના નવા પ્રવાહોથી વાકેફ થાય છે. | | | | 56.66% | 43.33% |
| 3. તાલીમ કાર્યક્રમોથી અધ્યાપન પધ્ધતિ અંગેની નવી દિશાઓ જાણવા મળે છે. | | | | 63.33% | 36.66% |
| 4. તાલીમથી શિક્ષકોની કાર્યક્ષમતા વિકસે છે. | | | | 53.33% | 46.66% |
| 5. તાલીમ દરમિયાન અન્ય શિક્ષકો સાથે મળવાનું થતા વિચારોનુ આદાન-પ્રદાન થાય છે. | | | | 50% | 50% |
| 6. વર્ગકાર્યની સમસ્યાઓ તાલીમ કાર્યક્રમો દ્વારા હલ થઇ શકે છે. | | | 16.67% | 70% | 13.33% |
| 7. તાલીમના કારણે શિક્ષકો સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરતા થાય છે. | | 3.33% | 3.33% | 80% | 13.33% |
| 8. તાલીમમાં અઘરા મુદ્દાઓનુ સરળીકરણ કરવાનુ શીખવતા અધ્યાપન કાર્ય સરળ બને છે. | | | 3.33% | 76.67% | 20% |
| 9. તાલીમ એ શિક્ષકોના સમયનો ખોટો બગાડ છે એવુ લાગે છે. | | 86.67% | 10% | 3.33% | |

**સારણી-4.5 નું અવલોકન કરતાં જણાય છે કે,**

**(1) તાલીમમાં શિક્ષકોને પોતાના મૌલીક અને સર્જનાત્મક વિચારો રજૂ કરવાનો મોકો મળે છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 6.66% તટસ્થ, 53.33% સંમત, 40% સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે. આ વિધાનમાં સૌથી વધુ મત સંમતમાં જોવા મળે છે. આથી કહી શકાય કે તાલીમમાં શિક્ષકોને પોતાના મૌલીક અને સર્જનાત્મક વિચારો રજૂ કરવાનો મોકો મળે છે.

**(2) તાલીમ કાર્યક્રમોથી શિક્ષક શિક્ષણના નવા પ્રવાહોથી વાકેફ થાય છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 56% સંમત તથા 43.33% સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે. આ વિધાનમાં શિક્ષકોએ પોતાના મત મા સંમતમાં જ રજૂ કરેલ છે. આથી કહી શકાય કે તાલીમ કાર્યક્રમોથી શિક્ષક શિક્ષણના નવા પ્રવાહોથી વાકેફ થાય છે.

**(3) તાલીમ કાર્યક્રમોથી અધ્યાપન પધ્ધતિ અંગેની નવી દિશાઓ જાણવા મળે છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 63.33% સંમત તથા 36.66% સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે. આથી કહી શકાય કે તાલીમ કાર્યક્રમોથી અધ્યાપન પધ્ધતિ અંગેની નવી દિશાઓ જાણવા મળે છે.

**(4). તાલીમથી શિક્ષકોની કાર્યક્ષમતા વિકસે છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 53.33% સંમત તથા 46.66% સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે. આ પરથી કહી શકાય કે તાલીમથી શિક્ષકોની કાર્યક્ષમતા વિકસે છે.

**(5) તાલીમ દરમિયાન અન્ય શિક્ષકો સાથે મળવાનું થતા વિચારોનુ આદાન-પ્રદાન થાય છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 50% સંમત તથા 50% સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે. આ વિધાનમાં શિક્ષકોએ પોતાના મત 50% સંમત તથા 50% સંપૂર્ણ સંમતમાં દશાવેલ છે. આથી કહી શકાય કે તાલીમ દરમિયાન અન્ય શિક્ષકો સાથે મળવાનું થતા વિચારોનુ આદાન-પ્રદાન થાય છે.


**૬. વર્ગકાર્યની સમસ્યાઓ તાલીમ કાર્યક્રમો દ્વારા હલ થઇ શકે છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 16.67% તટસ્થ, 70% સંમત તથા 13.33% સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે. આ વિધાન પર શિક્ષકોના વધારે મત સંમતમાં જોવા મળે છે. આથી કહી શકાય કે વર્ગકાર્યની સમસ્યાઓ તાલીમ કાર્યક્રમો દ્વારા હલ થઇ શકે છે.

**7. તાલીમના કારણે શિક્ષકો સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરતા થાય છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 3.33% અસંમત, 3.33 % તટસ્થ, 80% સંમત તથા13.33% સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે. આ વિધાનમાં સૌથી વધુ મત સંમતમાં છે. આથી કહી શકાય કે તાલીમના કારણે શિક્ષકો સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરતા થાય છે.

**૮.તાલીમમાં અઘરા મુદ્દાઓનુ સરળીકરણ કરવાનું શીખવતા અધ્યાપન કાર્ય સરળ બને છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 3.33% તટસ્થ, 76.67% સંમત તથા 20% સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે. આ પરથી કહી શકાય કે તાલીમમાં અઘરા મુદ્દાઓનુ સરળીકરણ કરવાનું શીખવતા અધ્યાપન કાર્ય સરળ બને છે.

**૯.તાલીમ એ શિક્ષકોના સમયનો ખોટો બગાડ છે એવુ લાગે છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 86.67% અસંમત, 10% તટસ્થ તથા 3.33% સંમતમાંદર્શાવેલ છે. આ વિધાનમાં સૌથી વધારે મત અસંમતમાં જોવા મળે છે. આથી કહી શકાય કે તાલીમ એ શિક્ષકોના સમયનો ખોટો બગાડ છે એવુ શિક્ષકોને લાગતું નથી.

**તાલીમના ફાયદાને અનુલક્ષીને મળેલ અભિપ્રાયોનો ચાર્ટ**




## 4.3.6 વિભાગ–6 ‘વિષયવસ્તુની અસરકારકતા’ અનુલક્ષીને મળેલા અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટન

અભિપ્રાયાવલિના આ વિભાગ-6 માં પેટા વિભાગો અંતર્ગત 23 વિધાનો દ્વારા મળેલ માહિતી અભિપ્રાયો સ્વરૂપે હતી. જેનું પેટા વિભાગ અનુસાર પૃથક્કરણ અને અર્થઘટન હવે પછી રજૂ કરેલ છે.

## 4.3.6.1 'અધ્યાપનીય વિષયોને અનુલક્ષીને' પેટા વિભાગ દ્વારા મળેલા અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટન

અભિપ્રાયાવલિના આ પેટા વિભાગમાં ચાર વિધાનો હતા. આ વિધાનો પર શિક્ષકોએ આપેલા સંપૂર્ણ સંમત, સંમત. તટસ્થ, અસંમત અને સંપૂર્ણ અસંમત પ્રતિચાર પૈકીની આવૃત્તિઓ શોધવામાં આવી હતી. ત્યારબાદ મળેલ આવૃત્તિઓ અને અપેક્ષિત આવૃત્તિઓ પરથી શતમાન દ્વારા ગણતરી કરવામાં આવી હતી.

આમ, પ્રત્યેક વિધાનના સંદર્ભમાં મળેલા અભિપ્રાયોનું અર્થઘટન અને પૃથક્કરણની રજૂઆત સારણી 4.6 માં દર્શાવેલ છે.

**સારણી-4.6**

**અધ્યાપનીય વિષયોને અનુલક્ષીને મળેલ અભિપ્રાયોનું અર્થઘટન અને પૃથક્કરણ**

| વિધાન | સંપૂર્ણ અસંમત | અસંમત | તટસ્થ | સંમત | સંપૂર્ણ સંમત |
|---|---|---|---|---|---|
| 1. વિષય વસ્તુનું ઉડાન પૂર્વક જ્ઞાન મળે છે. | | | 3.33% | 76.67% | 13.33% |
| 2. વિષયોને રસપ્રદ રીતે શીખવવાની આવળત વિકસે છે. | | 3.33% | 6.67% | 80% | 10% |
| 3. વિષયને અનુરૂપ પ્રોજેક્ટ કાર્ય વિશેની સમજ વિકસે છે. | | 3.33% | 13.33% | 70% | 13.33% |


**સારણી-4.6 નું અવલોકન કરતાં જણાય છે કે,**

**(1) વિષય વસ્તુનું ઉડાન પૂર્વક જ્ઞાન મળે છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 3.33% તટસ્થ, 76.76% સંમત, તથા 13.33% સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે. આ પરથી કહી શકાય કે વિષય વસ્તુનું ઉડાન પૂર્વક જ્ઞાન મળે છે.

**(2)વિષયોને રસપ્રદ રીતે શીખવવાની આવળત વિકસે છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 3.33% અસંમત, 6.67% તટસ્થ, 80% સંમત, તથા 10% સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે. આ વિધાનમાં સૌથી વધુ મત સ.મતમાં જોવા મળે છે. આથી કહી શકાય કે તાલીમ દ્વારા વિષયોને રસપ્રદ રીતે શીખવવાની આવળત વિકસે છે.

**(3)વિષયને અનુરૂપ પ્રોજેક્ટ કાર્ય વિશેની સમજ વિકસે છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 3.33% અસંમત, 13.33% તટસ્થ, 70% સંમત, તથા 13.33% સંપૂર્ણ સંમતમાં  દર્શાવેલ છે. આ પરથી કહી શકાય કે તાલીમ દ્વારા વિષયને અનુરૂપ પ્રોજેક્ટ કાર્ય વિશેની સમજ વિકસે છે.

**અધ્યાપનીય વિષયોને અનુલક્ષીને મળેલ અભિપ્રાયોનો ચાર્ટ**




## 4.3.6.2 'શૈક્ષણિક પ્રવૃત્તિઓને અનુલક્ષીને' પેટા વિભાગ દ્વારા મળેલા અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટન

અભિપ્રાયાવલિના આ પેટા વિભાગમાં ચાર વિધાનો હતા. આ વિધાનો પર શિક્ષકોએ આપેલા સંપૂર્ણ સંમત, સંમત. તટસ્થ, અસંમત અને સંપૂર્ણ અસંમત પ્રતિચાર પૈકીની આવૃત્તિઓ શોધવામાં આવી હતી. ત્યારબાદ મળેલ આવૃત્તિઓની ગણતરી શતમાન દ્વારા કરવામાં આવી હતી. આમ, પ્રત્યેક વિધાનના સંદર્ભમાં મળેલા અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટનની રજૂઆત સારણી 4.7 માં દર્શાવેલ છે.

## સારણી-4.7

### શૈક્ષણિક પ્રવૃત્તિઓને અનુલક્ષીને મળેલ અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટનઃ


| વિધાન | સંપૂર્ણ અસંમત | અસંમત | તટસ્થ | સંમત | સંપૂર્ણ સંમત |
|---|---|---|---|---|---|
| 1. શૈક્ષણિક પ્રવૃત્તિઓની ગુણવત્તા સુધરે છે. | | | | 20% | 80% |
| 2. શાળામાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનુ સંચાલન કરવાની ક્ષમતાનો વિકાસ થાય છે. | | 3.33% | 13.33% | 66.67% | 16.67% |

### સારણી-4.7 નું અવલોકન કરતાં જણાય છે કે,

**1. શૈક્ષણિક પ્રવૃત્તિઓની ગુણવત્તા સુધરે છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 20% સંમત, તથા 80% સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે. આ પરથી કહી શકાય કે તાલીમ દ્વારા શૈક્ષણિક પ્રવૃતિઓની ગુણવત્તા સુધરે છે.

**2. શાળામાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનુ સંચાલન કરવાની ક્ષમતાનો વિકાસ થાય છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 3.33% અસંમત, 13.33% તટસ્થ, 66.67% સંમત, તથા 16.67% સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે. આ વિધાનમાં સૌથી વધુ મત સંમતમાં જોવા મળે છે. આ પરથી કહી શકાય કે તાલીમ દ્વારા શાળામાં સાસ્કૃતિક પ્રવૃતિઓનુ સંચાલન કરવાની ક્ષમતાનો વિકાસ થાય છે.

**શૈક્ષણિક પ્રવૃત્તિઓને અનુલક્ષીને મળેલ અભિપ્રાયોનો ચાર્ટ**



### 4.3.6.3 'શૈક્ષણિક પદ્ધતિઓને અનુલક્ષીને' પેટા વિભાગ દ્વારા મળેલા અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટન

અભિપ્રાયાવલિના આ પેટા વિભાગમાં ચાર વિધાનો હતા. આ વિધાનો પર શિક્ષકોએ આપેલા સંપૂર્ણ સંમત, સંમત. તટસ્થ, અસંમત અને સંપૂર્ણ અસંમત પ્રતિચાર પૈકીની આવૃત્તિઓ શોધવામાં આવી હતી. ત્યારબાદ મળેલ આવૃત્તિઓ અને અપેક્ષિત આવૃત્તિઓ પરથી શતમાન દ્વારા ગણતરી કરવામાં આવી હતી.

આમ, પ્રત્યેક વિધાનના સંદર્ભમાં મળેલા અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટનની રજૂઆત સારણી 4.8 માં દર્શાવેલ છે.

**સારણી–4.8**

**શૈક્ષણિક પધ્ધતિઓને અનુલક્ષીને મળેલ અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટન**


| વિધાન | સંપૂર્ણ અસંમત | અસંમત | તટસ્થ | સંમત | સંપૂર્ણ સંમત |
|---|---|---|---|---|---|
| 1. તાલીમથી નુતન શૈક્ષણિક પધ્ધતિથી માહિતગાર થવાય છે. | | | | 50% | 50% |
| 2. શૈક્ષણિક પધ્ધતિયોના ઉપયોગથી વિષયવસ્તુને સરળતાથી સમજાવવાની ક્ષમતા વિકસે છે. | | | 6.67% | 86.67% | 6.67% |

**સારણી–4.8 નું અવલોકન કરતાં જણાય છે કે,**

**1. તાલીમથી નુતન શૈક્ષણિક પધ્ધતિથી માહિતગાર થવાય છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 50% સંમત, તથા 50% સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે. આ પરથી કહી શકાય કે તાલીમથી નુતન શૈક્ષણિક પધ્ધતિથી માહિતગાર થવાય છે.

**2. શૈક્ષણિક પધ્ધતિયોના ઉપયોગથી વિષયવસ્તુને સરળતાથી સમજાવવાની ક્ષમતા વિકસે છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 6.67% તટસ્થ, 86.67% સંમત, તથા 6.67% સંપૂર્ણ સંમતમાં પોતાના મત દર્શાવેલ છે. આ પરથી કહી શકાય કે તાલીમ દ્વારા શૈક્ષણિક પધ્ધતિયોના ઉપયોગથી વિષયવસ્તુને સરળતાથી સમજાવવાની ક્ષમતા વિકસે છે.

**શૈક્ષણિક પદ્ધતિઓને અનુલક્ષીને' પેટા વિભાગ દ્વારા મળેલા અભિપ્રાયોનો ચાર્ટ**




### 4.3.6.4 'શૈક્ષણિક ઉપકરણને અનુલક્ષીને' પેટા વિભાગ દ્વારા મળેલા અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટન

અભિપ્રાયાવલિના આ પેટા વિભાગમાં ચાર વિધાનો હતા.આ વિધાનો પર શિક્ષકોએ આપેલા સંપૂર્ણ સંમત, સંમત. તટસ્થ, અસંમત અને સંપૂર્ણ અસંમત પ્રતિચાર પૈકીની આવૃત્તિઓ શોધવામાં આવી હતી.ત્યારબાદ મળેલ આવૃત્તિઓ અને અપેક્ષિત આવૃત્તિની શતમાન દ્વારા ગણતરી કરવામાં આવી હતી.

આમ,પ્રત્યેક વિધાનના સંદર્ભમાં મળેલા અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટનની રજૂઆત સારણી 4.૯ માં દર્શાવેલ છે.

## સારણી–4.9

### શૈક્ષણિક ઉપકરણને અનુલક્ષીને મળેલ અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટન


| વિધાન | સંપૂર્ણ અસંમત | અસંમત | તટસ્થ | સંમત | સંપૂર્ણ સંમત |
|---|---|---|---|---|---|
| ,1.જ્ઞાન સાથે ગમ્મત પ્રાપ્ત થાય તેવા ઉપકરણો રચવાની ક્ષમતા વિકસે છે. | | | | 86.67% | 13.33% |
| 2.તાલીમ દ્વારા વિષયના એકમને અનુરૂપ ઉપકરણ રચવાની ક્ષમતા વિકસે છે. | | | 6.67% | 83.33% | 10% |

**સારણી–4.9 નું અવલોકન કરતા જણાય છે કે,**

**1.જ્ઞાન સાથે ગમ્મત પ્રાપ્ત થાય તેવા ઉપકરણો રચવાની ક્ષમતા વિકસે છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 86.67% સંમત, તથા 13.33% સંપૂર્ણ સંમતમાં પોતાના મત દર્શાવેલ છે. આ પરથી કહી શકાય કે તાલીમ દ્વારા જ્ઞાન સાથે ગમ્મત પ્રાપ્ત થાય તેવા ઉપકરણો રચવાની ક્ષમતા વિકસે છે.

**2.તાલીમ દ્વારા વિષયના એકમને અનુરૂપ ઉપકરણ રચવાની ક્ષમતા વિકસે છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 6.67% તટસ્થ, 83.33% સંમત, તથા 10% સંપૂર્ણ સંમતમાં પોતાના મત દર્શાવેલ છે. આ વિધાનમાં સૌથી વધુ મત સંમતમાં જોવા મળે છે. આથી કહી શકાય કે તાલીમ દ્વારા વિષયના એકમને અનુરૂપ ઉપકરણ રચવાની ક્ષમતા વિકસે છે.

**શૈક્ષણિક ઉપકરણને અનુલક્ષીને મળેલ અભિપ્રાયોનો ચાર્ટ**




### 4.3.6.5 'શૈક્ષણિક સમસ્યાને અનુલક્ષીને' પેટા વિભાગ દ્વારા મળેલા અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટન

અભિપ્રાયાવલિના આ પેટા વિભાગમાં ચાર વિધાનો હતા.આ વિધાનો પર શિક્ષકોએ આપેલા સંપૂર્ણ સંમત, સંમત. તટસ્થ, અસંમત અને સંપૂર્ણ અસંમત પ્રતિચાર પૈકીની આવૃત્તિઓ શોધવામાં આવી હતી.ત્યારબાદ મળેલ આવૃત્તિઓ અને અપેક્ષિત આવૃત્તિઓની ગણતરી શતમાન દ્વારા કરવામાં આવી હતી.

આમ,પ્રત્યેક વિધાનના સંદર્ભમાં મળેલા અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટનની રજૂઆત સારણી 4.10 માં દર્શાવેલ છે.

## સારણી–4.10

### શૈક્ષણિક સમસ્યાને અનુલક્ષીને મળેલ અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટન

| વિધાન | સંપૂર્ણ અસંમત | અસંમત | તટસ્થ | સંમત | સંપૂર્ણ સંમત |
|---|---|---|---|---|---|
| 1. વર્ગ શિક્ષણની વર્તમાન સમસ્યાઓની જાણકારી પ્રાપ્ત થાય છે. | | | 23.33% | 76.67% | |
| 2. શૈક્ષણિક સમસ્યાઓ ઉદ્દભવવા પાછળના કારણો જાણી શકાય છે. | | | 13.33% | 76.67% | 10% |
| 3. તાલીમથી શાળામાં આવતા વિદ્યાર્થીઓની સ્થગિતતા અટકાવવામાં સફળતા મળે છે. | | 16.67% | 10% | 73.33% | |
| 4. તાલીમથી વિદ્યાર્થીઓના શિક્ષણમાં અપવ્યય નિવારણ પ્રયાસોમાં સફળતા મળે છે. | | 16.67% | 6.67% | 76.67% | |

**સારણી–4 .10નું અવલોકન કરતાં જણાય છે કે,**


**1. વર્ગ શિક્ષણની વર્તમાન સમસ્યાઓની જાણકારી પ્રાપ્ત થાય છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 23.33% તટસ્થ તથા 76.67% સંમતમાં દર્શાવેલ છે. આમ કહી શકાય કે તાલીમ દ્વારા વર્ગ શિક્ષણની વર્તમાન સમસ્યાઓની જાણકારી પ્રાપ્ત થાય છે.

**2. શૈક્ષણિક સમસ્યાઓ ઉદ્દભવવા પાછળના કારણો જાણી શકાય છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 13.33% તટસ્થ, 76.67% સંમત તથા 10% સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે. આ વિધાનમાં શિક્ષકોએ સૌથી વધુ મત સંમતમાં દર્શાવેલ છે. આથી કહી શકાય કે તાલીમ દ્વારા શૈક્ષણિક સમસ્યાઓ ઉદ્દભવવા પાછળના કારણો જાણી શકાય છે.

**3. તાલીમથી શાળામાં આવતા વિદ્યાર્થીઓની સ્થગિતતા અટકાવવામાં સફળતા મળે છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 16.67% અસંમત, 10% તટસ્થ તથા 73.33% સંમતમાં દર્શાવેલ છે. આ પરથી કહી શકાય કે તાલીમથી શાળામાં આવતા વિદ્યાર્થીઓની સ્થગિતતા અટકાવવામાં સફળતા મળે છે.

**4.તાલીમથી વિદ્યાર્થીઓના શિક્ષણમાં અપવ્યય નિવારણ પ્રયાસોમાં સફળતા મળે છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 16.67% અસંમત,6.67% તટસ્થ તથા 76.67% સંમતમાં દર્શાવેલ છે. આ પરથી કહી શકાય કે તાલીમથી વિદ્યાર્થીઓના શિક્ષણમાં અપવ્યય નિવારણ પ્રયાસોમાં સફળતા મળે છે.

**'શૈક્ષણિક સમસ્યાને અનુલક્ષીને' પેટા વિભાગ દ્વારા મળેલા અભિપ્રાયોનો ચાર્ટ**




**4.3.6.6 'વ્યવસાયિક સજ્જતાને અનુલક્ષીને' પેટા વિભાગ દ્વારા મળેલા અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટન**

અભિપ્રાયાવલિના આ પેટા વિભાગમાં ચાર વિધાનો હતા.આ વિધાનો પર શિક્ષકોએ આપેલા સંપૂર્ણ સંમત,સંમત.તટસ્થ,અસંમત અને સંપૂર્ણ અસંમત પ્રતિચાર પૈકીની આવૃત્તિઓ શોધવામાં આવી હતી.ત્યારબાદ મળેલ આવૃત્તિઓ અને અપેક્ષિત આવૃત્તિઓની ગણતરી શતમાન દ્વારા કરવામાં આવી હતી.

આમ,પ્રત્યેક વિધાનના સંદર્ભમાં મળેલા અભિપ્રાયીનું પૃથક્કરણ અને અર્થઘટનની રજૂઆત સારણી 4.11 માં દર્શાવેલ છે.

## સારણી-4.11

### વ્યવસાયિક સજ્જતાને અનુલક્ષીને મળેલ અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટન

| વિધાન | સંપૂર્ણ અસંમત | અસંમત | તટસ્થ | સંમત | સંપૂર્ણ સંમત |
|---|---|---|---|---|---|
| 1. શિક્ષકના વ્યવસાય પ્રત્યેનુ ગૌરવ વધે છે. | | | | 80% | 20% |
| 2. વ્યવસાયિક નીતિમત્તા વિશેનો ખ્યાલ સ્પસ્ટ થાય છે. | | | | 50% | 50% |
| 3. વ્યવસાયિક પરિપકવતામાં વૃધ્ધિ થાય છે. | | 10% | 40% | 50% | |


**સારણી-4.11 નું અવલોકન કરતાં જણાય છે કે,**

**1. શિક્ષકના વ્યવસાય પ્રત્યેનુ ગૌરવ વધે છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 80 % સંમત, તથા 20% સંપૂર્ણ સંમતમાં પોતાના મત દર્શાવેલ છે. આથી તેઓ સ્પષ્ટપણે માને છે કે તાલીમથી શિક્ષકના વ્યવસાય પ્રત્યેનુ ગૌરવ વધે છે.

**2. વ્યવસાયિક નીતિમત્તા વિશેનો ખ્યાલ સ્પસ્ટ થાય છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 50 % સંમત, તથા 50% સંપૂર્ણ સંમતમાં પોતાના મત દર્શાવેલ છે. તાલીમ દ્વારા વ્યવસાયિક નીતિમત્તા વિશેનો ખ્યાલ સ્પસ્ટ થાય છે એમ તેઓ માને છે.

**3. વ્યવસાયિક પરિપકવતામાં વૃધ્ધિ થાય છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાનો મત 10% અસંમત, 40% તટસ્થ, 50% સંમતમાં પોતાના મત દર્શાવેલ છે. આથી કહી શકાય કે 50% શિક્ષકો માને છે કે તાલીમથી વ્યવસાયિક પરિપકવતામાં વૃધ્ધિ થાય છે.

**વ્યવસાયિક સજ્જતાને અનુલક્ષીને મળેલ અભિપ્રાયોનો ચાર્ટ**




## 4.4 સેવાકાલીન તાલીમ પ્રત્યેના આચાર્યોના અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટન

સંશોધકે સેવાકાલીન તાલીમના પ્રત્યેના આચાર્યોના અભિપ્રાયો સ્વરચિત અભિપ્રાયાવલિ દ્વારા મેળવ્યા હતા.મળેલ માહિતી 14 વિધાનોના અભિપ્રાયો સ્વરૂપે હતી.આ વિધાનો પર આચાર્યોએ આપેલા સંપૂર્ણ સંમત, સંમત. તટસ્થ, અસંમત અને સંપૂર્ણ અસંમત પ્રતિચાર પૈકીની આવૃત્તિઓ શોધવામાં આવી હતી.ત્યારબાદ મળેલ આવૃત્તિઓ અને અપેક્ષિત આવૃત્તિઓની ગણતરી શતમાન દ્વારા કરવામાં આવી હતી.

આમ,પ્રત્યેક વિધાનના સંદર્ભમાં મળેલા અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટનની રજૂઆત સારણી 4.12 માં દર્શાવેલ છે.

## સારણી–4.12

સેવાકાલીન તાલીમને અનુલક્ષીને મળેલ આચાર્યોના અભિપ્રાયોની આવૃતિઓનું પૃથક્કરણ અને અર્થઘટનઃ

| વિધાન | સંપૂર્ણ અસંમત | અસંમત | તટસ્થ | સંમત | સંપૂર્ણ સંમત |
|---|---|---|---|---|---|
| 1. તાલીમ લઇને આવ્યા પછી શિક્ષકો મળેલ તાલીમનો વિષય શિક્ષણમાં ઉપયોગ કરે છે. | | | | 80% | 20% |
| 2. તાલીમમાં શિક્ષકો ઉત્સાહ ભેર જાય છે. | | | | 60% | 40% |
| 3. શિક્ષકો તાલીમમાં જવાના કારણે વર્ગ કાર્યમાં નુકશાન થાય છે. | | 60% | 20% | 20% | |
| 4. તાલીમ દર વર્ષે આપવી જોઇએ. | | | 20% | 40% | 40% |
| 5. તાલીમ અભ્યાસક્રમ બદલાય તે અનુસધાનમાં જ આપવી જોઇએ. | | | 40% | 60% | |
| 6. તાલીમમાં લેવાતી પ્રિ–ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટ બંને લેવાવી જોઇએ. | | | | 100% | |
| 7. તાલીમથી શિક્ષકો શિક્ષણના નવા પ્રવાહોથી વાકેફ થાય છે. | | | | 80% | 20% |
| 8. તાલીમથી શિક્ષકની કાર્યક્ષમતા વિકસે છે. | | | | 80% | 20% |
| 9. તાલીમ એ શિક્ષકના સમયનો ખોટો બગાડ છે. | | 100% | | | |
| 10. તાલીમથી શિક્ષકો હકારાત્મક અભિગમથી કાર્ય કરે છે. | | | | 80% | 20% |
| 11. તાલીમની તારીખ અને સ્થળ સમયસર જાણ કરવામા આવે છે. | | | | 60% | 40% |
| 12. આજે દરેક શિક્ષકે સેવાકાલીન તાલીમમાં ભાગ લેવો જોઇએ. | | | | 100% | |

**સારણી-4 .12 નું અવલોકન કરતા જણાય છે કે,**

**1.તાલીમ લઇને આવ્યા પછી શિક્ષકો મળેલ તાલીમનો વિષય શિક્ષણમાં ઉપયોગ કરે છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના આચાર્યોએ પોતાના મત 80%સંમત તથા 20% સંપૂર્ણ સંમત દર્શાવેલ છે.આમ,આચાર્યોએ પોતાના મત સંમત તથા સંપૂર્ણ સંમતમાં જ દર્શાવે છે.આથી કહી શકાય કે તાલીમ લઇને આવ્યા પછી શિક્ષકો મળેલ તાલીમનો વિષય શિક્ષણમાં ઉપયોગ કરે છે.

**2.તાલીમમાં શિક્ષકો ઉત્સાહ ભેર જાય છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના આચાર્યોએ પોતાના મત 60%સંમત તથા 40%સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે.આ વિધાનમાં સૌથી વધુ મત સંમતમાં જોવા મળે છે.આથી કહી શકાય કે તાલીમમાં શિક્ષકો ઉત્સાહ ભેર જાય છે.

**3.શિક્ષકો તાલીમમાં જવાના કારણે વર્ગ કાર્યમાં નુકશાન થાય છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના આચાર્યોએ પોતાના મત 20%સંમત,**20%**તટસ્થ **તથા 60%** અસંમતમાં દર્શાવેલ છે.આથી કહી શકાય કે 20%આચાર્યો માને છે કે શિક્ષકો તાલીમમાં જવાના કારણે વર્ગ કાર્યમાં નુકશાન થાય છે.જ્યારે **60%**આચાર્યો માને છે કે શિક્ષકો તાલીમમાં જવાના કારણે વર્ગ કાર્યમાં કોઇ નુકશાન થતું નથી.જ્યારે **20%** આચાર્યો પોતાનો મત તટસ્થમાં રજૂ કરે છે.

**4.તાલીમ દર વર્ષે આપવી જોઇએ.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના આચાર્યોએ પોતાના મત 20%તટસ્થ,40%સંમત તથા 40%સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે.આ વિધાનમાં સૌથી વધુ મત સંમતમાં દર્શાવેલ છે.આથી આચાર્યો માને છે કે તાલીમ દર વર્ષે આપવી જોઇએ.

**5.તાલીમ અભ્યાસક્રમ બદલાય તે અનુસધાનમાં જ આપવી જોઇએ.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના આચાર્યોએ પોતાના મત 60%સંમત તથા 40% તટસ્થમાં દર્શાવેલ છે.આથી કહી શકાય કે 60%આચાર્યો માને છે કે તાલીમ અભ્યાસક્રમ બદલાય તે અનુસધાનમાં જ આપવ જોઇએ.જ્યારે 40% આચાર્યો પોતાનો મત તટસ્થમાં રજૂ કરે છે.

**6.તાલીમમાં લેવાતી પ્રિ-ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટ બંને લેવાવી જોઇએ.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના આચાર્યોએ પોતાના મત 100%સંમતમાં દર્શાવેલ છે.આથી કહી

શકાય કે તાલીમમાં લેવાતી પ્રિ-ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટ બંને લેવાવી જોઇએ.

**7.તાલીમથી શિક્ષકો શિક્ષણના નવા પ્રવાહોથી વાકેફ થાય છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના આચાર્યોએ પોતાના મત 80%સંમત તથા 20%સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે. આમ, આચાર્યો પોતાનો મત સંમત તથા સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ હોવાથી કહી શકાય કે તાલીમથી શિક્ષકો શિક્ષણના નવા પ્રવાહોથી વાકેફ થાય છે.

**8.તાલીમથી શિક્ષકની કાર્યક્ષમતા વિકસે છે.** આ વિધાન માટ કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના આચાર્યોએ પોતાના મત 80%સંમત તથા 20%સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે.આમ,આચાર્યોએ પોતાનો મત સંમત તથા સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે.આ પરથી કહી શકાય કે તાલીમથી શિક્ષકની કાર્યક્ષમતા વિકસે છે.


**9.તાલીમ એ શિક્ષકના સમયનો ખોટો બગાડ છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના આચાર્યોએ પોતાના મત 100%અસંમતમાં દર્શાવેલ છે. આ પરથી કહી શકાય કે આચાર્યો માને છે કે તાલીમ એ શિક્ષકોના સમયનો ખોટો બગાડ **નથી.**

**10.તાલીમથી શિક્ષકો હકારાત્મક અભિગમથી કાર્ય કરે છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના આચાર્યોએ પોતાના મત 80%સંમત તથા 20%સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે.આ વિધાન માટે સંમત તથા સંપૂર્ણ સંમતમાં જ આચાર્યોએ પોતાના મત વ્યક્ત કરેલ છે. આથી કહી શકાય કે તાલીમથી શિક્ષકો હકારાત્મક અભિગમથી કાર્ય કરે છે.

**11.તાલીમની તારીખ અને સ્થળ સમયસર જાણ કરવામાં આવે છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના આચાર્યોએ પોતાના મત 60%સંમત તથા 40 %સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે.આથી કહી શકાય કે તાલીમની તારીખ અને સ્થળ સમયસર જાણ કરવામાં આવે છે.

**12.આજે દરેક શિક્ષકે સેવાકાલીન તાલીમમાં ભાગ લેવો જોઇએ.** આ વિધાન માટે કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના આચાર્યોએ પોતાના મત 100%સંમતમાં દર્શાવેલ છે.આથી કહી શકાય કે આજે દરેક શિક્ષકે સેવાકાલીન તાલીમમાં ભાગ લેવો જોઇએ.

## સેવાકાલીન તાલીમને અનુલક્ષીને મળેલ આચાર્યોના અભિપ્રાયોનો ચાર્ટ




## 4.5 સેવાકાલીન તાલીમ પ્રત્યેના આયોજકો(સી.આર.સી.)ના અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટન

સંશોધકે સેવાકાલીન તાલીમના આયોજકો(સી.આર.સી.)ના અભિપ્રાયો સ્વરચિત ભિપ્રાયાવલિ દ્વારા મેળવ્યા હતા.મળેલ માહિતી 11 વિધાનોના અભિપ્રાયો સ્વરૂપે હતી.આ વિધાનો પર આયોજકો (સી.આર.સી.)એ આપેલા સંપૂર્ણ સંમત, સંમત. તટસ્થ, અસંમત અને સંપૂર્ણ અસંમત પ્રતિચાર પૈકીની આવૃત્તિઓ શોધવામાં આવી હતી.ત્યારબાદ મળેલ આવૃત્તિઓ અને અપેક્ષિત આવૃત્તિઓની ગણતરી શતમાન દ્વારા કરવામાં આવી હતી.

આમ,પ્રત્યેક વિધાનના સંદર્ભમાં મળેલા અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટનની રજૂઆત સારણી 4.13 માં દર્શાવેલ છે.

## સારણી–4.13

સેવાકાલીન તાલીમને અનુલક્ષીને મળેલ આયોજકોની અભિપ્રાયોની આવૃતિઓનું પૃથક્કરણ અને અર્થઘટનઃ

| વિધાન | સંપૂર્ણ અસંમત | અસંમત | તટસ્થ | સંમત | સંપૂર્ણ સંમત |
|---|---|---|---|---|---|
| 1. તાલીમના સ્થળની ગોઠવણીમાં મુશ્કેલી પડે છે. | 60% | 40% | | | |
| 2. તાલીમમાં બધા શિક્ષકો હાજરી આપે છે. | | | | 80% | 20% |
| 3. તાલીમ આપનાર તજજ્ઞો ઉત્સાહભેર તાલીમ આપે છે. | | | | 80% | 20% |
| 4. તાલીમ આપવા માટે જરૂરી બધા જ શૈક્ષણિક સાધનો ઉપલબ્ધ હોય છે. | | | | 80% | 20% |
| 5. તાલીમ દરમિયાન શિક્ષકો શિસ્તને અનુસરે છે. | | | | 80% | 20% |
| 6. તાલીમમાં જરૂરી સંદર્ભ સાહિત્ય આપવામાં આવે છે. | | | | 40% | 60% |
| 7. તાલીમ દરમિયાન શૈક્ષણિક પ્રવાસનું આયોજન થાય છે. | 40% | 60% | | | |
| 8. તાલીમ દર વર્ષે આપવી જોઇએ. | | | | 40% | 60% |
| 9. તાલીમ આપવા માટે નિષ્ણાતો પૂરતી સંખ્યામાં મળી રહે છે. | | | | 40% | 60% |
| 10. સેવાકાલીન તાલીમ કાર્યક્રમો શિક્ષકોને લગતી સમસ્યાઓ પર રચાય છે. | | | 40% | 40% | 20% |
| 11. સેવાકાલીન તાલીમનો હેતુ વર્તમાન પરિસ્થિતિમાં પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવાનો છે. | | | | 20% | 80% |

**સારણી-4 .13 નું અવલોકન કરતાં જણાય છે કે,**

**1. તાલીમના સ્થળની ગોઠવણીમાં મુશ્કેલી પડે છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના આયોજકોએ પોતાનો મત 60% અસંમત તથા 40% સંપૂર્ણ અસંમતમાં દર્શાવેલ છે. આમ, આ વિધાન માટે અસંમત પ્રતિચાર આપનારઓ જ હતા. તેથી તાલીમના સ્થળની ગોઠવણીમાં મુશ્કેલી પડતી નથી એવો આયોજકોનો સ્પષ્ટ અભિપ્રાય છે.

**2. તાલીમમાં બધા શિક્ષકો હાજરી આપે છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના આયોજકોએ પોતાનો મત 80%સંમત તથા 20%સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે. એટલે કે આયોજકોએ પોતાનો મત સંમતમાં જ દર્શાવેલ છે. જ્યારે અસંમતમાં કોઇ પણ આયોજકે પોતાનો મત દર્શાવ્યો નથી. આથી કહી શકાય કે તાલીમમાં બધા શિક્ષકો હાજરી આપે છે. એમ આયોજકો સ્પષ્ટપણે માને છે.

**3. તાલીમ આપનાર તજજ્ઞો ઉત્સાહભેર તાલીમ આપે છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના આયોજકો પોતાનો મત 80 %સંમત તથા 20 %સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે. આથી કહી શકાય કે તાલીમ આપનાર તજજ્ઞો ઉત્સાહભેર તાલીમ આપે છે.

**4. તાલીમ આપવા માટે જરૂરી બધા જ શૈક્ષણિક સાધનો ઉપલબ્ધ હોય છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના આયોજકોએ પોતાનો મત 80 % સંમત તથા 20 %સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે. આ વિધાનમાં આયોજકોએ પોતાના મત માત્ર સંમતમાં જ દર્શાવેલ છે. આથી કહી શકાય કે તાલીમ આપવા માટે જરૂરી બધા જ શૈક્ષણિક સાધનો ઉપલબ્ધ હોય છે.

**5. તાલીમ દરમિયાન શિક્ષકો શિસ્તને અનુસરે છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના આયોજકોએ પોતાનો મત 80 %સંમત તથા 20 %સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે. આ વિધાનમાં આયોજકોના સૌથી વધુ મત સંમતમાં જોવા મળે છે. આથી કહી શકાય કે તાલીમ દરમિયાન શિક્ષકો શિસ્તને અનુસરે છે.

**6. તાલીમમાં જરૂરી સંદર્ભ સાહિત્ય આપવામાં આવે છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના આયોજકોએ પોતાનો મત 40%સંમત તથા 60%સંપૂર્ણ સંમતમાં રજૂ કરેલ છે. આ વિધાનમાં આયોજકોએ સૌથી વધુ મત સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે. આથી તેઓ સ્પષ્ટપણે માને છે કે તાલીમમાં જરૂરી સંદર્ભ સાહિત્ય આપવામાં આવે છે.

**7.તાલીમ દરમિયાન શૈક્ષણિક પ્રવાસનું આયોજન થાય છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના આયોજકોએ પોતાનો મત 40% સંપૂર્ણ અસંમત તથા 60% અસંમતમાં રજૂ કરેલ છે.આ વિધાનમાં આયોજકોએ સૌથી વધુ મત  અસંમતમાં દર્શાવેલ છે.આથી તેઓ સ્પષ્ટપણે માને છે કે તાલીમ દરમિયાન શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવતું નથી.


**8.તાલીમ દર વર્ષે આપવી જોઇએ.** આ વિધાન માટે કાલોલ તાલુકાના આયોજકોએ પોતાનો મત 40%સંમત તથા 60%સંપૂર્ણ સંમતમાં રજૂ કરેલ છે.આ વિધાનમાં આયોજકોએ સૌથી વધુ મત સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે.આથી તેઓ સ્પષ્ટપણે માને છે કે તાલીમ દર વર્ષે આપવી જોઇએ.

**9.તાલીમ આપવા માટે નિષ્ણાતો પૂરતી સંખ્યામાં મળી રહે છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના આયોજકોએ પોતાનો મત 40% સંમત તથા 60%સંપૂર્ણ સંમતમાં રજૂ કરેલ છે.આ વિધાનમાં આયોજકોએ સૌથી વધુ મત સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે.આથી તેઓ સ્પષ્ટપણે માને છે કે તાલીમ આપવા માટે નિષ્ણાતો પૂરતી સંખ્યામાં મળી રહે છે.

**10.સેવાકાલીન તાલીમ કાર્યક્રમો શિક્ષકોને લગતી સમસ્યાઓ પર રચાય છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના આયોજકોએ પોતાનો મત 40%સંમત તથા 60%સંપૂર્ણ સંમતમાં રજૂ કરેલ છે.આ વિધાનમાં આયોજકોએ સૌથી વધુ મત સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે.આથી તેઓ સ્પષ્ટપણે માને છે કે સેવાકાલીન તાલીમ કાર્યક્રમો શિક્ષકોને લગતી સમસ્યાઓ પર રચાય છે.

**11.સેવાકાલીન તાલીમનો હેતુ વર્તમાન પરિસ્થિતિમાં પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવાનો છે.** આ વિધાન માટે કાલોલ તાલુકાના આયોજકોએ પોતાનો મત 20%સંમત તથા 80 %સંપૂર્ણ સંમત માં રજૂ કરેલ છે.આ વિધાનમાં આયોજકોએ સૌથી વધુ મત સંપૂર્ણ સંમતમાં દર્શાવેલ છે.આથી તેઓ સ્પષ્ટપણે માને છે કે સેવાકાલીન તાલીમનો હેતુ વર્તમાન પરિસ્થિતિમાં પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવાનો છે.

# સેવાકાલીન તાલીમ પ્રત્યેના આયોજકો(સી.આર.સી.)ના અભિપ્રાયોનો ચાર્ટ



# પ્રકરણ 5

# સારાંશ, તારણો, શૈક્ષણિક ફલિતાર્થો અને ભાવિ સંશોધન અંગેની ભલામણો

5.1 પ્રસ્તાવના

5.2 સારાંશ

5.3 તારણો

5.4 શૈક્ષણિક ફલિતાર્થો

5.5 ભાવિ સંશોધન

# પ્રકરણ 5

# સારાંશ, તારણો, શૈક્ષણિક ફલિતાર્થો અને ભાવિ સંશોધન અંગેની ભલામણો

## 5.1 પ્રસ્તાવના

માનવ જીવનમાં શિક્ષણ તથા કેળવણી નિરંતર થતી પ્રક્રિયાઓ છે. જાગૃત વ્યક્તિ સભાનતાપૂર્વક જીવનભર પોતાને કેળવતી રહે છે. શિક્ષકોને તો શિક્ષણનું કાર્ય કરવાનું હોવાથી બદલાતા સમાજની સાથે સાથે બદલાતા વર્ગખંડોમાં સજ્જતાપૂર્વક શિક્ષણકાર્ય કરવા માટે નિરંતર શિક્ષણની જરૂર છે. સર્વશિક્ષા અભિયાન અને સી. આર. સી. દ્વારા સેવાકાલીન તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આ સેવાકાલીન તાલીમ પ્રત્યેના પ્રાથમિક શાળાના શિક્ષકો, આચાર્યો તથા આયોજકો (સી. આર. સી)ના અભિપ્રાયો જાણવા પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. આ પ્રકરણમાં પ્રસ્તુત અભ્યાસનો સારાંશ, તારણો, શૈક્ષણિક ફલિતાર્થો અને ભાવિ સંશોધન અંગેની ભલામણો રજૂ કરેલ છે.

## 5. 2 સારાંશ

પ્રસ્તુત અભ્યાસ પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકો, આચાર્યો તથા આયોજકો (સી. આર. સી. ) સેવાકાલીન તાલીમ પ્રત્યે કેવા અભિપ્રાયો ધરાવે છે. તે જાણવા માટે સંશોધકે નીચેના શીર્ષક હેઠળ અભ્યાસ હાથ ધર્યો હતો.

**“કાલોલ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકો માટે યોજવામાં આવતી સેવાકાલીન તાલીમ પ્રત્યેના અભિપ્રાયોનો અભ્યાસ”**

આ અભ્યાસમાં શિક્ષકો, આચાર્યો અને આયોજકોના અભિપ્રાયો જાણવા કોઇ તૈયાર ઉપકરણ પ્રાપ્ત ન હતું. તેથી પ્રયોજકે આ માટે સ્વરચિત ત્રણ અભિપ્રાયાવલિઓની રચના કરી હતી. જેમાં શિક્ષકની અભિપ્રાયાવલિમાં તાલીમી કાર્યક્રમોના સંદર્ભમાં જુદા જુદા છ વિભાગોને અનુલક્ષીને 52 વિધાનો આચાર્યોની અભિપ્રાયાવલિમાં 12 વિધાનો અને આયોજકોની અભિપ્રાયાવલિમાં 11

વિધાનના સંદર્ભમાં 'સંપૂર્ણ સંમત', 'સંમત', 'તટસ્થ', 'અસંમત', અને 'સંપૂર્ણ અસંમત' જેવી કક્ષાઓમાં શિક્ષકો, આચાર્યો અને આયોજકએ અભિપ્રાયો આપવાના હતા.

સેવાકાલીન તાલીમ પ્રત્યેના અભિપ્રાયો મેળવવા માટે પ્રયોજકે પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાની પ્રાથમિક શાળાના 30 શિક્ષકો, 5 આચાર્યો તથા 5 આયોજકો(સી.આર.સી.) પાસેથી માહિતી એકત્ર કરી હતી. એકત્ર કરેલ માહિતી આવૃત્તિઓ મેળવી તેના શતમાન આધારિત પૃથક્કરણ પરથી દરેક વિભાગના સંદર્ભમાં અર્થઘટન કરવામાં આવ્યું હતું. જેના તારણો તારવવામાં આવ્યા હતા. જે હવે પછી ક્રમશઃ રજૂ કરેલ છે.

## 5.2 તારણો

પ્રસ્તુત અભ્યાસમાં અભિપ્રાયાવલિઓ દ્વારા એકત્ર કરેલ માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કર્યા બાદ આ મુજબના તારણો તારવવામાં આવ્યા હતા.

### 5.2.1 શિક્ષકોના અભિપ્રયોનાં કરેલ પૃથક્કરણ અને અર્થઘટનને આધારે તારણો

- પ્રસ્તુત સંશોધનમાં શિક્ષકોની અભિપ્રાયાવલિ દ્વારા એકત્ર કરેલ માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કર્યા બાદ નીચે મુજબનાં તારણો તારવવામાં આવ્યા હતા.

#### 5.2.1.1 તાલીમની સમયાવધિ

- તાલીમનો સમય તથા તાલીમ લેવાના દિવસો યોગ્ય હોય છે.
- તાલીમ દર વર્ષે મળવી જોઇએ એવું શિક્ષકો માને છે.

#### 5.2.1.2 તાલીમનું સ્થળ અને વ્યવસ્થા

- તાલીમનું સ્થળ બધા શિક્ષકોને અનુકૂળ હોય તે રીતે પસંદ કરવામાં આવે છે.

#### 5.2.1.3 તજજ્ઞીય પાસા

- તજજ્ઞો નિષ્ણાંત અને સુસજ્જ હોય છે તથા તેઓ ઉત્સાહપૂર્વક તાલીમ આપે છે.

#### 5.2.1.4 તાલીમી કાર્યક્રમ

- તાલીમી કાર્યક્રમોમાં શિક્ષકો ઉત્સાહપૂર્વક ભાગ લે છે.
- તાલીમની શરૂયાતમાં પ્રિ-ટેસ્ટ અને અંતે પોસ્ટ ટેસ્ટ લેવી જોઇએ.
- તાલીમ દરમિયાન શૈક્ષણિક પર્યટનનું આયોજન થવું જોઇએ.

### 5.2.1.5 તાલીમના ફાયદાઓ

- તાલીમમાં શિક્ષકોને પોતાના મૌલીક અને સર્જનાત્મક વિચારો રજૂ કરવાનો મોકો મળે છે.તાલીમ કાર્યક્રમથી શિક્ષકો શિક્ષણના નવા પ્રવાહોથી વાકેફ થાય છે અને અધ્યાપન પધ્ધતિ અંગેની નવી દિશાઓ જાણવા મળે છે.
- તાલીમથી શિક્ષકોની કાર્યક્ષમતા વધે છે.
- તાલીમ દરમિયાન અન્ય શિક્ષકોની સાથે મળવાનું થતા વિચારોના આદાન-પ્રદાન થાય છે અને વર્ગકાર્યની સમસ્યાઓ હલ થઇ શકે છે.
- તાલીમમાં વિષયના અઘરા મુદ્દાઓનું સરલીકરણ કરવાની જાણકારી મળતા અધ્યાપન કાર્ય સરળ બને છે.
- તાલીમ શાળાના નિયમિત શિક્ષણને માઠી અસર પહોંચાડતી નથી.

### 5.2.1.6 વિષયવસ્તુની અસરકારકતા

### અધ્યાપનીય વિષયને અનુલક્ષીને

- વિષયવસ્તુનું ઊંડાણપૂર્વક જ્ઞાન મળે છે.
- વિષયને રસપ્રદ શિખવવાની આવડત વિક્સે છે.

### શૈક્ષણિક પધ્ધતિઓને અનુલક્ષીને

- તાલીમથી નૂતન શૈક્ષણિક પધ્ધતિઓથી માહિતગાર થવાય છે.
- શૈક્ષણિક પધ્ધતિઓના વિનિયોગ દ્વારા વર્ગશિક્ષણ રસપ્રદ બનાવી શકાય છે.

### શૈક્ષણિક પ્રવૃતિઓને અનુલક્ષીને

- શાળામાં સાંસ્કૃતિક પ્રવૃતિઓનું સંચાલન કરવાની ક્ષમતા વિક્સે છે.

### વ્યાવસાયિક સજ્જતાને અનુલક્ષીને

- શિક્ષકના વ્યવસાય પ્રત્યેનું ગૌરવ વધે છે.
- વ્યવસાયિક સજ્જતાનાં વિકાસ માટે યોગ્ય માર્ગદર્શન મળે છે.

### 5.2.2 આચાર્યોના અભિપ્રાયોના કરેલ પૃથક્કરણ અને અર્થઘટનને આધારે તારણો

- તાલીમ લઇને આવ્યા પછી શિક્ષકો મળેલ તાલીમનો વર્ગશિક્ષણમાં ઉપયોગ કરે છે.
- તાલીમ દર વર્ષે મળવી જોઇએ.
- તાલીમની તારીખ અને સ્થળની સમયસર જાણ કરવામાં આવે છે.
- તાલીમથી શિક્ષકોની કાર્યક્ષમતા વિક્સે છે અને શિક્ષણના નવા પ્રવાહોથી વાકેફ બને છે.

### 5.2.3 આયોજકોના અભિપ્રયોના કરેલ પૃથક્કરણ અને અર્થઘટનને આધારે તારણો

- તાલીમના સ્થળની ગોઠવણીમાં મુશ્કેલી પડતી નથી.
- તાલીમમાં બધા શિક્ષકો હાજરી આપે છે.
- તાલીમ આપનાર તજજ્ઞો પૂરતી તૈયારી સાથે તાલીમ આપે છે.
- તાલીમ દર વર્ષે આપવી જોઇએ.

## 5.3 શૈક્ષણિક ફલિતાર્થો

પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા અંતર્ગત સેવાકાલીન તાલીમ કાર્યક્રમ હાથ ધરાય છે.આવા હાથ ધરેલ અભ્યાસના શૈક્ષણિક ફલિતાર્થો નીચે મુજબ છે.

આ અભ્યાસમાં પ્રાથમિક શિક્ષકોના અભિપ્રાયો હકારાત્મક જોવા મળ્યા હતા.જેથી કહી શકાય કે આ તાલીમ કાર્યક્રમનો મુખ્ય હેતુ પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા અને શિક્ષકોની વ્યાવસાયિક સજ્જતા લાવવા અંગેનો છે.જે આ તાલીમી કાર્યક્રમો દ્વારા સફળ થાય છે.તેવું અભ્યાસ દ્વારા કહી શકાય.

## 5.4 ભાવિ સંશોધન અંગેની ભલામણ

પ્રસ્તુત અભ્યાસ થયેલ અનુભવોને આધારે સંશોધકે ભવિષ્યમાં હાથ ધરી શકાય તેવા સંશોધનો અંગે ભલામણો રજૂ કરેલ છે.

પ્રસ્તુત અભ્યાસમાં પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાને પસંદ કરવામાં આવ્યો હતો. તે જ પ્રમાણે અન્ય જિલ્લાઓમાં આ પ્રકારનો અભ્યાસ હાથ ધરી શકાય.

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક શાળાના શિક્ષકો પસંદ કરવામાં આવ્યા હતા.તે જ મુજબ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોના સેવાકાલીન તાલીમ કાર્યક્રમો પ્રત્યેના અભિપ્રાયોનો

અભ્યાસ હાથ ધરી શકાય.

સેવાકાલીન તાલીમ પમેલા અને બિનતાલીમી શિક્ષકોના શિક્ષણકાર્યનો તુલનાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.

સેવાકાલીન તાલીમી કાર્યક્રમોની પ્રવૃતિઓની બાળકોની શૈક્ષણિક સિદ્ધિ પર કેવી અસર થાય છે. તેને લગતો અભ્યાસ હાથ ધરી શકાય.

## ઉપસંહાર

પ્રસ્તુત અભ્યાસ પરથી કહી શકાય કે સેવાકાલીન તાલીમનો મુખ્ય હેતુ પ્રાથમિક શિક્ષણની ગુણવતા સુધારણા અને શિક્ષકોની વ્યાવસાયિક સજજતા લાવવા અંગેનો છે. જે આ કાર્યક્રમો દ્વારા સફળ થાય છે.

# સંદર્ભ સૂચિ


● આચાર્ય મોહિની, (2009). શિક્ષક શિક્ષણ(દ્વિતીય આવૃતિ) અક્ષર પબ્લિકેશન, અમદાવાદ.

● બોરીસાગર, રતિલાલ (2002). માધ્યમિક શિક્ષણ અને પરિક્ષણ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

● ભટ્ટ મૂળશંકર, 1962). શિક્ષકની નિષ્ઠા અને દ્રષ્ટિ(પ્રથમ આવૃત્તિ), સંસ્કાર સાહિત્ય મંદિર, અમદાવાદ પ્રકાશક, અમદાવાદ

● દેસાઇ ધીરજભાઇ, (2010). સફળ શિક્ષક, ચામુંડા પ્રેસ, સોનગઢ

● દેસાઇ કે અને અન્ય, (1994). શૈક્ષણિક પરિભાષા અને વિભાવના(પ્રથમ આવૃતિ), અમદાવાદઃ યુનિવર્સિટી ગ્રંથનિમાર્ણ બોર્ડ, પૃ. 252

● પંચાલ મોહનભાઇ, (1998). શિક્ષક સજ્જતાની દિશામાં(પ્રથમ આવૃત્તિ), નવભારત સાહિત્ય, અમદાવાદ

● પટેલ હરિભાઇ, (1999). 21મી સદીનું શિક્ષણ(પ્રથમ આવૃત્તિ), ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.

● પટેલ બિપીનકુમાર,(2005). વિદ્યામધુ(પ્રથમ આવૃત્તિ), ઝલક પ્રકાશન, સાબરકાંઠા

● પટેલ પુરુષોત્તમ અને અન્ય, (1999). શિક્ષણ વ્યવહાર સંબંધિ ક્ષમતાઓ(પ્રથમ અવૃત્તિ), નીરવ

● ઉચાટ દિનેશચંદ્ર, (1997). સંશોધન સમસ્યા પસંદગીના સૈદ્ધાંતિક અને વ્યવહારુ આધારો(પ્રથમ આવૃત્તિ) પારસ પ્રકાશન, રાજકોટ.

# પરિશિષ્ટ

પ્રાથમિક શાળાના શિક્ષકો માટે યોજવામાં આવતી સેવાકાલી તાલીમ પ્રત્યેના અભિપ્રાયોનો અભયાસ.

માર્ગદર્શક
ડૉ.સુલભા નટરાજ

સંશોધક
વિમલ પટેલ

આદરણીય શ્રી
શિક્ષક ભાઇ/બહેન,

હું વેમેડ કોલેજ,વિ.વિ,નગર અનુસ્નાતક વિભાગમાં એમ.એડ.નો અભ્યાસ કરુ છુ.જેના એક ભાગ રૂપે સંશોધન કાર્ય કરવાનું હોય છે.તે અંતર્ગત સેવાકાલીન તાલીમ અંગેના અભિપ્રાય જાણવા પ્રસ્તુત અભિપ્રાયાવલિ તૈયાર કરેલ છે.જેમાં તાલીમ પ્રત્યેના આપના અભિપ્રાય સ્પસ્ટ કરતા વિધાનો આપેલા છે.દરેક વિધાન બરાબર વાંચી સમજીને દરેક વિધાનની પાસે આપેલ ખાણામાં ખરાની નીશાની કરવાની છે.

આ માહિતીનો ઉદ્દશ ફક્ત સેવાકાલીન કાર્યક્રમો પ્રત્યેના આપના અભિપ્રાયો જાણવાનો છે.આપના વિચાર મુક્ત પણે અને તટસ્થ રીતે રજૂ કરવા નમ્ર વિનંતી. આપે આપેલ માહિતીનો ઉપયોગ ફક્ત સંશોધન પુરતી મર્યાદિત રહેશે.

લિ
આપણી વિશ્વાસુ
વિમલ પટેલ

## *શિક્ષકો માટેની અભિપ્રાયાવલિ*

| સામાન્ય માહિતી | | |
|---|---|---|
| શિક્ષકનું નામઃ ...................................... | | |
| શાળાનું નામઃ ....................................... | | |
| શૈક્ષણિક લાયકાતઃ .................................. | | |
| શૈક્ષણિક અનુભવઃ .................................... | | |
| જાતિયતાઃ | પુરૂષ ( ) | સ્ત્રી ( ) |
| શાળા વિસ્તારઃ | ગ્રામ્ય( ) | શહેરી ( ) |

### વિભાગ–1

### તાલીમનો સમય

| ***વિધાન*** | ***સંપૂર્ણ અસંમત*** | ***અસંમત*** | ***તટસ્થ*** | ***સંમત*** | ***સંપૂર્ણ સંમત*** |
|---|---|---|---|---|---|
| 1.તાલીમનો સમય યોગ્ય હતો. | | | | | |
| 2.તાલીમનો ગાળો વધુ પડતો લાંબો હોય છે. | | | | | |
| 3.તાલીમ દર વર્ષે મળવી જોઇએ. | | | | | |
| 4.તાલીમ જ્યારે અભ્યાસક્રમ બદલાય તે અનુસંધાનમાં જ મળવી જોઇએ. | | | | | |
| 5.તાલીમનો ગાળો લાંબો હોવાથી કંટાળા જનક બને છે. | | | | | |

## વિભાગ-2

## તાલીમનું સ્થળ અને વ્યવસ્થા

| *વિધાન* | *સંપૂર્ણ અસંમત* | *અસંમત* | *તટસ્થ* | *સંમત* | *સંપૂર્ણ સંમત* |
|---|---|---|---|---|---|
| 1.તાલીમનુ સ્થળ બધા શિક્ષકોને આવવા જવા માટે અનુકૂળ હોય તે રીતે પસંદ કરવામાં આવે છે. | | | | | |
| 2.તાલીમ જુદા-જુદા સ્થળે ગોઠવાવી જોઇએ કે જેથી નવી-નવી સંસ્થાઓથી પરિચિત થવાનો મોકો મળે. | | | | | |
| 3.15 એક વર્ષથી વધુ અનુભવી શિક્ષકોને તાલીમમાંથી મુક્ત રાખવા જોઇએ. | | | | | |
| 4.તાલીમ દરમિયાન આપવામાં આવતું ભોજન યોગ્ય હોય છે. | | | | | |
| 5.તાલીમ માટે પસંદ કરેલ સ્થળ પર પુરતી સુવિધા હોય છે. | | | | | |

## વિભાગ-૩

## તજજ્ઞી પાસા

| *વિધાન* | *સંપૂર્ણ અસંમત* | *અસંમત* | *તટસ્થ* | *સંમત* | *સંપૂર્ણ સંમત* |
|---|---|---|---|---|---|
| 1.તાલીમ યોગ્ય નિષ્ણાતો દ્વારા અપાય છે. | | | | | |
| 2.તજજ્ઞો ઉત્સાહ પૂર્વક તાલીમ આપે છે. | | | | | |
| 3.તાલીમ આપનાર તજજ્ઞો તાલીમ આપવા માટે સુસજ્જ (યોગ્ય)હોય છે. | | | | | |
| 4.તજજ્ઞો દ્વારા અપાતા વ્યખ્યાનો સમજવા અઘરા લાગે છે. | | | | | |

વિભાગ-4

## *તાલીમ કાર્યક્રમ*

| *વિધાન* | *સંપૂર્ણ અસંમત* | *અસંમત* | *તટસ્થ* | *સંમત* | *સંપૂર્ણ સંમત* |
|---|---|---|---|---|---|
| 1. તાલીમમાં વિવિધ શિક્ષણ પધ્ધતિઓનો સમાવેશ કરવામાં આવે છે. | | | | | |
| 2. તાલીમ કાર્યક્રમોમાં શિક્ષકો ઉત્સાહપૂર્વક ભાગ લે છે. | | | | | |
| 3. તાલીમ દરમિયાન બિનજરૂરી કામ આપવામાં આવે છે. | | | | | |
| 4. તાલીમની શરૂઆતમાં અને અંતે ટેસ્ટ લેવી જરૂરી છે. | | | | | |
| 5. તાલીમ દરમિયાન શૈક્ષણિક પર્યટનનુ આયોજન થવુ જોઇએ. | | | | | |
| 6. તાલીમ કાર્યક્રમોના આયોજન પ્રમાણે તેનો અમલ થાય છે. | | | | | |

વિભાગ-5

## *તાલીમના ફાયદા*

| *વિધાન* | *સંપૂર્ણ અસંમત* | *અસંમત* | *તટસ્થ* | *સંમત* | *સંપૂર્ણ સંમત* |
|---|---|---|---|---|---|
| 1. તાલીમમાં શિક્ષકોને પોતાના મૌલીક અને સર્જનાત્મક વિચારો રજૂ કરવાનો મોકો મળે છે. | | | | | |
| 2. તાલીમ કાર્યક્રમોથી શિક્ષક શિક્ષણના નવા પ્રવાહોથી વાકેફ થાય છે. | | | | | |
| 3. તાલીમ કાર્યક્રમોથી અધ્યાપન પધ્ધતિ અંગેની નવી દિશાઓ જાણવા મળે છે. | | | | | |
| 4. તાલીમથી શિક્ષકોની કાર્યક્ષમતા વિકસે છે. | | | | | |
| 5. તાલીમ દરમિયાન અન્ય શિક્ષકો સાથે મળવાનું થતા વિચારોનુ આદાન-પ્રદાન થાય છે. | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 6. વર્ગકાર્યની સમસ્યાઓ તાલીમ કાર્યક્રમો દ્વારા હલ થઇ શકે છે. | | | | | |
| 7. તાલીમના કારણે શિક્ષકો સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરતા થાય છે. | | | | | |
| 8. તાલીમમાં અઘરા મુદ્દાઓનુ સરળીકરણ કરવાનુ શીખવતા અધ્યાપન કાર્ય સરળ બને છે. | | | | | |
| 9. તાલીમ એ શિક્ષકોના સમયનો ખોટો બગાડ છે એવુ લાગે છે. | | | | | |

વિભાગ-6

## ***<u>વિષયવસ્તુની અસરકારકતા</u>***

| ***વિધાન*** | ***સંપૂર્ણ અસંમત*** | ***અસંમત*** | ***તટસ્થ*** | ***સંમત*** | ***સંપૂર્ણ સંમત*** |
|---|---|---|---|---|---|
| 1. વિષય વસ્તુનું ઉંડાન પૂર્વક જ્ઞાન મળે છે. | | | | | |
| 2. વિષયોને રસપ્રદ રીતે શીખવવાની આવળત વિકસે છે. | | | | | |
| 3. વિષયને અનુરૂપ પ્રોજેક્ટ કાર્ય વિશેની સમજ વિકસે છે. | | | | | |

## ***<u>શૈક્ષણિક પ્રવૃતિયોને અનુલક્ષીને</u>***

| ***વિધાન*** | ***સંપૂર્ણ અસંમત*** | ***અસંમત*** | ***તટસ્થ*** | ***સંમત*** | ***સંપૂર્ણ સંમત*** |
|---|---|---|---|---|---|
| 1. શૈક્ષણિક પ્રવૃતિઓની ગુણવત્તા સુધરે છે. | | | | | |
| 2. શાળામાં સાંસ્કૃતિક પ્રવૃતિઓનુ સંચાલન કરવાની ક્ષમતાનો વિકાસ થાય છે. | | | | | |

## ***શૈક્ષણિક પધ્ધતિઓને અનુલક્ષીને***

| ***વિધાન*** | ***સંપૂર્ણ અસંમત*** | ***અસંમત*** | ***તટસ્થ*** | ***સંમત*** | ***સંપૂર્ણ સંમત*** |
|---|---|---|---|---|---|
| 1. તાલીમથી નૂતન શૈક્ષણિક પધ્ધતિથી માહિતગાર થવાય છે. | | | | | |
| 2. શૈક્ષણિક પધ્ધતિઓના ઉપયોગથી વિષયવસ્તુને સરળતાથી સમજજાવવાની ક્ષમતા વિકસે છે. | | | | | |

## **શૈક્ષણિક ઉપકરણને અનુલક્ષીને**

| ***વિધાન*** | ***સંપૂર્ણ અસંમત*** | ***અસંમત*** | ***તટસ્થ*** | ***સંમત*** | ***સંપૂર્ણ સંમત*** |
|---|---|---|---|---|---|
| 1. જ્ઞાન સાથે ગમ્મત પ્રાપ્ત થાય તેવા ઉપકરણો રચવાની ક્ષમતા વિકસે છે. | | | | | |
| 2. તાલીમ દ્વારા વિષયના એકમને અનુરૂપ ઉપકરણ રચવાની ક્ષમતા વિકસે છે. | | | | | |

## ***શૈક્ષણિક સમસ્યાને અનુલક્ષીને***

| ***વિધાન*** | ***સંપૂર્ણ અસંમત*** | ***અસંમત*** | ***તટસ્થ*** | ***સંમત*** | ***સંપૂર્ણ સંમત*** |
|---|---|---|---|---|---|
| 1. વર્ગ શિક્ષણની વર્તમાન સમસ્યાઓની જાણકારી પ્રાપ્ત થાય છે. | | | | | |
| 2. શૈક્ષણિક સમસ્યાઓ ઉદ્ભવવા પાછળના કારણો જાણી શકાય છે. | | | | | |
| 3. તાલીમથી શાળામાં આવતા વિદ્યાર્થીઓની સ્થગિતતા અટકાવવામાં સફળતા મળે છે. | | | | | |
| 4. તાલીમથી વિદ્યાર્થીઓના શિક્ષણમાં અપવ્યય નિવારણ પ્રયાસોમાં સફળતા મળે છે. | | | | | |

## વ્યવસાયિક સજ્જતાને અનુલક્ષીને

| વિધાન | સંપૂર્ણ અસંમત | અસંમત | તટસ્થ | સંમત | સંપૂર્ણ સંમત |
|---|---|---|---|---|---|
| 1. શિક્ષકના વ્યવસાય પ્રત્યેનુ ગૌરવ વધે છે. | | | | | |
| 2. વ્યવસાયિક નીતિમત્તા વિશેનો ખ્યાલ સ્પસ્ટ થાય છે. | | | | | |
| 3. વ્યવસાયિક પરિપક્વતામાં વૃધ્ધિ થાય છે. | | | | | |

## આચાર્યની અભિપ્રાયાવલિ

| વિધાન | સંપૂર્ણ અસંમત | અસંમત | તટસ્થ | સંમત | સંપૂર્ણ સંમત |
|---|---|---|---|---|---|
| 1. તાલીમ લઇને આવ્યા પછી શિક્ષકો મળેલ તાલીમનો વિષય શિક્ષણમાં ઉપયોગ કરે છે. | | | | | |
| 2. તાલીમમાં શિક્ષકો ઉત્સાહ ભેર જાય છે. | | | | | |
| 3. શિક્ષકો તાલીમમાં જવાના કારણે વર્ગ કાર્યમાં નુકશાન થાય છે. | | | | | |
| 4. તાલીમ દર વર્ષે આપવી જોઇએ. | | | | | |
| 5. તાલીમ અભ્યાસક્રમ બદલાય તે અનુસધાનમાં જ આપવી જોઇએ. | | | | | |
| 6. તાલીમમાં લેવાતી પ્રિ–ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટ બંને લેવાવી જોઇએ. | | | | | |
| 7. તાલીમથી શિક્ષકો શિક્ષણના નવા પ્રવાહોથી વાકેફ થાય છે. | | | | | |
| 8. તાલીમથી શિક્ષકની કાર્યક્ષમતા વિકસે છે. | | | | | |
| 9. તાલીમ એ શિક્ષકના સમયનો ખોટો બગાડ છે. | | | | | |
| 10. તાલીમથી શિક્ષકો હકારાત્મક | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| અભિગમથી કાર્ય કરે છે. | | | | | |
| 11. તાલીમની તારીખ અને સ્થળ સમયસર જાણ કરવામા આવે છે. | | | | | |
| 12. આજે દરેક શિક્ષકે સેવાકાલીન તાલીમમાં ભાગ લેવો જોઇએ. | | | | | |

## ***આયોજકોની અભિપ્રાયાવલિ***

| ***વિધાન*** | ***સંપૂર્ણ અસંમત*** | ***અસંમત*** | ***તટસ્થ*** | ***સંમત*** | ***સંપૂર્ણ સંમત*** |
|---|---|---|---|---|---|
| 1. તાલીમના સ્થળની ગોઠવણીમાં મુશ્કેલી પડે છે. | | | | | |
| 2. તાલીમમાં બધા શિક્ષકો હાજરી આપે છે. | | | | | |
| 3. તાલીમ આપનાર તજજ્ઞો ઉત્સાહભેર તાલીમ આપે છે. | | | | | |
| 4. તાલીમ આપવા માટે જરૂરી બધા જ શૈક્ષણિક સાધનો ઉપલબ્ધ હોય છે. | | | | | |
| 5. તાલીમ દરમિયાન શિક્ષકો શિસ્તને અનુસરે છે. | | | | | |
| 6. તાલીમમાં જરૂરી સંદર્ભ સાહિત્ય આપવામાં આવે છે. | | | | | |
| 7. તાલીમ દરમિયાન શૈક્ષણિક પ્રવાસનું આયોજન થાય છે. | | | | | |
| 8. તાલીમ દર વર્ષે આપવી જોઇએ. | | | | | |
| 9. તાલીમ આપવા માટે નિષ્ણાતો પૂરતી સંખ્યામાં મળી રહે છે. | | | | | |
| 10. સેવાકાલીન તાલીમ કાર્યક્રમો શિક્ષકોને લગતી સમસ્યાઓ પર રચાય છે. | | | | | |
| 11. સેવાકાલીન તાલીમનો હેતુ વર્તમાન પરિસ્થિતિમાં પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવાનો છે. | | | | | |